વર્ષ : ૩૯ ♦ અંક : ૧૨
ડિસેમ્બર - ૨૦૧૫

શ્રદ્ધેય સંતશ્રી આત્માનંદજી પ્રેરિત

Retail Price Rs. 10/- Each

# દિવ્યધ્વનિ

આધ્યાત્મિક મુખપત્ર




**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**
(શ્રી સત્શ્રુત - સેવા - સાધના કેન્દ્ર સંચાલિત)
કોબા ૩૮૨ ૦૦૭. (જિ. ગાંધીનગર, ગુજરાત)
ફોન : (૦૭૯) ૨૩૨૭૬૨૧૯, ૨૩૨૭૬૪૮૩-૮૪ ફેક્સ : (૦૭૯) ૨૩૨૭૬૧૪૨
E-mail : mail@shrimadkoba.org, Web.: www.shrimadkoba.org

# સંસ્થા આયોજિત રાજસ્થાન (ચીતરી-કોટડા)ની ધર્મયાત્રાની તસવીરો
(તા. ૨૩-૧૦-૨૦૧૫ થી તા. ૨૫-૧૦-૨૦૧૫)




પૂ. આચાર્ય શ્રી ગુપ્તિનંદીજી - સસંઘ



સંસ્થાને ધાર્મિક ઉપકરણોની ભેટ આપતા આચાર્યશ્રી



મુખ્યદાતા આદ. શ્રી કુમુદભાઈ મહેતાનું અભિવાદન



બા.બ્ર. શ્રી અલકાબેનના નિવાસસ્થાને યોજાયેલ ભક્તિ (ચીતરી)



બા.બ્ર. શ્રી સુરેશજીના નિવાસસ્થાને ચિત્રપટોની સ્થાપના (કોટડા)



આદ. શ્રી જિતેન્દ્રભાઈના નિવાસસ્થાને ચિત્રપટોની સ્થાપના (કોટડા)



યાત્રિકોની સમૂહ તસવીર

-: પ્રેરક :-
શ્રદ્ધેયશ્રી આત્માનંદજી

-: તંત્રી - સંપાદક :-
શ્રી મિતેશ એ. શાહ

-: સ્વત્વાધિકારી :-
શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર
(શ્રી સત્શ્રુત-સેવા-સાધના કેન્દ્ર સંચાલિત)

-: મુદ્રક-પ્રકાશક :-
ડૉ. શ્રી શર્મિષ્ટાબેન એમ. સોનેજી
ટ્રસ્ટી, શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા

-: પ્રકાશન સ્થળ :-
શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર
કોબા - ૩૮૨ ૦૦૭
ફોન : (૦૭૯) ૨૩૨૭૬૨૧૯
૨૩૨૭૬૪૮૩/૮૪
ફેક્સ : (૦૭૯) ૨૩૨૭૬૧૪૨

-: લવાજમ શ્રેણી :-
ભારતમાં
ત્રિવાર્ષિક રૂ. ૪૦૦
આજીવન રૂ. ૨૦૦૦
પરદેશમાં
By Air Mail
ત્રિ-વાર્ષિક : Rs. 4000
$-80, £-60
આજીવન : Rs. 15000
$-300, £-220

# દિવ્યધ્વનિ

## અનુક્રમણિકા

(૧) શ્રી સદ્‌ગુરુપ્રસાદ ........... શ્રીમદ્ રાજચંદ્રજી ..... ૫
(૨) સમ્યક્‌જ્ઞાનનું મહત્ત્વ ...... પૂ.શ્રી આત્માનંદજી ..... ૬
(૩) મુદિતા અને ઉપેક્ષા ..... ડૉ. કુમારપાળ દેસાઈ .... ૧૦
(૪) સમાધિતંત્ર-અમૃતરસપાન .................. ..................... પ્રા.ચંદાબહેન પંચાલી .... ૧૩
(૫) શ્રી સદ્‌ગૃહસ્થની આચારસંહિતા...પૂજ્ય બહેનશ્રી .... ૧૬
(૬) શ્રી આનંદઘન ચોવીશી...શ્રી અશોકભાઈ શાહ .... ૧૭
(૭) શ્રી ભક્તામર સ્તોત્ર .... શ્રી મહેન્દ્રભાઈ ખંધાર .... ૨૧
(૮) પ્રભુત્વ શક્તિ............શ્રી વલભજી હીરજી .... ૨૪
(૯) સામાયિક વ્રત ........શ્રી નિરુપમાબેન ડગલી .... ૨૫
(૧૦) ગ્રંથ સમાલોચના ........ શ્રી મિતેશભાઈ શાહ .... ૨૬
(૧૧) ઉત્તરાયણનો સંદેશ ...... શ્રી પારુલબેન ગાંધી .... ૨૭
(૧૨) રાજસ્થાન ધર્મયાત્રા..... શ્રી મહેન્દ્રભાઈ ખંધાર .... ૨૯
(૧૩) સમાજ-સંસ્થા દર્શન ............................ ૩૧

**વર્ષ : ૩૯ ડિસેમ્બર, ૨૦૧૫ અંક - ૧૨**

**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**
**(શ્રી સત્શ્રુત-સેવા-સાધના કેન્દ્ર સંચાલિત)**
કોબા - ૩૮૨ ૦૦૭ (જિ. ગાંધીનગર, ગુજરાત)
ફોન : (૦૭૯) ૨૩૨૭૬૨૧૯/૪૮૩/૮૪
ફેક્સ : (૦૭૯) ૨૩૨૭૬૧૪૨
mail@shrimadkoba.org
www.shrimadkoba.org

## લેખકો / ગ્રાહકો / વાચકોને

- ☞ 'દિવ્યધ્વનિ' દર મહિને પ્રગટ થાય છે.
- ☞ કોઈ પણ અંકથી ગ્રાહક થઈ શકાય છે.
- ☞ ત્રણ વર્ષથી ઓછી મુદતનું લવાજમ સ્વીકારવામાં આવતું નથી.
- ☞ ચેક/ડ્રાફ્ટ/એમ.ઓ. **'શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા'**ના નામનો મોકલવો.
- ☞ સહુ સ્વજનો-મિત્રો વધુમાં વધુ ગ્રાહકો નોંધાવીને સહયોગી બને તેવી વિનમ્ર અપેક્ષા છે.
- ☞ ગ્રાહકોએ પત્રવ્યવહારમાં પોતાનો ગ્રાહક નંબર અને પૂરું સરનામું અવશ્ય લખવું. ગ્રાહક નંબર સરનામાની ઉપર લખેલો હોય તે નોંધી રાખવા વિનંતી છે.
- ☞ સરનામામાં ફેરફાર થયાની જાણ તાત્કાલિક કરવા વિનંતી છે.
- ☞ કોઈપણ લેખ સ્વીકારવો કે ન સ્વીકારવો કે ક્રમશઃ લેવો તેનો સંપાદકશ્રીને સંપૂર્ણ અધિકાર રહેશે.
- ☞ લેખકોનાં મંતવ્યો સાથે સંપાદકશ્રીનું સહમત હોવું આવશ્યક નથી.

**: મુદ્રણસ્થાન :**
**ભગવતી ઑફસેટ**
૧૫/સી, બંસીધર ઍસ્ટેટ, બારડોલપુરા,
અમદાવાદ - ૩૮૦ ૦૦૪
ફોન : ૨૨૧૬ ૭૬૦૩



# પ્રાર્થના

હે પરમકૃપાળુદેવ !

અનંતલબ્ધિનિધાન ગુરુ ગૌતમસ્વામીના કેવળજ્ઞાનની પ્રાપ્તિથી પ્રારંભ થતું આ નૂતનવર્ષ અમારા માટે પણ કેટલીયે આશા અને અરમાનો લઈને આવ્યું છે. હંમેશની જેમ અમે પણ "શાલિભદ્રની રિદ્ધિ અને ગૌતમસ્વામીની લબ્ધિ" વગેરેની કામના કરી હતી, પરંતુ ત્યારપછી એક બીજો અનુપમ વિચાર મનમાં આકાર પામ્યો છે, જે જણાવવાની ઇચ્છા રોકી શકાતી નથી.

હે પ્રભુ ! આપના જેવા ધીંગધણી અમને મળ્યા પછી આવી શુભકામનાઓથી શું સંતુષ્ટ થવું ? આપના જેવા સમર્થસ્વામી પાસે તો ઉત્કૃષ્ટ વાંછા જ કરવી જોઈએ ને ? આપના વિદ્યમાનપણામાં આપના ભક્તરત્નોએ આપની કૃપાથી આત્મકલ્યાણ કર્યું હતું. ભલે અત્યારે આપ સદેહે અમારી પાસે નથી, પરંતુ અક્ષરદેહે તો અમારા હૃદયમાં બિરાજમાન છોજ ને ? તેથી અમે આપના બાળકો નમ્રભાવે આપની પાસે આ નૂતનવર્ષે માગીએ છીએ કે – અમને શ્રી લઘુરાજ સ્વામી જેવી અર્પણતા અને સમર્પણતા, શ્રી સોભાગભાઈ જેવી સરળતા અને માર્ગનૈષ્ઠિકતા, શ્રી અંબાલાલભાઈ જેવી બુદ્ધિમત્તા અને વચનપાલનની દૃઢતા તથા શ્રી દેવકરણજી જેવી સમતા અને સહનશીલતા મળો.

અમે આપના ચરણ, શરણ અને વચનોના માધ્યમથી સફળ થઈ શકીએ એવા આશીર્વાદ અને આપની કૃપાદૃષ્ટિ માગીએ છીએ.

"તમે કરુણાના સાગર પ્રભુજી ! બિંદુની અમને આશજી,
પ્યાસ બુઝવજો, કારજ સારજો, સુધાજલનિધિ રાજજી,
સ્વયંસંબુદ્ધ શ્રી રાજજી, હૃદયેશ્વર શ્રી રાજજી,
રાખજો અમારી લાજ આજ, હે વિરલવિભૂતિ રાજજી."


॥ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥

# શ્રી સદ્‌ગુરુપ્રસાદ

## શ્રીમદ્ રાજચંદ્રજી

### પત્રાંક - ૫૨૨

**મુંબઈ, ભા.સુદ ૩, રવિ, ૧૯૫૦**



જીવને જ્ઞાનીપુરુષનું ઓળખાણ થયે તથાપ્રકારે અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ મોળાં પડવાનો પ્રકાર બનવા યોગ્ય છે, કે જેમ બની અનુક્રમે તે પરિક્ષીણપણાને પામે છે. સત્પુરુષનું ઓળખાણ જેમ જેમ જીવને થાય છે, તેમ તેમ મતાભિગ્રહ, દુરાગ્રહતાદિ ભાવ મોળા પડવા લાગે છે, અને પોતાના દોષ જોવા ભણી ચિત્ત વળી આવે છે; વિકથાદિ ભાવમાં નીરસપણું લાગે છે, કે જુગુપ્સા ઉત્પન્ન થાય છે; જીવને અનિત્યાદિ ભાવના ચિંતવવા પ્રત્યે બળવીર્ય સ્ફુરવા વિષે જે પ્રકારે જ્ઞાનીપુરુષ સમીપે સાંભળ્યું છે, તેથી પણ વિશેષ બળવાન પરિણામથી તે પંચવિષયાદિને વિષે અનિત્યાદિ ભાવ દઢ કરે છે. અર્થાત્ સત્પુરુષ મળ્યે આ સત્પુરુષ છે એટલું જાણી, સત્પુરુષને જાણ્યા પ્રથમ જેમ આત્મા પંચવિષયાદિને વિષે રક્ત હતો તેમ રક્ત ત્યારપછી નથી રહેતો, અને અનુક્રમે તે રક્તભાવ મોળો પડે એવા વૈરાગ્યમાં જીવ આવે છે; અથવા સત્પુરુષનો યોગ થયા પછી આત્મજ્ઞાન કંઈ દુર્લભ નથી; તથાપિ સત્પુરુષને વિષે, તેનાં વચનને વિષે, તે વચનના આશયને વિષે, પ્રીતિ ભક્તિ થાય નહીં ત્યાં સુધી આત્મવિચાર પણ જીવમાં ઉદય આવવા યોગ્ય નથી; અને સત્પુરુષનો જીવને યોગ થયો છે, એવું ખરેખર તે જીવને ભાસ્યું છે, એમ પણ કહેવું કઠણ છે.

જીવને સત્પુરુષનો યોગ થયે તો એવી ભાવના થાય કે અત્યાર સુધી જે મારાં પ્રયત્ન કલ્યાણને અર્થે હતાં તે સૌ નિષ્ફળ હતાં, લક્ષ વગરનાં બાણની પેઠે હતાં, પણ હવે સત્પુરુષનો અપૂર્વ યોગ થયો છે, તો મારાં સર્વ સાધન સફળ થવાનો હેતુ છે. લોકપ્રસંગમાં રહીને જે નિષ્ફળ, નિર્લક્ષ સાધન કર્યાં તે પ્રકારે હવે સત્પુરુષને યોગે ન કરતાં જરૂર અંતરાત્મામાં વિચારીને દઢ પરિણામ રાખીને, જીવે આ યોગને, વચનને વિષે જાગૃત થવા યોગ્ય છે, જાગૃત રહેવા યોગ્ય છે; અને તે તે પ્રકાર ભાવી, જીવને દઢ કરવો કે જેથી તેને પ્રાપ્ત જોગ 'અફળ' ન જાય, અને સર્વ પ્રકારે એ જ બળ આત્મામાં વર્ધમાન કરવું, કે આ યોગથી જીવને અપૂર્વ ફળ થવા યોગ્ય છે, તેમાં અંતરાય કરનાર 'હું જાણું છું, એ મારું અભિમાન, કુળધર્મને અને કરતા આવ્યા છીએ તે ક્રિયાને કેમ ત્યાગી શકાય એવો લોકભય, સત્પુરુષની ભક્તિ આદિને વિષે પણ લૌકિકભાવ, અને કદાપિ કોઈ પંચવિષયાકાર એવાં કર્મ જ્ઞાનીને ઉદયમાં દેખી તેવો ભાવ પોતે આરાધવાપણું એ આદિ પ્રકાર છે,' તે જ અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ છે. એ પ્રકાર વિશેષપણે સમજવા યોગ્ય છે; તથાપિ અત્યારે જેટલું બન્યું તેટલું લખ્યું છે.

ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક સમ્યક્ત્વને માટે સંક્ષેપમાં વ્યાખ્યા કહી હતી, તેને અનુસરતી ત્રિભોવનના સ્મરણમાં છે.

જ્યાં જ્યાં આ જીવ જન્મ્યો છે, ભવના પ્રકાર ધારણ કર્યા છે, ત્યાં ત્યાં તથાપ્રકારના અભિમાનપણે વર્ત્યો છે; જે અભિમાન નિવૃત્ત કર્યા સિવાય તે તે દેહનો અને દેહના સંબંધમાં આવતા પદાર્થોનો આ જીવે ત્યાગ કર્યો છે, એટલે હજી સુધી તે જ્ઞાનવિચારે કરી ભાવ ગાળ્યો નથી, અને તે તે પૂર્વસંજ્ઞાઓ હજી એમ ને એમ આ જીવના અભિમાનમાં વર્તી આવે છે, એ જ એને લોક આખાની અધિકરણક્રિયાનો હેતુ કહ્યો છે; જે પણ વિશેષપણે અત્ર લખવાનું બની શક્યું નથી. પત્રાદિ માટે નિયમિતપણા વિષે વિચાર કરીશ.

# સમ્યક્જ્ઞાનનું મહત્ત્વ

**પરમ શ્રદ્ધેય સંતશ્રી આત્માનંદજી**



આગળના અંકમાં આપણે માનવજીવનનું એક અગત્યનું પાસું ભક્તિ-શ્રદ્ધા-વિશ્વાસનું સ્વરૂપ સમજ્યા. હવે તેવું જ એક બીજું પાસું તે જ્ઞાન-વિવેક-સાચી સમજણ છે, જેનું ઉદ્‌ગમસ્થાન મગજ માનવામાં આવે છે. આજે આપણે તેની વિશેષ વિચારણા કરીશું.

જે જ્ઞાનનો આપણે વિચાર કરવા માગીએ છીએ, અનુસરવા, સાક્ષાત્કાર કરવા માગીએ છીએ તે જ્ઞાન તો આત્મજ્ઞાન છે - નિજસ્વરૂપનું જ્ઞાન છે. દુનિયામાં જ્ઞાન વિષે ઘણી ભ્રાંતિઓ વર્તે છે. તેને આપણે દૂર કરી શકવાના નથી, પણ આપણે સાચા જ્ઞાનનું સ્વરૂપ જાણીને આપણા જીવનમાંથી તે ભ્રાંતિઓને દૂર કરવાની છે અને તે જ આપણું પ્રયોજન છે. જેને ઘણી ભાષાઓ આવડતી હોય, વ્યાકરણનું જ્ઞાન હોય, જે અનેક પ્રકારના શાસ્ત્રોને બહુ સારી રીતે સમજી અને સમજાવી શકતા હોય, જેમની પાસે ઘણી બધી માહિતી હોય તે મનુષ્યને આજે જ્ઞાની માનવામાં આવે છે. આપણા પ્રાચીન પૂર્વાચાર્યોએ જ્ઞાનના બે પ્રકાર કહ્યાં છે - ૧. પરાવિદ્યા અને ૨. અપરાવિદ્યા.

**(૧) અપરાવિદ્યા :** અપરાવિદ્યાને જ અત્યારે દુનિયા જ્ઞાન માને છે. પરાવિદ્યાને તો તેઓ જાણતા જ નથી તથા જાણે તો તેનાથી દૂર જ રહે છે. તેનું મુખ્ય કારણ અનાદિનો વિપરીત અભ્યાસ છે; જેને સંસારાભિમુખપણું કહેવામાં આવે છે. બધાને તે જ જ્ઞાનનો પરિચય છે. અધ્યાત્મ યોગીશ્વર શ્રી કુંદકુંદાચાર્યે પણ કહ્યું છે કે,

"શ્રુત પરિચિત અનુભૂત સર્વને,
કામ ભોગ બંધનની કથા,
પરથી જુદા એકત્વની છે,
પ્રાપ્તિ કેવળ સુલભ ના."

ઈતિહાસ ભૂગોળ, વિજ્ઞાન આદિ બધું જે જાણે છે તથા તે જ્ઞાનનું એટલું માહાત્મ્ય જગતના બુદ્ધિજીવીઓને છે. તેને જાણવામાં આજુબાજુનો સમાજ તથા સરકાર પણ તેને મદદ કરે છે. આ યુગમાં શબ્દજ્ઞાનને જ જ્ઞાન માનવામાં આવે છે. ૧૦૦ વર્ષ પહેલા આપણી પ્રાચીન શિક્ષણપદ્ધતિ બદલીને અંગ્રેજોએ નવી શિક્ષણપદ્ધતિ દાખલ કરી; જેના પરિણામે આપણે ઈ.સ. ૧૯૪૭માં બહારથી તો સ્વતંત્ર બન્યા પણ અંદરથી તો હજુ સુધી સ્વતંત્ર બની શક્યા નથી. આપણા શિક્ષણમાં કોરી માહિતી જ રહી છે. માહિતી ખૂબ ભેગી કરવી અને બીજાને જણાવવી તેને જ જ્ઞાન માનવામાં આવે છે અને તેને લીધે કેળવણી તો વધી, ભણતર વધ્યું પણ ગણતર થયું નથી. મગજની શક્તિ તો વધી પણ હૃદય સંકીર્ણ થઈ ગયું. શિક્ષણ ઘણું વધ્યું, પણ સંસ્કારો ઘટવા લાગ્યા. પહેલાના યુગમાં શિક્ષણનું મુખ્ય કાર્ય મનુષ્યનું સમસ્ત વ્યક્તિત્વ કેળવાય એ હતું. આ બધું જાણીને આપણે આવી શુષ્કતામાંથી બહાર નીકળવું તથા વિચાર કરવો કે શિક્ષણ સાથે સંસ્કાર આપે, જીવનનો સર્વાંગી વિકાસ કરે તેને જ્ઞાન જાણવું. આવું જ્ઞાન નજીકના સમયમાં થઈ ગયેલા ઘણા મહાપુરુષોમાં હતું. તે ભલે મોરારજી દેસાઈ કે લાલ બહાદુર શાસ્ત્રી હોય કે એસ. રાધાકૃષ્ણન

હોય કે ડૉ. રાજેન્દ્ર પ્રસાદ હોય કે સંત વિનોબા કે મહાત્મા ગાંધીજી હોય. જે શિક્ષણ મનુષ્યને માનવ બનાવે નહિ તે શિક્ષણ નથી - જ્ઞાન નથી. તેવું કોરું જ્ઞાન કે જે આપણા જીવનનો વિકાસ ન કરે તેવું જ્ઞાન આપણે ગ્રહણ કરવું નહીં. હવે, આપણે પરાવિદ્યા વિષે વિચારીશું.

**(૨) પરાવિદ્યા :** પરમતત્ત્વને પામવા માટેની અલૌકિક, આધ્યાત્મિક વિદ્યા એટલે પરાવિદ્યા. અત્યારે દેશકાળ વિપરીત છે, પરંતુ આ કાળમાં જેટલું તે પરમતત્ત્વનું જ્ઞાન પ્રાપ્ત કરવું જેટલું સંભવ છે તેટલું પ્રાપ્ત કરવું અને બાકીના થોડા ભવોમાં તેને પૂર્ણ પ્રાપ્ત કરવું. મહાપુરુષો તો પરમાર્થ દૃષ્ટિએ શાસ્ત્રજ્ઞાનને પણ જ્ઞાન કહેતા નથી, પરંતુ તે શાસ્ત્રજ્ઞાન જો આત્મા પ્રત્યે લઈ જાય, ચૈતન્ય પ્રત્યે લઈ જાય તો તે જ્ઞાન કથંચિત્ ઉપયોગી છે.

● **જ્ઞાનની ઉપાસના (આરાધના) :**

"છે દેહાદિથી ભિન્ન આતમા રે,
ઉપયોગી સદા અવિનાશ; મૂળ,
તેમ જાણે સદ્‌ગુરુ ઉપદેશથી રે,
કહ્યું જ્ઞાન તેનું નામ ખાસ. મૂળ."

આ વિશ્વમાં મૂળ બે તત્ત્વો છે. (૧) જેનામાં જાણવાની શક્તિ છે તે જીવ. શાશ્વત આનંદ તે તત્ત્વમાં જ છે. જે જાણનાર છે તે જ મ્હાણનાર છે. અજ્ઞાનથી વિપરીત જાણે છે એટલે દુઃખી છે. સત્યજ્ઞાન અનુભવથી જો સ્વરૂપને જાણે તો પરમાત્મતત્ત્વ જે અંતરમાં જ નિહિત છે - ઢંકાયેલું છે તે પ્રગટે છે. તે પહેલું તત્ત્વ તે ચૈતન્ય આત્માતત્ત્વ અને (૨) બીજું તત્ત્વ તે આપણને જે કાંઈ દેખાય છે, અનુભવાય છે તે બધુંય સ્પર્શ, રસ, ગંધ, વર્ણ જેવા ગુણોથી યુક્ત તે જડતત્ત્વ છે, પુદ્‌ગલ-અજીવ તત્ત્વ છે કે જેમાં આપણે મુંઝાઈ ગયા છીએ અને તેને જ પોતાનું સ્વરૂપ માનીએ છીએ માટે આ દુઃખની પરંપરા ચાલુ રહે છે. પરમતત્ત્વજ્ઞ શ્રીમદ્ રાજચંદ્રજીએ પણ અમૂલ્ય તત્ત્વવિચારમાં કહ્યું છે,

"પરવસ્તુમાં નહિ મૂંઝવો, એની દયા મુજને રહી,
એ ત્યાગવા સિદ્ધાંત કે પશ્ચાત્ દુઃખ તે સુખ નહીં."

આમ, સ્વ અને પર, ચેતન અને જડ તે બંનેને યથાર્થ જાણવાં, માનવાં અને અનુભવવાં તેનું નામ જ સાચું જ્ઞાન છે. તે જ્ઞાન પામવાનું છે. તેને જાણ્યા બાદ કાંઈ જાણવાનું કે પામવાનું બાકી રહી જતું નથી. પરમતત્ત્વજ્ઞ શ્રીમદ્ રાજચંદ્રજીએ પણ કહ્યું છે કે

"જબ જાન્યો નિજરૂપ કો, તબ જાન્યો સબ લોક;
નહિ જાન્યો નિજરૂપ કો, સબ જાન્યો સો ફોક."

'છે દેહાદિથી ભિન્ન આતમા રે' એટલે જે દેખાય છે તે ભિન્ન છે અને તે જડ તત્ત્વ છે તથા જે દેખે છે તે ચેતન છે. 'ઉપયોગી સદા અવિનાશ.' ઉપયોગી એટલે જાણનાર - દેખનાર, જે તેનો સ્વભાવ છે અને તેનો સ્વીકાર બધા આર્યદર્શનો કરે છે. તમે ઊંઘી જાઓ ત્યારે જે સ્વપ્ન આવે છે તેને જોનાર કોણ છે ? માટે સર્વથા આત્મા ઊંઘી જતો નથી. તેના ઉપર આવરણ આવી જાય છે. સદા અવિનાશ એટલે તે હંમેશાં રહે છે. વ્યવહારથી એમ કહેવાય છે કે હું ૩૦-૪૦ વર્ષનો થયો પણ તેતો આ દેહની ઉંમર છે, આત્માની નહીં. જડ - ચેતન વિવેકમાં પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્રજીએ પણ કહ્યું છે કે,

"જીવની ઉત્પત્તિ અને રોગ શોક દુઃખ મૃત્યુ;
દેહનો સ્વભાવ જીવ પદમાં જણાય છે,
એવો જે અનાદિ એકરૂપનો મિથ્યાત્વભાવ;
જ્ઞાનીના વચન વડે દૂર થઈ જાય છે."

'એમ જાણે સદ્‌ગુરુ ઉપદેશથી રે.' આ કડી જરા માર્મિક છે. કારણ કે અત્યારે બધા એમ માને

છે કે ગુરુની શી જરૂર છે ? આપણે તો જાતે જ બધા શાસ્ત્રો વાંચીશું અને જ્ઞાની થઈ જઈશું ! શાસ્ત્રનો સ્વાધ્યાય કરવો તે સારો છે, સદ્‌વાંચન કરવું તે સારું છે પરંતુ તે શ્રેષ્ઠ નથી. જે જ્ઞાન ગુરુમુખથી - પ્રત્યક્ષ સમાગમથી મળે તે આપણને કોઈ પણ શાસ્ત્રમાંથી મળે નહીં કારણ કે મોક્ષનો માર્ગ ભલે શાસ્ત્રોમાં કહ્યો છે પણ તેનો મર્મ તો જ્ઞાનીપુરુષના હૃદયમાં છે. જો કોઈ એમ કહે કે શાસ્ત્રોમાં જે કાંઈ પણ લખ્યું છે તે જ તો જ્ઞાનીપુરુષ કહેવાના છે તો તે બંનેમાં અંતર શું છે ? તો ભાઈ, જ્ઞાનીપુરુષોની વાણી તેમના આત્મપ્રદેશોમાંથી આવે છે કે જે આત્મા ઉપરથી મોહનું પડળ ઉતરી ગયું છે અને તે જ તેની વિશેષતા છે. શાસ્ત્રોનું જ્ઞાન તે જીવંત ચૈતન્ય પ્રદેશોમાંથી આવતું નથી. શાસ્ત્ર પૂજનીય છે પણ પોતે જીવંત નથી. બીજા બધા જ્ઞાન કરતાં આ જ્ઞાન ખાસ છે કારણ કે તે પ્રયોજનભૂત પાયારૂપ જ્ઞાન આત્મજ્ઞાન તરફ લઈ જનારું છે. તે જ્ઞાન સિદ્ધાંતપદ્ધતિ અને અધ્યાત્મ-પદ્ધતિનો સમન્વય કરે છે. આપણે આ જ્ઞાનને માત્ર જાણવાનું નથી, પરંતુ પામવાનું છે. જોકે આ જ્ઞાનની પ્રાપ્તિ ધીમે ધીમે થાય છે.આ કાંઈ શારીરિક પુરુષાર્થથી પ્રાપ્ત થતું નથી કે આ તલવાર લીધી અને ફટ દઈને એક જ ઝાટકે મોહના બે ટુકડા કરી દીધા. આત્મા સંસારી અવસ્થામાં મોહથી આવરિત થયેલો છે અને તે મોહ ખૂબ બળવાન છે. કોઈ મોટું મશીન હોય અને ૨૦ વર્ષથી તેને વાપર્યું ન હોય તો તેના પર કેટલો કાટ લાગીને જામ થઈ જાય. તેને ફરી ચાલુ કરવા માટે તેના ઉપર ઘણો બધો ગ્રીઝ લગાડવો પડે, પેટ્રોલ તથા કેરોસીનથી તેને ધોવું પડે, તેમાં કેટલા બોલ્ટ તથા સાધનો બદલવાં પડે અને પછી થોડો સમય એને ચાલુ રાખવું પડે અને તે બરાબર કામ કરતું થઈ જાય પછી તેને વાપરવામાં આવે છે. તેમ આત્મા પર અનાદિકાળના કુસંસ્કારોનો કાટ જામી ગયો છે. મહાવીર ભગવાન કહે છે કે જેટલો - જેટલો મોહનો નાશ થાય તેટલું તેટલું આત્મજ્ઞાન પ્રાપ્ત થાય છે. પરમાર્થ મોક્ષમાર્ગ તે દુનિયાનું સર્વોત્કૃષ્ટ પદ છે. તેની પ્રાપ્તિ નિશ્ચયથી પોતાના પુરુષાર્થ દ્વારા જ થાય છે. તેમાં પ્રેરક તરીકે, માર્ગદર્શક તરીકે, સૂક્ષ્મ રહસ્યો સમજાવનાર તરીકે, અગમ-અગોચર-અલખ - નિરંજન - નિરાકાર અને કદી ન અભ્યાસેલું એવું જે ચૈતન્ય તત્ત્વ તેને સમજાવનાર, તેના રહસ્યોને પામવા માટે શું શું કરવું, કેવી રીતે કરવું, તે બતાવનાર પ્રત્યક્ષ સત્પુરુષ છે. પરંતુ કામ તો પોતે જ કરવાનું છે. ઉપાદાન જ્યાં જેમ છે તેમ છે જ અને નિમિત્ત જ્યાં જેમ છે ત્યાં છે જ. વર્તમાનકાળમાં તત્ત્વની સિદ્ધિ દેખાતી નથી તેનું મુખ્ય કારણ કષાયની તીવ્રતા હોવાને લીધે એક પક્ષ પકડાઈ જાય છે. અધ્યાત્મ યોગીશ્વર શ્રી કુંદકુંદાચાર્ય કહે છે કે, ''નય પક્ષ સકળ રહિત ભાખ્યો, તે સમયનો સાર છે.''

તમારી દુનિયામાં પણ ઘણા નિષ્પક્ષ વ્યક્તિ હોય તે સુપ્રીમકોર્ટના જજ બને છે, તો પછી ત્રણ લોકના નાથ કેટલા નિષ્પક્ષ હશે તે કહેવાની જરૂર નથી. હવે, તમને જો એમ પ્રશ્ન થાય કે અમને જ્ઞાન થયું છે કે નહિ તેની ખબર કેવી રીતે પડે ? તો સંતો કહે છે કે, ''તેના નેણ ને વેણ બદલાય, હરિરસ પીજીએ.''

તેમની આંખો બદલાઈ જતી નથી પણ તેમની આંખમાંથી વિકાર નીકળી જાય છે, વિભાવ નીકળી જાય છે તેથી તેઓ પ્રાણીમાત્રને આત્મારૂપ જાણે છે. તેથી નોકર, રસોઈયા, ડ્રાઈવર, કીડી, મંકોડા આ સર્વેને આત્મારૂપે જોવે છે અને ત્યારે તે સાધના સમસ્ત વ્યક્તિત્વનું Total, inner, Sub-lime, transformation થઈ જાય છે. આવું પરિવર્તન કેવી રીતે થાય છે તેની આપણે વિચારણા

કરીશું કે જેથી પોતે પોતાની પરીક્ષા કરી શકે તથા જો વિશેષ ઉત્તમ મુમુક્ષુ હોય તો બીજાની પણ પરીક્ષા કરી શકે. પરમ તત્ત્વજ્ઞ શ્રીમદ્ રાજચંદ્રજીએ 'ઉપદેશ છાયા-૧૨'માં જ્ઞાન વિષે કહ્યું છે કે,

"જ્ઞાન તો તે કે જેનાથી બાહ્યવૃત્તિઓ રોકાય છે, સંસાર પરથી ખરેખરી પ્રીતિ ઘટે છે, સાચાને સાચું જાણે છે. જેનાથી આત્મામાં ગુણ પ્રગટે તે જ્ઞાન."

**(૧) જેનાથી બાહ્યવૃત્તિઓ રોકાય છે :** જો સાચું જ્ઞાન થયું હોય તો ચિત્તવૃત્તિ દુનિયાના પદાર્થોમાં ચોંટે નહીં, લલચાય નહીં, આસક્ત થાય નહીં કારણ કે તે પોતાની માલિકીનું છે અને તે જ્ઞાન પોતાના માલિકની એટલે કે આત્માની રક્ષા કરે છે.એટલે જ્યારે કોઈપણ બનાવ બને તેમાં તરત જ હાજર થઈ જાય છે કે આમાં મારું શું છે ? "જો મેરા હૈ વો જાવે નહિ અને જો જાવે સો મેરા નહિ." ઇસલિયે ઇસ વિશ્વમેં મેરે આત્મા કે સિવા મેરા કુછ ભી નહીં હૈ ઔર કુછ હોગા ભી નહીં. એટલે જ વચનામૃત પત્રાંક-૧૦૮માં જીવનો મુખ્ય દોષ બતાવતા પરમતત્ત્વજ્ઞ શ્રીમદ્ રાજચંદ્રજી કહે છે,

"તારો દોષ એટલો જ કે અન્યને પોતાનું માનવું, પોતે પોતાને ભૂલી જવું."

માટે જ્ઞાની આ વિશ્વની કોઈપણ વસ્તુ જુએ તેમાં અંજાઈ જતાં નથી. જો જગતની વસ્તુ સારી લાગે નહીં તો વૃત્તિ બાહ્યમાં જતી નથી કારણ કે 'સુરતા'ની દોરી હવે તેના હાથમાં આવી ગઈ છે, જેના ફળરૂપે હવે તેમને -

**(૨ + ૩) સંસાર પરથી ખરેખરી પ્રીતિ ઘટે છે, સાચાને સાચું જાણે :** જ્ઞાન અને વૈરાગ્ય તે એક જ સિક્કાની બે બાજુઓ છે. વસ્તુ તો એની એ જ છે પરંતુ પ્રયોગ કરવા માટે બંનેનો જુદો અભ્યાસ કરવો પડે છે. પ્રીતિનું મુખ્ય પાત્ર અંદરમાં આવી ગયું, દેખાઈ ગયું, જણાઈ ગયું એટલે વૃત્તિ વારંવાર ત્યાં જ જાય છે. ખરેખર સંસાર તો જીવની પરિણતિમાં જ છે. ૨૪ પ્રકારના પરિગ્રહ રૂપ સંસાર છે તેના પરથી ભેદજ્ઞાનપૂર્વક પ્રીતિ ઘટે છે.

**(૪) જેનાથી આત્મામાં ગુણ પ્રગટે તે જ્ઞાન :** આત્મામાં રહેલા અનંતગુણો જ્યારે અંશે પ્રગટી જાય તે જ અચિંત્ય આત્મજ્ઞાન છે. જ્ઞાની હોય અને ઘડીએ - ઘડીએ ક્રોધ થાય તો તે જ્ઞાની નથી. ઉત્તમ ક્ષમા-માર્દવ-આર્જવ-સત્ય-શૌચ-સંયમ-તપ-ત્યાગ-આંકિચન્ય-બ્રહ્મચર્ય આ બધું આત્માનું સ્વરૂપ છે. આમાંથી જેટલા જેટલા ગુણો પ્રગટે તેટલું તેટલું જ્ઞાન પ્રગટે. આવા બધા ગુણો-ભાવો જ્ઞાનીના અંતરમાં હંમેશાં જાગ્રત રહે છે અને તેથી તેઓ હંમેશાં અંતરની મસ્તીમાં રહે છે.

"જ્ઞાની કે અજ્ઞાની જન, સુખ દુઃખ રહિત ન કોય;
જ્ઞાની વેદે ધૈર્યથી, અજ્ઞાની વેદે રોય."

આમ, જ્ઞાનના સ્વરૂપને જાણીને અજ્ઞાનને દૂર કરવું અને તેના માટે વારંવાર સત્સંગ ભાવપૂર્વક કરવો, વારંવાર સ્વાધ્યાય ભાવપૂર્વક કરવો, વારંવાર સારા વિચાર, પવિત્ર વિચાર, વૈરાગ્ય અને જ્ઞાનના વિચાર કરવાં અને હંમેશાં સદાચારમાં તત્પર રહેવું. આવું બધું આપણે આપણા જીવનમાં કરવું અને ઉત્તમજ્ઞાનની પ્રાપ્તિ કરવી. તેની પ્રાપ્તિ વિના મોક્ષની પ્રાપ્તિ થતી નથી.

"બહુ લોક જ્ઞાન ગુણે રહિત
આ પદ નહીં પામી શકે;
રે ! ગ્રહણ કર તું નિયત
આ જો કર્મ મોક્ષેચ્છા તને."

॥ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥

• • •

પરમનો સ્પર્શ - ૭૨

# મુદિતા અને ઉપેક્ષા

પદ્મશ્રી ડો. કુમારપાળ દેસાઈ

મૈત્રી અને કરુણાની વાત કર્યા બાદ હવે મુદિતાનો વિચાર કરીએ. આ મુદિતાની ભાવના ત્યારે આવે, કે જ્યારે આપણું હૃદય સમગ્ર વિશ્વ સાથે મૈત્રીનો અનુભવ કરતું હોય અને એમાં કરુણાનું ઝરણું વહેતું હોય.

મૈત્રી આપણામાં સમભાવ જગાડે છે અને કરુણા આપણી ભીતરમાં મમભાવ જગાડે છે. સમભાવ એટલે બીજી વ્યક્તિ, પ્રાણી કે પ્રકૃતિ પ્રત્યે સ્નેહભાવ, જ્યારે મમભાવ એટલે બીજાનું દુઃખ, વેદના કે આપત્તિ જોઇને 'મારા જીવનમાં આવું દુઃખ, વેદના કે આપત્તિ આવે, તો મને કેવું થાય ?' તેનો વિચાર કરવો. આ જ કરુણાનું કેન્દ્ર છે તથા મૈત્રી અને કરુણાનો ભાવ જાગ્યા પછી વ્યક્તિમાં મુદિતાનો ભાવ પ્રગટવો જોઈએ.

મુદિતાનો અર્થ આપતાં શાસ્ત્રો દર્શાવે છે કે 'પરસુખ તુષ્ટિ મુદિતા'. બીજાના સુખને જોઇને આપણે આનંદનો અનુભવ કરીએ તે મુદિતા. બીજાની શક્તિ જોઈને આપણને એના પ્રત્યે આદરની લાગણી જાગે તે મુદિતા.

વિદેશમાં કોઈ બાળક સિદ્ધિ મેળવે કે કોઈ કલાકાર સુંદર અભિનય કરે, તો લોકો એને તાળીઓના હર્ષધ્વનિથી વધાવી લેતા હોય છે, એની પ્રશંસા કરતા હોય છે અને એની સિદ્ધિનો મહિમા કરતા હોય છે. આપણે ત્યાં તાળીઓ પર ટેક્ષ હોય એવું ઘણીવાર લાગે છે ! વ્યક્તિ પોતાના આનંદની અનુભૂતિ કોઈ પણ પ્રકારના હર્ષધ્વનિ દ્વારા કરવાને બદલે ચૂપચાપ મૌન બનીને બેસી રહે છે. આપણા દેશમાં એવા ઘણાં કાર્યક્રમો જોયા છે કે જ્યાં કલાકારને કહેવું પડે કે 'જરા તાળીઓ પાડીને અમને પ્રોત્સાહન તો આપો.' જ્યારે વિદેશમાં નાટક પૂર્ણ થયા બાદ પ્રસન્ન થયેલાં બધા જ પ્રેક્ષકો ઊભા થઈને લાંબા સમય સુધી નાટકમાં ભાગ લેનારાઓને તાળીઓથી વધાવતા હોય છે.

આમ, બીજાની સારી વાત જોઈને આનંદ પામવો એ પણ વ્યક્તિની એક આગવી ક્ષમતા છે. એનાથી આપણી દૃષ્ટિ 'પૉઝિટીવ' બને છે અને જીવનમાંથી નકારાત્મકતા ઓછી કરી શકીએ છીએ. કોણ જાણે કેમ, પણ આપણે ત્યાં વ્યક્તિની પ્રશંસાને બદલે નિંદા કરવાનું વલણ વધુ જોવા મળે છે. ગમે તેટલી સારી વ્યક્તિ હોય, તો પણ એની નાની શી ખોડખાપણ કાઢીને નિંદા કરવામાં લોકોને ખૂબ રસ પડે છે. આપણા સંતોએ કેટલા બધા ટીકાકારોનો સામનો કર્યો છે. મહાત્મા ગાંધીજીના ચારિત્ર વિશે આંગળી ઉઠાવનારા પણ એમના જમાનામાં હતા. આમસમાજની વિચારધારામાં નિંદાનું તત્ત્વ પ્રાધાન્ય ભોગવે છે. આને કારણે જ કદાચ આપણે ત્યાં સામાજિક કલહો, કંકાસ, ઝઘડા અને વિસંવાદો વિશેષ રૂપે જોવા મળે છે. નિંદા એ કબૂતર જેવી છે. તમે કબૂતરને ઉડાડો, તો એ પાછું જ્યાં હતું ત્યાં આવી જાય, એવી જ રીતે નિંદા કરનાર પણ અંતે ખુલ્લો પડી જાય છે.

જરા લોકોની દૃષ્ટિનો પણ વિચાર કરો ! એમને પાણીનો અડધો પ્યાલો ખાલી દેખાય છે, અડધો ભરેલો દેખાતો નથી. આ નિંદા જ રામના વનવાસનું કારણ હતી અને આવી નિંદા જ મહાભારતના યુદ્ધના મૂળમાં રહેલી છે.

નિંદાની આ વૃત્તિનું જીવંતરૂપ મંથરામાં જોવા મળે છે. અયોધ્યા નગરીમાં સહુ કોઈને રામ માટે

અપાર પ્રેમ હતો. સહુના હૃદયમાં રામ અયોધ્યાના સિંહાસને બિરાજવાના છે એનો અપાર આનંદ હતો. એક માત્ર કૈકેય દેશથી આવેલી દાસી મંથરાના મનમાં રામ વિશે દુર્ભાવ જાગે છે અને એ નિંદાનું પ્રાગટ્ય તો જુઓ ! રામના રાજ્યાભિષેકની આગલી રાત્રે અયોધ્યાના રાજમહેલ પર દીવાઓ બળતા હતાં એ દીવાઓથી મંથરાનું હૃદય દાઝતું હતું. આ નિંદાની વૃત્તિ કેવી છે ! રામાયણમાં રાવણ મૃત્યુ પામે છે, પણ મંથરાના મૃત્યુનો ઉલ્લેખ નથી.

વ્યક્તિમાં જો મુદિતા એટલે પ્રસન્નતાનો ભાવ જાગે તો એનું જગત સાવ જુદું હોય છે. ઘોર નિરાશામાં પણ એને આશાના કિરણો દેખાશે અને બીજી બાજુ એની મુદિતાને કારણે બીજાનાં છિદ્રો, દોષો ઓછા જોશે અને એથી એ વ્યક્તિ કોઈના સંબંધોની ફાટફૂટનું કારણ નહીં બને. બે મિત્રો વચ્ચે, બે સગાઓ વચ્ચે કે બે કર્મચારીઓ વચ્ચે ફાટફૂટનું કારણ આ નિંદા છે. એ બીજાના દોષને જોઈને હસતો હોય છે, એની ટીકા-ટિપ્પણ કરતો હોય છે અને આ રીતે બીજાના દોષ જોનારી એની વૃત્તિ સ્વદોષદર્શન કરી શકતી નથી. એ તો અવગુણોનો ભંડાર રહે છે અને બીજાના ગુણોની ઉપેક્ષા કરીને માત્ર અન્યના અવગુણને શોધતો રહે છે. સંત કબીરે એના દુહામાં માર્મિક રીતે કહ્યું છે :

**दोष पराये देख कर, चलत हसंत हसंत ।**
**अपने याद न आवई, जिनका आदि न अंत ॥**

બીજાની નિંદા કરનારી વ્યક્તિ સમય જતાં એક પ્રકારની વિકૃતિનો ભોગ બને છે અને ધીરે ધીરે નિંદા એ એની આદત બની જાય છે. એને તમે કોઈપણ વ્યક્તિ વિશે વાત કરો, કોઈ શુભ ઘટનાનું એની સમક્ષ વર્ણન કરો, એની સમક્ષ કોઈ સારો વિચાર પ્રસ્તુત કરો, તો તરત જ એ એની કાળી બાજુ શોધીને રજૂ કરશે. વ્યક્તિની પ્રશંસાને બાજુએ હડસેલીને ભારપૂર્વક એનો અવગુણ કહેશે. શુભ કે મંગલકારી ઘટનામાંથી પણ કોઈ નાનકડો દોષ શોધીને એનું વિસ્તૃત વર્ણન કરશે અને કોઈ સારો વિચાર કહેશો, તો એની સામે અવળો તર્ક રજૂ કરશે.

વ્યક્તિના માનસમાં ધીરે ધીરે એક એવો અભિગમ પેદા થાય છે કે જેમાં એ કોઈને કોઈ રીતે એની સારી નહીં, પણ નરસી બાજુને ઉત્સાહપૂર્વક રજૂ કરતો હશે. આવા નિંદાખોર લોકો સમય જતાં કટુ સ્વભાવવાળા બની જાય છે અને પછી તો સજ્જન પુરુષો એનાથી દૂર રહે છે અને બીજાનું અહિત ઇચ્છનારાઓ આ નિંદાખોરનો સંદર્ભ ટાંકીને એને વધુ ખરાબ ચિતરે છે.

નિંદા એ આવા લોકોને માટે સહજ છે, કારણ કે એમની નજર જ દોષ પર મંડાયેલી હોય છે. આકાશમાં ખૂબ ઊંચે ઊડતું ગીધ જમીન પર પડેલી વિષ્ટાને જોતું હોય છે. આટલું બધે ઊંચું ગયું, પણ જોયું તો આ જ ! જ્યારે વ્યક્તિમાં મુદિતાનો ભાવ જન્મે ત્યારે એ સ્વાભાવિક રીતે જ નિંદાથી દૂર રહે છે. બીજાની એના વિશેની નિંદા સાંભળે, ત્યારે એ વિચારે છે કે આમાંની કોઈ વાત સાચી હો તો એણે સુધરવાની જરૂર છે અને નહીં તો એ નિંદકનાં વચનોને હસી કાઢે છે. મહાભારતના આદિપર્વમાં મહર્ષિ વેદવ્યાસે કહ્યું છે કે 'જે માનવી પોતાની નિંદા સહન કરી શકે છે, તે જગત પર વિજય મેળવી શકે છે' અને આવો વિજય 'પરસુખ તુષ્ટિ' મુદિતાથી આવે છે.

સામાન્ય રીતે આપણે જોઈએ છીએ કે કોઈ વ્યક્તિ પોતે બંધાવેલો વૈભવી બંગલો બીજાને બતાવતો હોય કે અત્યંત મોંઘી કિંમતે ખરીદેલી મોટર દેખાડતો હોય, ત્યારે અન્ય વ્યક્તિના મનમાં એવી ઈર્ષ્યા જાગૃત થતી હોય છે કે આ માનવી

કેવો ફાવી ગયો ! એનામાં આવડત નહોતી, છતાં નસીબે એને કેવી યારી આપી ! આ રીતે એના મનમાં ધીરે ધીરે ઈર્ષ્યાભાવ જાગશે અને એ ઈર્ષ્યાભાવ નિંદા દ્વારા પ્રગટ થશે.

જીવનમાં મુદિતા કેળવવી કઠિન છે એ સાચું, પણ અશક્ય નથી. કોઈ વ્યક્તિ આપણી વિના કારણે ટીકા કરે કે પછી એને કશી હાનિ પહોંચાડી ન હોવા છતાં આપણને હાનિ પહોંચાડે, ત્યારે જરૂર આપણા મનમાં એકવાર તો એવો વિચાર આવે છે કે આવી દુષ્ટ વ્યક્તિને તો સબક શીખવવો જ જોઈએ.

એમાંથી એની નિંદા કરવા મન પ્રેરાય છે અને પછી તો એને શત્રુ માનતું મન એના માત્ર દોષ જ જુએ છે. આવે પ્રસંગે વ્યક્તિની મુદિતાની અગ્નિપરીક્ષા થાય છે. એ બીજાની ક્ષતિઓને હસી કાઢી શકે છે કે નહીં, તે જોવું પડે. મુદિતા વ્યક્તિમાં આનંદ પામવાની ક્ષમતા જોડે છે અને એ એના પ્રસન્ન જીવનનો એક ભાગ બની રહે છે.

આપણે જેને સુખ કહીએ છીએ એ તો બાહ્ય સુખ કે વસ્તુનું સુખ છે. રસગુલ્લા ભાવતા હોય એટલે ચાર-પાંચ ખાઈ જઈએ. બહુ બહુ તો દસેક ખાઈએ, પણ પંદરેક રસગુલ્લા ખાઈએ એટલે સ્વાસ્થ્ય કથળે અને એથીયે વધુ ખાઈએ તો ડૉક્ટરના શરણે જવું પડે. આમ, સુખ માનીને જેનો પ્રારંભ કર્યો હતો, એ સુખ માત્ર થોડા સમય રહ્યું; એ પછી દુઃખમાં પલટાઈ ગયું. જ્યારે સાચું સુખ એ પરસુખ તુષ્ટિથી આવે છે અને સાચી પ્રસન્નતા એ મુદિતાથી મળે છે.

મૈત્રી, કરુણા અને મુદિતા પછી ચોથી વૃત્તિ છે ઉપેક્ષા. આ ઉપેક્ષાનો ભાવ વ્યક્તિની મુદિતાને જાળવે છે. **'પરદોષો ઉપેક્ષેણ ઉપેક્ષા'** એમ કહેવાયું છે. બીજાના દોષોની ઉપેક્ષા કરવાની ઉપેક્ષાવૃત્તિ ધારણ કરવી જોઈએ. મહાત્મા ગાંધીને એમના વિરોધીએ અપશબ્દોથી ભર્યા કાગળો લખીને આપ્યા, ત્યારે એમણે એ કાગળમાં ખોસેલી ટાંકણી કાઢી લીધી અને એનો ઉપયોગ કર્યો. બીજાના દોષોમાંથી પણ સારું જોવાની કેવી સુંદર કલા ! સામાન્ય રીતે વ્યક્તિ બીજાના દોષો વિશે જાહેરમાં કે ખાનગીમાં ટીકા કરતી હોય છે. કેટલીક વ્યક્તિઓ બીજાના દોષ વિશે જાહેરમાં તો બોલતી નથી; પરંતુ બીજા કોઈ એની નિંદા કરે, તો એને રસપૂર્વક સાંભળે છે. એવો દંભ પણ કરે છે કે અમે કોઈની નિંદા કરતા નથી; પરંતુ બીજાનાં નિંદાવચનોથી તેઓ એમની નિંદાવૃત્તિને તૃપ્ત કરતા હોય છે.

સાધનામાર્ગે ચાલતી વ્યક્તિમાં બે પ્રક્રિયા ચાલવી જોઈએ - એક તો સ્વદોષનું દર્શન અને બીજું પરદોષની ઉપેક્ષા. બહાદુર ક્રાંતિકારી ઉદ્યમસિંહે જલિયાનવાલા બાગમાં નિર્દોષ સ્ત્રી-પુરુષોની નિર્મમ હત્યા કરનાર જનરલ ડાયર પર ગોળી ચલાવી અને એ બહાર નીકળતો હતો, ત્યારે એને અટકાવવાની બીજા કોઈની હિંમત નહોતી; પરંતુ એક અંગ્રેજ મહિલા એ ખંડમાં દરવાજાની વચ્ચે હાથ ફેલાવીને ઊભી રહી ગઈ અને એણે પિસ્તોલધારી ક્રાંતિકારી ઉદ્યમસિંહનો રસ્તો રોક્યો. ઉદ્યમસિંહ ઊભા રહી ગયા. અંગ્રેજ સાર્જન્ટે એમને ગિરફતાર કર્યા અને એમને ફાંસીની સજા થઈ. આ સમયે જેલમાં પેલી અંગ્રેજ મહિલા ઉદ્યમસિંહને મળવા આવી અને પૂછ્યું, ''હું રસ્તો રોકીને ઊભી હતી, ત્યારે તમે મારા પર ગોળી કેમ ન ચલાવી ?''

ઉદ્યમસિંહે હસતાં હસતાં કહ્યું, ''સ્ત્રીઓ, નિર્દોષ માનવીઓ, નિઃશસ્ત્ર લોકો, બાળકો કે વૃદ્ધો પર અત્યાચારી અંગ્રેજો જ ગોળી ચલાવી શકે. હિન્દુસ્તાનની સંસ્કૃતિ તે સ્ત્રીજાતિ પર આવો પ્રહાર કરવાનો પ્રતિબંધ ફરમાવે છે.''

આ છે બીજાના દોષની ઉપેક્ષા કરતું વિશાળ અંતઃકરણ.

■ ■ ■

શ્રી પૂજ્યપાદ આચાર્ય વિરચિત

# સમાધિતંત્ર - અમૃતરસપાન

(ક્રમાંક - ૩૧)

પ્રા. ચંદાબહેન વી. પંચાલી (બોટાદ)

અંતરાત્માના ઊંડાણમાંથી નીકળેલા સમભાવનો ભણકાર કરતાં, અંતરંગ વૈરાગ્યધારામાં વહેતા પરમકૃપાળુદેવની અમર સરસ્વતી કહે છે, ''પહેલે ગુણસ્થાને ગ્રંથિ છે. તેનું ભેદન કર્યા વિના આત્મા આગળના ગુણસ્થાનકે જઈ શકતો નથી. જોગાનજોગ મળવાથી અકામનિર્જરા કરતો જીવ આગળ વધે છે, ને ગ્રંથિભેદ કરવાની નજીક આવે છે. અહીં આગળ ગ્રંથિનું એટલું બધું પ્રબળપણું છે કે તે ગ્રંથિભેદ કરવામાં મોળો પડી જઈ અસમર્થ થઈ જઈ પાછો વળે છે; હિંમત કરી આગળ વધવા ધારે છે; પણ મોહનીયના કારણથી રૂપાંતર સમજાઈ પોતે ગ્રંથિભેદ કરે છે એમ સમજે છે ; અને ઉલટું તે સમજવા રૂપ મોહના કારણથી ગ્રંથિનું નિબિડપણું કરે છે. તેમાંથી કોઈક જ જીવ જોગાનજોગ પ્રાપ્ત થયે અકામનિર્જરા કરતાં અતિ બળવાન થઈ તે ગ્રંથિને મોળી પાડી અથવા પોચી કરી આગળ વધી જાય છે. જે અવિરતિસમ્યક્દૃષ્ટિ નામા ચોથું ગુણસ્થાનક છે; જ્યાં મોક્ષમાર્ગની સુપ્રતીતિ થાય છે. આનું બીજું નામ 'બોધબીજ' છે. અહીં આત્માના અનુભવની શરૂઆત થાય છે, અર્થાત્ મોક્ષ થવાનું બીજ અહીં રોપાય છે.'' સાધકને મોક્ષમાર્ગમાં વ્યવધાન રૂપ શું છે, ભીતરમાં ભાવની તરતમ્યતા કયા પરિપાકરૂપે પરિણમે છે તેની સૂક્ષ્મતા આ અમરગિરામાં વ્યક્ત થઈ છે.

શ્રી સીમન્ધર ભગવાનની દેશના પ્રત્યક્ષ સાંભળી ભારતક્ષેત્રમાં પધારી દિવ્યાતિદિવ્ય ચેતનામાંથી પૂ. પૂજ્યપાદાચાર્ય 'સમાધિતન્ત્ર' ગ્રંથની રચના કરે છે. આપણે શ્લોક ઓગણીસમાં વિચાર્યું કે હું બીજાઓથી શીખવા યોગ્ય છું અને બીજાઓને-શિષ્યાદિને શીખવું એ મારી ઉન્મત્તચેષ્ટા છે. કારણ હું નિર્વિકલ્પક છું. શુદ્ધ, નિરંજન, ચૈતન્યમય છું. હવે અંતરાત્માના હૃદયમાં જે ગુંજારવ થઈ રહ્યો છે તેને આચાર્યદેવ શ્લોક વીસમાં નિશ્ચયનયની પ્રધાનતાથી સમજાવે છે. અશેષ, વિકલ્પાતીત પરમાત્માનું સ્વરૂપ નિરુપે છે :

**यदग्राह्यं न गृह्णाति गृहीतं नैव मुञ्चति ।**
**जानाति सर्वथा सर्वं तत्स्व संवेद्यमस्म्यहम् ॥२०॥**

**અન્વય :** यत् अग्राह्यं न गृहणाति गृहीतं अपि न मुञ्चति सर्वं सर्वथा जानाति तत् स्वसंवेद्यं अहम् अस्मि ।

**શબ્દાર્થ :** यत् - જે, શુદ્ધ આત્મા સ્વરૂપ, अग्राह्यं - ક્રોધાદિ સ્વરૂપને, न गृह्णाति - ગ્રહણ કરતું નથી, गृहीतं अपि - ગ્રહણ કરેલા અનંત જ્ઞાનાદિ સ્વરૂપને, मुञ्चति - છોડતું નથી, सर्वं - સર્વને, सर्वथा - સર્વ પ્રકારે, जानाति - જાણે છે, तत् स्वसंवेद्य - તે સ્વસંવેદન યોગ્ય, अहं अस्मि - ચૈતન્યદ્રવ્ય હું છું.

**ભાવાર્થ :** આત્મદ્રવ્ય રાગાદિ ભાવને ગ્રહણ કરતું નથી. સહજ ગ્રહણ થયે આત્મિક ગુણો-જ્ઞાન, દર્શન, સુખ, આનંદ આદિ અનંત ગુણોને છોડતું પણ નથી. ચેતના સંપૂર્ણ પદાર્થોને - દ્રવ્ય, ગુણ, પર્યાય સહિત જાણે છે, દેખે છે તે ચેતના હું છું.

ખરેખર મારું સ્વરૂપ શું છે ? તેને અતિ સંક્ષિપ્ત શૈલીથી આચાર્યદેવ વ્યક્ત કરે છે. સિદ્ધાન્તબોધના સારરૂપ આ નિર્ણય અંતરાત્મા હૃદયમાં કંડારી રાખે છે. સ્વાનુભવ બોલી રહ્યો છે. આત્મા અકર્તા જ્ઞાતા છે. પરપદાર્થોને, પર પદાર્થના ગુણોને, પરપદાર્થ સંબંધી વિકલ્પોને કે પોતા વિષેના વિકલ્પોને શુદ્ધ

આત્મા ગ્રહણ કરતો નથી. કારણ કે अग्राह्यं - ગ્રહણ કરવાને અયોગ્ય છે. આત્માનો સહજ સ્વભાવ નથી. પર વિષયના વિકલ્પોથી પોતાની અતિ શુદ્ધતા ગુમાવે છે. કોઈ જિજ્ઞાસુને પ્રશ્ન થાય કે જ્ઞાની નિઃસ્પૃહ હોય છે. નિઃસ્પૃહ હોવાથી કોઈનું ગ્રહણ ન કરે, પણ ત્યાગ કરે કે નહિ ? પ્રત્યુત્તર છે કે જ્ઞાનીને ત્યાગ કરવાની બુદ્ધિ નથી. પરને પોતાનું જ્ઞાનીએ માન્યું જ નથી તેથી તે પરને ત્યાગી પણ કેમ શકે ? પરને ગ્રહણ કરવાનો વિકલ્પ વિક્ષેપ રૂપ છે. તેમજ પરના ત્યાગનો વિકલ્પ પણ વિક્ષેપ રૂપ છે. પર તે પર રૂપ છે એવું સ્વ શ્રદ્ધામાં બેસી ગયું છે તેને પરનો સહજ ત્યાગ વર્તે છે. ગ્રહણ અને અગ્રહણ બંને ભાવથી જ્ઞાની મુક્ત છે.

**વિશેષાર્થ :** શ્રી આચાર્યદેવે બિન્દુમાં સિન્ધુરૂપ એક જ શ્લોકમાં પરમાત્માનું સ્વરૂપ સમજાવ્યું છે. વ્યવહારનય અને નિશ્ચયનય છે તેમાં અહીં પરમાર્થ સ્વરૂપ નિશ્ચયનયથી આત્મસ્વરૂપ ચિત્રિત કર્યું છે.

આચાર્યપ્રવર શ્રી કુંદકુંદસ્વામી શ્રી નિયમસાર ગ્રંથની સત્તાણું ગાથામાં આ ભાવોને સ્પષ્ટ દર્શાવે છે.

णियभावं णविं मुच्चई परभावं णेव गण्हए केइं ।
जाणादि पस्सदि सव्वं सोहं इदि चिंतएणाणी ॥९७॥

પંડિતશ્રી હિંમતભાઈએ આ ગાથાઓનું હરિગીત કર્યું છે તે પ્રમાણે -

"નિજ ભાવને છોડે નહીં, પરભાવ કંઈ પણ નવ ગ્રહે;
જાણે જુએ જે સર્વ તે હું, એમ જ્ઞાની ચિંતવે."

જે નિજભાવને છોડતો નથી, કંઈ પણ પરભાવને ગ્રહતો નથી, સર્વને જાણે છે તે હું છું એમ જ્ઞાની ચિંતવે છે.

વ્યવહારનયથી માત્ર કહેવામાં આવે કે આત્માએ વ્રત-તપ ગ્રહણ કર્યા અને રાગ-દ્વેષ-ક્રોધ, માનાદિ છોડ્યા પણ દ્રવ્યદૃષ્ટિથી વિચારતાં ગ્રહણ-ત્યાગ જીવના નથી. જીવમાં નથી. નિશ્ચયનયે તો આત્મા પરદ્રવ્યનું ગ્રહણ કે પરદ્રવ્યનો ત્યાગ કરી શકતો જ નથી. જ્યારે જીવ આત્મસ્વરૂપમાં લીન થાય છે ત્યારે રાગાદિ વિકારો સ્વયં છૂટી જાય છે. વિભાવભાવો છૂટે છે. સ્વભાવ પ્રગટ થાય છે અથવા વિભાવભાવો જતાં રહે છે. આવું સહજ સ્વરૂપ વસ્તુનું છે. સંસ્કૃત ટીકાકાર શ્રી પ્રભાચંદજીએ શ્લોકની ટીકામાં કહ્યું છે કે सर्वं चेतनमचेतनं वा वस्तु । જે ચેતન-અચેતન પદાર્થ છે તે વસ્તુ છે. શ્રી આચાર્ય નેમિચંદ્ર સિદ્ધાન્ત ચક્રવર્તીએ 'ગોમટ્ટસાર' ગ્રંથમાં સરસ અને સરળ વાત કહી છે. જે પદાર્થમાં અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત સુખ ઇત્યાદિ અનંત શક્તિઓ વસી રહી છે તે વસ્તુ ભગવાન આત્મા છે. ચેતનમાં ચેતન ગુણો વસી રહ્યા છે. પરમાણુ અચેતન પદાર્થમાં અચેતનના ગુણો વસી રહ્યા છે માટે વસ્તુ કહી છે.

अग्राह्यं न गृह्णाति - ગ્રહણ કરવા યોગ્ય નથી તેને આત્મા ગ્રહણ કરતો નથી. ટીકાકાર શ્રી પ્રભાચંદ્રજીએ ટીકા કરતાં આ વાણી વ્યક્ત કરી છે, अग्राह्यं कर्मोदय निमित्तं क्रोधादि स्वरुपं । न गृह्णाति आत्मस्वरुपतया न स्वीकरोति । સ્વરૂપે નિમિત્તે ઉત્પન્ન થયેલા એવા ક્રોધ, માન, માયા લોભ, રાગ, દ્વેષ આદિને આત્મા ગ્રહતો નથી. કર્મના ઉદયે જે રાગાદિ થાય છે તેને ચેતનવસ્તુ ગ્રહે નહિ અર્થાત્ શ્રી આચાર્યદેવ ફરમાવે છે કે ખરેખર રાગ-દ્વેષ કર્મના ઉદયે થતાં નથી. પોતાનો પુરુષાર્થ નબળો થાય છે ત્યારે વિભાવભાવમાં જીવ ભળી જાય છે. ભગવાન શ્રી મહાવીર સ્વામી, શ્રી ગજસુકુમાર મુનિ, શ્રી સુકોશલ મુનિને કર્મનો ઉદય વિપરીત હતો, પણ સ્વરૂપ લીનતા દઢતર હતી. સહજ આત્મધ્યાન લીન હતા. આત્મસ્વરૂપ અન્યભાવને ગ્રહતું નથી.

गृहीतं न अपि मुञ्चति - ગ્રહણ યોગ્ય ગુણો છોડતા નથી. ત્યાગ કરતાં નથી. જ્ઞાનાદિ અનંત ગુણનો સ્વામી, તે અનંતગુણો સ્વરૂપમાં લીન થતાં સહજ સ્વરૂપે પરિણમે છે તેથી તે ગુણોનો ત્યાગ

નથી. પરમાત્મા અનંતગુણોનો ત્યાગ કેમ કરે ? સ્વરૂપ પ્રાપ્ત સહજ ગુણોનો પરમાત્મા ત્યાગ કરતો નથી. આવું વસ્તુનું સહજ સ્વરૂપ છે. સત્ સ્વરૂપમાં અન્ય ભાવની ગુંજાઈશ નથી.

પરમકૃપાળુદેવની અમર સરસ્વતી આ પદ્યમાં વ્યક્ત થઈ છે -

"જડભાવે જડ પરિણમે, ચેતન ચેતન ભાવ;
કોઈ કોઈ પલટે નહીં, છોડી આપ સ્વભાવ.
જડ તે જડ ત્રણ કાળમાં, ચેતન ચેતન તેમ;
પ્રગટ અનુભવરૂપ છે, સંશય તેમાં કેમ ?
જો જડ છે ત્રણ કાળમાં, ચેતન ચેતન હોય;
બંધ મોક્ષ તો નહિ ઘટે, નિવૃત્તિ પ્રવૃત્તિ ન્હોય.
બંધ મોક્ષ સંયોગથી, જ્યાં લગ આત્મ અભાન;
પણ નહિ ત્યાગ સ્વભાવનો, ભાખે જિન ભગવાન.
વર્તે બંધ પ્રસંગમાં, તે નિજપદ અજ્ઞાન;
પણ જડતા નહિ આત્મને, એ સિદ્ધાંત પ્રમાણ.
ગ્રહે અરૂપી રૂપીને, એ અચરજની વાત;
જીવ બંધન જાણે નહીં, કેવો જિન સિદ્ધાંત."

ક્રોધાદિ સ્વરૂપનું ગ્રહણ અને અનંતગુણોનો ત્યાગ સ્વભાવમાં નથી. ગ્રહણ-ત્યાગથી શૂન્ય પરમાત્મા છે. ગ્રંથાધિરાજ સમયસારના પરિશિષ્ટમાં શ્રી અમૃતચંદ્ર આચાર્ય ૪૭ શક્તિનું ચરિત્ર ચિત્રિત કરે છે તેમાં એક ત્યાગ ઉપાદાન શૂન્યત્વશક્તિ છે. આત્મા ત્યાગ અને ઉપાદાનથી શૂન્ય છે. પરનો ત્યાગ સહજ છે. પરનું અગ્રહણ સહજ છે. કારણ ત્યાગ-ઉપાદન સહજ, સ્વાધીન, સ્વતંત્ર છે. પર દ્રવ્યનું ગ્રહણ આત્મામાં નથી એમ સ્વના અનંતગુણોનો ત્યાગ થવો તે સ્વભાવમાં નથી. સ્વભાવ સ્વભાવથી સહજ છે.

સૂક્ષ્મતાથી શ્રી આચાર્ય મહારાજે આ શ્લોક આલેખ્યો છે. આત્મા અગ્રાહ્ય છે તે ત્રણ પ્રકારે છે. (૧) સંયોગથી ઉત્પન્ન અગ્રાહ્ય વસ્તુ : જે ઉપચરિત અસદ્ભૂત વ્યવહારનયનો વિષય છે. દા.ત. શત્રુ, મિત્ર, સ્ત્રી, પુત્ર વગેરે. (૨) અનુપચરિત અસદ્ભૂત વ્યવહારનય : આત્મા અગ્રાહ્ય છે. દા.ત. દેહ, શાતા, અશાતા - જે કર્મથી ઉત્પન્ન અગ્રાહ્ય વસ્તુ. (૩) આત્માના વેદન યોગ્ય અગ્રાહ્ય વસ્તુ : દા.ત. રાગ-દ્વેષ, મોહ વગેરે. જે કર્મઉપાધિથી કહ્યું છે તેથી અશુદ્ધ દ્રવ્યાર્થિકનયનો વિષય બને છે. આ બધા વિભાવભાવોનો આત્મા સ્વીકાર કરે નહિ. શુદ્ધ દ્રવ્યાર્થિક નયની મુખ્યતાથી શ્રી આચાર્યદેવ આ વિષયને પ્રસ્તુત કરે છે.

**शास्त्रमें कहा है कि जो रस, रुप, गंध से रहित है, अव्यक्त है, चेतना गुण से युक्त है, शब्द रहित है, जो किसी भी लिङ्ग से ग्रहण योग्य नहीं है, जो निर्दिष्ट संस्थान से रहित है उसे जीव जानो । परमार्थ दृष्टि से ये बात सिद्ध है ।**

પૂ. સોગાનીજી જણાવે છે, "ત્રિકાળીનું જોર નથી તેથી ક્ષણિક શુભાશુભ ભાવમાં આખે આખો ચાલ્યો જાય છે. ક્ષણિક દુઃખ આવ્યું ત્યાં ત્રિકાળી દુઃખ માનવા લાગે, ક્ષણિક સુખ આવ્યું ત્યાં ત્રિકાળી સુખ માનવા લાગે. અને જો ત્રિકાળીમાં અહંપણું થયું તો ક્ષણિક પર્યાય જે યોગ્યતા અનુસાર થવાવાળી છે તે થાઓ. હું તેમાં ખસતો નથી."

પરમ સુખી થવાનો રસ્તો સંતો, જ્ઞાની, સત્પુરુષો સમજાવે છે. પૂજ્ય બેનશ્રી ચંપાબહેનની સમત્વગિરા જીવને જાગૃત કરતાં કહે છે, "આચાર્યદેવ કરુણા કરી જીવને જગાડે છે, જાગ રે ભાઈ, જાગ, તને ઊંઘમાં દિશા સૂઝતી નથી. તું તારી ભૂલથી રખડ્યો છે. તું સ્વતંત્ર દ્રવ્ય છો. ભૂલમાં પણ સ્વતંત્ર દ્રવ્ય છો. તું રખડપટ્ટી વખતે પણ શુદ્ધ પદાર્થ રહ્યો છે. આ કોઈ મહિમાવંત વસ્તુ તને બતાવીએ છીએ. તું અંદર ઊંડો ઉતરીને જો, અસલી તત્ત્વને ઓળખ. તારું દુઃખ ટળશે. પરમ સુખી થઈશ." **(ક્રમશઃ)**

• • •

# સદ્‌ગૃહસ્થની આચારસંહિતા

## ('વૈષ્ણવજન તો તેને રે કહીએ'ના આધારે)

## (ક્રમાંક - ૪)

પૂજ્ય બહેનશ્રી ડૉ. શર્મિષ્ટાબેન સોનેજી

**વણલોભી**

પદના આ ચરણમાં શ્રી રામજીના લઘુ બંધુ ભરતજીનું દૃષ્ટાંત આપ્યું છે તે યોગ્ય છે.

માતા કૈકેયી દાસી મંથરાના કહેવામાં આવી ગઈ અને પુત્રમોહને વશ થઈ તેઓએ રામને વનવાસ અપાવી પોતાના પુત્ર ભરતને અયોધ્યાની ગાદી મળે એ લાલચથી રાજા દશરથ પાસે વચન માંગ્યા, પરંતુ અદ્‌ભુત વૈરાગી એવા શ્રી ભરતજી માતાની લાલચમાં લોભાયા નહીં.

શ્રી રામજીને અયોધ્યા પાછા ફરવા માટે ખૂબ વિનંતી કરી, પરંતુ રામ પાછા ન ફરતાં પોતે પણ રામની પેઠે અયોધ્યાની બહાર વનમાં રહીને શ્રી રામપાદુકાને અયોધ્યાના સિંહાસન પર પધરાવી. તેમના પ્રતિનિધિ સેવક તરીકે કુશળતાપૂર્વક ચૌદ વર્ષ રાજ્ય ચલાવ્યું.

રામ-ભરત મિલન વખતે ભરતજી અયોધ્યાથી સુવર્ણજડિત પાદુકા લાવ્યા હતા. તે રામ આગળ મૂકીને કહ્યું કે આપ આ પાદુકા ઉપર ઊભા રહો. એ જ સર્વલોકના યોગક્ષેમનો નિર્વાહ કરશે. શ્રી રામે એ પ્રકારે કરી પાદુકાઓ ભરતજીને આપી, જેની ભરતે પ્રદક્ષિણા કરી મસ્તકે મૂકી. રામજીની આજ્ઞા લઈ અયોધ્યા પાછા ફર્યા. પાદુકાની પૂજા કરી તેની સિંહાસન ઉપર સ્થાપના કરી. પોતે વલ્કલ જટા ધારણ કરી રામના પાછા આવવાની પ્રતીક્ષા કરતા નંદિગ્રામમાં રહીને રાજ્ય ચલાવ્યું. આ છે ભરતજીની નિર્લોભતા અને વૈરાગ્ય.

**કપટ રહિત છે :**

આ ચરણમાં પાંડુપુત્ર યુધિષ્ઠિરનું દૃષ્ટાંત છે. તેઓ અત્યંત સરળ સ્વભાવી હતા. તેઓ હંમેશાં સત્યની જ રાજનીતિને વળગી રહ્યાં, તેથી જ ધર્મરાજ કહેવાયા. ધર્મરાજના દુશ્મનો પણ તેમના શબ્દોનો વિશ્વાસ કરતા. આ જ સત્ય અને સરળતાના બળ ઉપર કૌરવોના અસંખ્ય સૈન્યની સામે પાંડવોની જીત થઈ હતી. અસંખ્ય સૈનિકોનો સંહાર રોકવા તેઓ એક વાર શ્રી કૃષ્ણના કહેવાથી અર્ધ સત્ય બોલ્યા હતા તેથી તેમનો રથ જે ધરતીથી ઉપર ચાલતો હતો તે ધરતી ઉપર આવી ગયો હતો.

**કામક્રોધ નિવાર્યા રે...**

આ ચરણમાં ભગવાન મહાવીર સ્વામીનું દૃષ્ટાંત યોગ્ય જ છે. ભગવાનને વીતરાગ-દર્શનમાં અરિહંત કહેવાય છે. અરિ અર્થાત્ શત્રુ, હંત અર્થાત્ હણનાર. જેઓએ કામ, ક્રોધ, લોભ, મોહ આદિ અંતરંગ શત્રુઓને હણી તેમના ઉપર વિજય મેળવ્યો તે અરિહંત પરમાત્મા કહેવાય. આવા અરિહંતમાં ચતુર્થકાલમાં વિશેષ પ્રકારે અરિહંત થયા - જેઓ તીર્થંકર કહેવાય છે. તેમની વિશેષતા એ હોય છે કે તેમનાથી તીર્થનું પ્રવર્તન થાય છે. કારણ કે તેઓ સર્વ જીવના હિત માટે ઉપદેશ આપે છે. છેલ્લા ૨૪મા તીર્થંકર મહાવીર સ્વામી થયા. તેઓનો ઉપદેશ છે કે કોઈ પ્રત્યે રાગ ન કરવો અને કોઈ પ્રત્યે દ્વેષ ન કરવો. તેઓએ જીવનમાં અહિંસાનો અટલ સિદ્ધાંત અપનાવ્યો હતો. તેઓ અત્યંત પીડા આપનાર - દુઃખ આપનાર પ્રત્યે પણ ક્ષમા જ વરસાવતા. તેમના હૃદયમાં સર્વ જીવ પ્રત્યે અખૂટ વાત્સલ્ય અને કરુણાભાવ હતો. ચંડકોશિયા નાગે જ્યારે તેઓને ડંખ માર્યો ત્યારે તેઓ જરા પણ ક્રોધિત ન થયા અને તેને બોધ આપ્યો – **(અનુસંધાન પાના નં. ૨૦ પર...)**

# શ્રી આનંદઘન ચોવીશી

અશોકભાઈ પી. શાહ

(ગતાંકથી ચાલુ...)

## શ્રી નેમિનાથ જિન સ્તવન

તીર્થંકર શ્રી નેમિનાથ ભગવાનની ભક્તિ કરતા આ સ્તવનમાં યોગીશ્વર આનંદઘનજી શ્રી રાજુલદેવીના ચરિત્રમાં રહેલ અદ્‌ભુત રહસ્યોને પણ પ્રકાશિત કરી રહ્યા છે. રાજુલનો નેમનાથ પ્રભુ પ્રત્યે એકતરફી રાગ, નેમનાથને જ વરવાની અડગ લગન અને તેમાંથી ઉપજતી સમ્યક્‌શ્રદ્ધા વગેરે ભાવોના ઉતાર-ચઢાવને રસમય રીતે રજૂ કરી, નેમ-રાજુલનો આદર્શ આપણી સમક્ષ મૂકી, આનંદઘનજી ખરેખર તો આપણી વીતરાગ ધર્મ પ્રત્યેની ભક્તિને જ પુષ્ટ કરી રહ્યાં છે.

આ પહેલાની ગાથાઓમાં રાજુલના મોહના નશામાં નીકળતા મેણા-ટોણા અને ફરિયાદી વલણથી નીકળતા વેધક શબ્દો આપણને આશ્ચર્ય ઉપજાવે કે રાજુલ જેવી મહાસતી આવા વેણ કાઢી શકે ? પણ આપણે જરા ધીરજથી વિચારીએ તો જણાશે કે તે શબ્દોમાં કોઈ કઠોરતા નહોતી, બલકે ક્યારેક મીઠા ઉપાલંભ, તો ક્યારેક વ્યંગ તો ક્યારેક વજુદવાળી ફરિયાદ જ હતી. નેમનાથને આ ભવે પણ પતિ પરમેશ્વર બનાવવાના સ્વપ્ના સેવતી રાજુલ એક ઉત્તમોત્તમ સતી સ્ત્રી હોવાથી પતિનો વિરહ સહન ન થતાં આ ઉદ્‌ગારો કાઢે એ બહુ સ્વાભાવિક છે, પરંતુ એ જ વિરહવેદનામાંથી જ્યારે વિવેકબુદ્ધિ જાગે છે, ત્યારે રાજુલદેવીની ભાવદશા કેવો પલટો લે છે, તે હવે જોઈએ.

**મોહદશા ધરી ભાવના રે, ચિત્ત લહે તત્ત્વવિચાર;**
**વીતરાગતા આદરી રે, પ્રાણનાથ નિરધાર. મ૦ ૧૪.**

**શબ્દાર્થ :** રાજેમતીએ મોહદશામાં જે ભાવનાઓ ધારણ કરી હતી, તે જ ચિત્ત હવે તત્ત્વવિચાર કરે છે કે પ્રાણનાથે તો વીતરાગતાનો માર્ગ આદરવાનો નિર્ધાર કર્યો છે.

**ભાવાર્થ :** આઠ-આઠ ભવોના પવિત્ર પ્રેમ-સંબંધને અચાનક ઠેસ પહોંચવાથી રાજુલના ચિત્તને મોહદશાએ ઘેરી લીધું હતું પણ નેમનાથ જેવા તીર્થંકર કોટિના મહાપુરુષ સામે આવા મોહગ્રસ્ત વિચારો ક્યાં સુધી ટકે ? વળી, સંસાર કે મોક્ષ, કોઈપણ માર્ગે ‘‘બીજો મનમંદિર આણું નહીં’’ની અડગ ભાવના સેવતી આ સતી સ્ત્રીનું પ્રભુ પણ મોહદશાથી પતન કેમ થવા દે ?

પ્રભુએ સ્વયં સર્વસંગપરિત્યાગનો આદર્શ આપી રાજુલના ઉપાદાનને જાગૃત કર્યું. તે ઉત્તમ નિમિત્તનો રાજુલના ચિત્તમાં સંચાર થતાં અને પવિત્ર વીતરાગ ધર્મના પૂર્વસંસ્કાર જાગૃત થતાં તે જ ચિત્ત હવે ૧૮૦ ડીગ્રી વળાંક લઈ તત્ત્વવિચાર તરફ વળે છે. પહેલાં નેમનાથે મને દુઃખી કરી એવો મોહજનિત ભાવ હતો. હવે તત્ત્વ વિચારનો ઉદ્‌ભવ થતાં મારી આસક્તિએ જ મને દુઃખી કરી, એમ તત્ત્વના યથાર્થ સ્વરૂપનું ભાવ કરાવતો વિવેક જાગૃત થાય છે. રાજુલદેવી તત્ત્વદૃષ્ટિ લાવી હવે વિચારે છે કે મારા પ્રાણનાથે ક્ષાયિક સમ્યગ્‌દર્શન દ્વારા જે આત્મસ્વરૂપનો અફર નિરધાર કર્યો છે, તેને ચરિતાર્થ કરી કેવળજ્ઞાનની પ્રાપ્તિ માટે હવે ચારિત્રમોહ ઉપર સંપૂર્ણ વિજય મેળવવા વીતરાગતાને આદરી છે, તો મારે પણ તેમણે આદરેલા, અનુભવેલા અને ઉપદેશેલા તત્ત્વોનો આશ્રય કરી એમ સમજવું જોઈએ કે આઠ ભવોનો સંબંધ તે માત્ર પુણ્ય-પાપના ફળરૂપી ક્ષણિક નાટક હતું. તત્ત્વદૃષ્ટિએ અમે બંને શુદ્ધાત્મા જ છીએ. તે શુદ્ધાત્માના પૂર્ણપદને પામવા નેમનાથે ભેખ ધર્યો

છે, તો મારે પણ પતિ-પત્નીના ક્ષણભંગુર અને કાલ્પનિક સુખને છોડીને નેમનાથની જેમ શાશ્વત સુખના માર્ગે પ્રયાણ કરવું ઘટે.

જુઓ, આત્માના પલટાતા પરિણામોનો ખેલ ! પ્રસન્નચંદ્ર રાજર્ષિનું દૃષ્ટાંત સુપ્રસિદ્ધ છે કે પલટાતી ભાવદશામાં જીવ કઈ રીતે થોડી થોડી ક્ષણોમાં સાતમી નરકનો અશુભ બંધ, તે પલટાવીને સર્વાર્થસિદ્ધિના દેવનો શુભ બંધ અને તે પણ પલટાવીને શુદ્ધ ભાવ વડે કેવળજ્ઞાન પણ પ્રાપ્ત કરી શકે છે !

તત્ત્વ વિચારણામાં આગળ વધતા રાજેમતી હવે કેવા સુંદર ભાવ કરે છે તે જોઈએ :

**સેવક પણ તે આદરે રે, તો રહે સેવક મામ; મ૦**
**આશય સાથે ચાલીએ રે, એહી જ રૂડું કામ.મ૦૧૫.**

**શબ્દાર્થ :** સેવક પણ જો સ્વામીના માર્ગને આદરે તો સેવકની લાજ રહે. (મામ = લાજ) સ્વામીના આશય સાથે ચાલવું એ જ સેવકનું સારું કાર્ય કહેવાય.

**ભાવાર્થ :** અહીં રાજુલનો ઉત્તમ દાસત્વ ગુણ પ્રગટ થાય છે કે સંસારમાં પતિ તરીકે નેમનાથ હો કે મોક્ષમાર્ગે પ્રયાણ કરતા નેમનાથ હો, મારા માટે તેઓ હંમેશાં મારા સ્વામી અને હું તેમની દાસી. હું સેવક અને તે સેવ્ય. નિરંતર હું તેમની છાયા બનીને જ રહી હતી, રહી છું અને રહીશ. નેમનાથે લગ્ન ન કર્યા, તેથી કોઈ બીજો સ્વામી સ્વપ્નમાં પણ રાજુલ જેવી સતીને ક્યાંથી આવે ? આજના યુગમાં અવારનવાર તૂટી જતાં સંબંધોને રાજુલ એક ઉત્તમ આદર્શ પૂરો પાડે છે. આ સેવ્ય - સેવક ભાવ હવે તેને નેમનાથે આદરેલા સંયમ- માર્ગ પ્રત્યે દોરે છે. તેથી કહે છે કે જો હું મારા સ્વામીની સાચી સેવક છું તો મારું મામ, મારી આબરૂ એમાં જ છે કે આ સેવક સ્વચ્છંદે ન વર્તે, પણ સ્વામીએ અપનાવેલા નિર્ગ્રંથતાના માર્ગને પોતે પણ આદરે. જો એમ ન કરું તો મારા તેમની સાથેના દીર્ઘકાળના પ્રેમસંબંધની લાજ જશે કે અણીના વખતે આ સેવિકા તેનું કર્તવ્ય ચૂકી ગઈ. મારું કર્તવ્ય તો એ છે કે મારા સ્વામીના અંતર-આશયને સમજીને તેમની આજ્ઞા પ્રમાણે ચાલું તે જ રૂડું કામ છે, ઉત્તમ કાર્ય છે. અને સ્વામીનો આશય તો એ જ છે કે જેમ તેઓ અનંત, અવ્યાબાધ, શાશ્વત સુખને પ્રાપ્ત કરવા નીકળ્યા છે તેમ હું પણ ભવોભવના ક્ષણિક સંબંધોને ભૂલી જઈ, 'સર્વ સંબંધનું બંધન તીક્ષ્ણ છેદીને' સંયમમાર્ગ આદરી, મોક્ષલક્ષ્મીને વરી જન્મ-મરણના ફેરામાંથી મુક્ત થાઉં. મારા સ્વામીના આવા નિઃસ્વાર્થ આશયને સમજીને હું આજ્ઞાધીનપણે તે આશય સાથે ચાલું, તેના સિવાય રૂડું કામ બીજું શું હોઈ શકે ?

નેમનાથ તો રાજુલને બોધ આપવા પણ ઊભા નથી રહ્યા, પણ પ્રજ્ઞાવંત રાજુલ તેમનો આશય સમજીને સ્વયં નિર્ગ્રંથ દીક્ષાના માર્ગે ડગ માંડે છે. રાજુલનું આવું પવિત્ર ભાવ-પરિવર્તન તેમના હૃદયની અત્યંત નિર્મળતા, નિખાલસતા, સ્વચ્છંદ નિરોધ અને આજ્ઞાનિષ્ઠપણું સૂચવે છે. પ્રભુનું દાસત્વભાવે આમ શરણ સ્વીકારી તેઓ કહે છે :

**ત્રિવિધ યોગ ધરી આદર્યો રે, નેમિનાથ ભરતાર;**
**ધારણ પોષણ તારણો રે, નવરસ મુક્તાહાર.મ૦૧૬**

**શબ્દાર્થ :** મન, વચન, કાયાના ત્રિવિધ યોગે મેં નેમિનાથ જેવા પતિ પરમેશ્વરને સ્વીકાર્યા છે, આદર કર્યો છે. તે મારું ધારણ કરે છે, પોષણ કરે છે, મારા તારણહાર છે અને જે મારા માટે નવરસ મોતીના હાર સમાન છે.

**ભાવાર્થ :** પહેલાં નેમનાથને રથ પાછો ફેરવવાની વિનંતી કરતી રાજેમતી હવે પોતાની મનોવૃત્તિને જ 'about turn' કરી ફેરવી નાખે છે. નેમનાથ તો મારા ભરતાર, પતિદેવ જ છે એ વાત હજુ રાજેમતી પકડી રાખે છે, પરંતુ એ માન્યતામાં હવે એક નવી વિવેકદૃષ્ટિ આવી છે કે તેઓ મને

મોક્ષમાં લઈ જનાર ધીંગધણી છે. નેમનાથ ઉપર આવી અડગ શ્રદ્ધા અને પ્રેમને લીધે તેઓ ત્રિવિધ યોગ ધરીને - મનથી, વચનથી અને કાયાથી પ્રભુને અને તેમના માર્ગને આદરવા અને આચરવા તત્પર થયા છે. *"ત્રણે યોગ એકત્વથી વર્તે આજ્ઞાધાર"* – એ રીતે પ્રભુની આજ્ઞામાં ભોગને બદલે યોગમાર્ગે ડગ માંડે છે, કારણ કે તેમને વિશ્વાસ છે કે એક નેમનાથ જ તેમના ધારણ, પોષણ અને તારણ છે. અર્થાત્ પ્રભુ અધોગતિમાં પડતા રાજુલના આત્માને ધરી રાખનાર, બચાવનાર ધર્મધારણ છે; આત્મિક ગુણોનું પોષણ કરનાર છે અને ધર્મનૌકાના નાવિક બનીને અગાધ ભવસમુદ્રથી તારીને સંસારને કિનારે લાવનાર તારણહાર છે. વળી, રાજુલ વિચારે છે કે જો નેમનાથે મારી સાથે લગ્ન કર્યા હોત તો 'નવરસ મુક્તાહાર' – અર્થાત્ મોતીના નવલખા હારની પૌદ્‌ગલિક ભેટ આપી મને શૃંગારથી સજાવી સંસારવૃદ્ધિનું કારણ બનત. પરંતુ હવે તો 'સકલ ચારિત્ર' રૂપ 'નવરસ મુક્તાહાર'ની અમૂલ્ય ભેટ આપી છે. અર્થાત્ શૃંગાર, હાસ્ય, કરુણ, વીર, અદ્‌ભુત, ભયાનક, રૌદ્ર અને બિભત્સ એવા આઠ રસ - વિવિધ કષાય તથા લેશ્યાયુક્ત ભાવો વખતે પણ પ્રભુએ મારો સાથ છોડ્યો નથી અને અંતે તે આઠ રસથી ઉપર ઉઠાવી, નવમા શાંતરસમાં લઈ જનાર શાશ્વત આનંદરૂપ મોતીના હારથી મને શોભાયમાન કરનાર એવા મારા પરમ ભરતાર થયા છે.

રાજુલદેવીના ચિત્તે જે સમ્યક્ વિચારણા શરૂ કરી છે, તેને બિરદાવતાં શ્રી દેવચંદ્રજી મહારાજ પણ કહે છે :

*"રાજુલ નારી રે સારી મતિ ધરી, અવલંબ્યા અરિહંતોજી;*
*ઉત્તમ સંગે રે ઉત્તમતા વધે, સધે આનંદ અનંતોજી."*

આમ, ઉત્તમ નિમિત્તથી રાજુલની વધતી જતી ઉત્તમત્તા અને આત્મવિશુદ્ધિના પ્રભાવે તેઓ સ્તવનના અંતે પ્રભુને કેટલી ઉત્તમ વિનંતી કરે છે, તે જોઈએ:

**કારણરૂપી પ્રભુ ભજ્યો રે, ગણ્યો ન કાજ અકાજ; મ૦**
**કૃપા કરી મુજ દીજીએ રે, આનંદઘન પદરાજ. મ૦ ૧૭.**

**ભાવાર્થ :** નેમનાથનો સાથ કદાપિ ન છૂટે એવી દઢનિશ્ચયી રાજેમતીને તે માટે હવે એક જ ઉપાય સૂજે છે કે જો હું સ્વયં પ્રભુની જેમ પરમાત્મપદ પ્રાપ્ત કરું તો સાદિ અનંતકાળ સુધી સિદ્ધક્ષેત્રે બંને બિરાજશું. અને ત્યારે કેવળજ્ઞાનમાં લોકાલોક અને અનંત સિદ્ધ ભગવંતો જણાતાં અમે બંને પણ અનંત આનંદઘન પદનું રાજ્ય ભોગવતાંની સાથે એકબીજાને જ્ઞાતા - દષ્ટાપણે નિહાળતા હશું ! એ અપેક્ષાએ સાથ છૂટશે નહિ ! પણ આવા સર્વોત્તમ કાર્યની સિદ્ધિ માટે સર્વોત્તમ કારણ પણ આપવું જોઈએ ને ? એવો કારણ-કાર્યનો ત્રિકાળ અબાધિત સિદ્ધાંત છે. તે માટે રાજેમતી નિમિત્ત અને ઉપાદાન, બંને કારણ સેવે છે. કહે છે, આપના જેવા સર્વોત્તમ નિમિત્તનું શરણ લઈ આપને વિનંતી કરું છું કે કૃપા કરી આપ મને આનંદઘનસ્વરૂપ મોક્ષપદનું રાજ્ય પ્રદાન કરો અને બીજું, કોઈપણ કાર્ય-અકાર્યની કે સફળતા-નિષ્ફળતાની ગણતરી કર્યા વિના, કોઈ લેશમાત્ર પણ ફળની ઇચ્છા કર્યા વિના, "ગણ્યો ન કાજ અકાજ" – એ રીતે મેં "કારણરૂપી પ્રભુ ભજ્યો" છે – મારી આપના પ્રત્યેની અનન્ય ભક્તિરૂપ ઉપાદાન કારણ પણ મેં નિષ્ઠાપૂર્વક સેવ્યું છે. પ્રભુની નિષ્કામ તાત્ત્વિક ભક્તિથી પરાભક્તિ પ્રગટતાં ભક્ત સ્વયં ક્રમશઃ ભગવાન બની જાય છે. એવો પ્રભુભક્તિનો પ્રભાવ છે. તેથી મને વિશ્વાસ છે કે આપના પ્રત્યેની મારી પ્રેમભક્તિ જોઈને આપ જરૂર મને મોક્ષ પ્રદાન કરવાની કૃપા કરશો. જુઓ, રાજેમતી પોતાનો દાસત્વભાવ, વિનયભાવ છેક સુધી છોડતા નથી. પુરુષાર્થ પોતાનો હોવા છતાં કામ પ્રભુની કૃપાથી થશે એવો લઘુત્વભાવ દર્શાવે છે અને નેમનાથના સંગાથે સંયમ પંથે ચાલી મોક્ષમાર્ગમાં તીવ્ર ગતિએ આગળ ધપે છે. રાજુલની નેમનાથ પ્રત્યેની ભક્તિ અને શરણાગતિ દર્શાવતું આ સ્તવન રાજુલની

આનંદઘનપદ માટે વિનંતી અને અભિલાષા દર્શાવી અહીં વિરામ પામે છે.

નેમ-રાજુલની આ કથા આપણા માટે અનેક આદર્શો મૂકતી જાય છે. પ્રેમસંબંધ તો આવો દિવ્ય અને પારમાર્થિક હોવો જોઈએ તેવો આદર્શ આજના દંપતીઓ માટે છે. 'બીજો મન મંદિર આણું નહીં' – જેવી રાજુલની નેમનાથ પ્રત્યેની એકનિષ્ઠા આજના યુગમાં દેખાતા 'કચ્ચે ધાગે' જેવા અલ્પકાલીન પ્રેમસંબંધોમાં વિશ્વાસ, નિષ્ઠા અને નિઃસ્વાર્થપણાને લાવવાની પ્રેરણા કરે છે. તો રાજુલના અનેક પ્રલોભનોની સામે નેમનાથની મેરુ સમાન અડગતા આપણા માટે સંસારના પ્રલોભનોથી વિચલીત થયા વગર દઢતાપૂર્વક મોક્ષમાર્ગે આગળ વધવાનો આદર્શ રજૂ કરે છે. શ્રી નેમિનાથ ભગવાન અને શ્રી જમ્બુસ્વામી જેવા મહાત્માઓ, જેઓ સગાઈ કર્યા પછી પણ પ્રાપ્ત વિષયભોગોના નિમિત્તોને ઠુકરાવી, સંસારના મોહપાશમાંથી આત્યંતિક આત્મબળે છૂટી મોક્ષલક્ષ્મીને વર્યા છે, તેમના આ અલૌકિક પુરુષાર્થને અત્યંત આશ્ચર્યકારક ગણાવી શ્રી આત્માનુશાસન ગ્રંથ - ગાથા-૧૦૯માં શ્રી ગુણભદ્રાચાર્યે આવા મહાપુરુષોને 'કુમાર બ્રહ્મચારી' કહી વંદન કર્યા છે. અને છેલ્લે રાજુલનું અપૂર્વ ભાવપરિવર્તન એ શીખ આપી જાય છે કે આપણો આત્મા જાગૃત થાય તો ગમે તેવા મલિન ભાવોને પલટાવીને સત્‌દેવ-ગુરુ-ધર્મના સંગે ચિત્તમાં તત્ત્વવિચાર લાવી આપણા પોતાના ભાવોને પવિત્ર અને મોક્ષગામી બનાવી શકે છે.

આ સ્તવનની વિચારણામાં મારી અલ્પજ્ઞતા વશ સત્‌પુરુષોના આશયથી કે જિનવાણીથી કંઈપણ વિપરીત, ઓછું કે અધિકું લખાયું હોય તો અંતઃકરણપૂર્વક ક્ષમાયાચના કરું છું.

**॥ ઈતિ શ્રી નેમિનાથ ભગવાન સ્તવન ॥**

## સદ્‌ગૃહસ્થની આચારસંહિતા

**(પાના નં. ૧૬ પરથી ચાલુ...)**

વૈર થી વૈર શમે નહિ જગમાં, પ્રેમથી પ્રેમ વધે જીવનમાં,<br>
એવા પ્રેમ ધર્મનો પરિચય પામી; નાગ રહ્યો શિરનામી;<br>
મહાભયંકર એ મારગમાં વિચરે મહાવીર સ્વામી.<br>
**ભણે નરસૈયો તેનું દર્શન કરતાં કુળ એકોતેર તાર્યા રે.**

અંતમાં લેખક શ્રી મનુભાઈ પંડિતે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીનું સરસ દૃષ્ટાંત આપ્યું છે.

ભક્તકવિ નરસિંહ મહેતા - તેઓ પણ એક સાચા વૈષ્ણવજન - સદ્‌ગૃહસ્થ હતા. તેમણે જેના દર્શનમાત્રથી એકોતેર કુળ તરી જાય તેવા મહાત્મા-વૈષ્ણવજન સ્થિતપ્રજ્ઞ પુરુષની આ ભજનમાં કલ્પના કરી છે. તેવા યુગપુરુષનું - સંતનું હૂબહૂ ચિત્ર મહાત્મા ગાંધીજીના જીવનમાં આપણે સૌએ નિહાળ્યું છે. તેમના જીવનમાં પરમકૃપાળુદેવ શ્રીમદ્‌ રાજચંદ્રનો ખૂબ પ્રભાવ પડ્યો છે. ગાંધીજીએ શ્રીમદ્‌ ભગવદ્‌ ગીતાના આધારે કર્મયોગ સાધ્યો, સત્યાગ્રહને શસ્ત્ર બનાવ્યું. આશ્રમ સંસ્કૃતિને પુનર્જીવિત કરી અને જીવનમાં ઘણા ગુણો વિકસાવી તેઓ માનવમાંથી મહામાનવ બન્યા. તેમણે પોતાની આત્મકથાનું નામ 'સત્યના પ્રયોગો' રાખ્યું છે. તેઓએ અપનાવેલ અગિયાર વ્રત તેમના જીવનમાં ચરિતાર્થ થયેલા દૃષ્ટિગોચર થાય છે.

નીચે જણાવેલ અગિયાર વ્રતોને આપણા જીવનમાં અપનાવી સાચા વૈષ્ણવજન-સદ્‌ગૃહસ્થ-સાચા શ્રાવક બનીએ એ જ અભ્યર્થના.

સત્ય અહિંસા ચોરી ન કરવી, વણ જોતું નવ સંઘરવું,<br>
બ્રહ્મચર્ય ને જાતે મહેનત કોઈ અડે નહીં અભડાવું.<br>
અભય, સ્વદેશી સ્વાર્થત્યાગ ને, સર્વધર્મ સરખા ગણવા,<br>
એ અગિયાર મહાવ્રત સમજી, નમ્રપણે દઢ આચરવા.

(વૈષ્ણવદર્શન (શ્રી મનુભાઈ પંડિત વિરચિત) માંથી સાભાર)

॥ શ્રી સદ્‌ગુરુચરણાર્પણમસ્તુ ॥

• • •

# શ્રી ભક્તામર સ્તોત્ર
(ક્રમાંક - ૧૩)

મહેન્દ્રભાઈ કે. ખંધાર

## પ્રભુના લોકોત્તર ગુણો

● **મૂળ શ્લોક : ગાથા - ૧૯** (વસંતતિલકા)

**किं शर्वरीषु शशिनाह्नि विवस्वता वा ?**
**युष्मन्मुखेन्दुदलितेषु तमस्सु नाथ !**
**निष्पन्नशालिवनशालिनि जीवलोके,**
**कार्यं कियज्जलधरैर्जलभार नम्रैः । ॥३९॥**

● **શબ્દાર્થ :** किम् - શું (?), शर्वरीषु - રાત્રિને વિષે, રાત્રિમાં, शशिना - ચંદ્રના ઉગવા વડે, ચંદ્રથી, अह्नि (अह्नि) - દિવસને વિષે, દિવસે विवस्वता - સૂર્યના ઉગવા વડે, वा - અથવા, युष्मन् - તમારા, मुखेन्दु - મુખરૂપી ચંદ્ર વડે, दलितेषु - હણાયે છતે, નાશ થયે, तमस्सु - અંધકાર, नाथ - હે નાથ निष्पन्न - પક્વ એવા, પાકેલા, शालि - ડાંગર (ચોખા), वन - વન, ખેતર, शालिनि - શોભતી, जीवलोके - પૃથ્વીને વિષે, જગતમાં, कियत् कार्यं - શું કામ, પ્રયોજન, जलधरैः - વાદળા વડે, जलभार - પાણીનો ભાર (વજન), नम्रैः - નમ્ર થયેલા (નીચા નમેલા).

● **સમશ્લોકી અનુવાદ** (મંદાક્રાંતા) :

**અંધારાને પ્રભુમુખરૂપી ચંદ્રમા જો નસાડે,**
**રાત્રે ચાંદો દિનમહીં રવિ માનવા તો જ આડે;**
**જે ક્યારામાં શુભ રીત વડે શાલિ પાકી અતિશે,**
**તેમાં ક્યારે પણ નવ અહા ! મેઘનું કામ દીસે.(૧૯)**

● **ભાવાર્થ :** હે નાથ ! તમારા મુખરૂપી ચંદ્રથી જ અંધકાર નષ્ટ થઈ જાય છે, તો પછી રાત્રિમાં ચંદ્રથી અને દિવસે સૂર્યથી શું પ્રયોજન છે ? જેમ પાકી ગયેલ ડાંગરના ખેતરોથી સુશોભિત આ જગતમાં જળના ભારથી નમેલા વાદળાઓ(મેઘ)ની શું જરૂર છે ? તાત્પર્ય કે કાંઈ જ નહિ( સૂર્ય દિવસે અને ચંદ્ર રાત્રે પ્રકાશ આપે છે, પરંતુ પ્રભુ ! આપ તો રાત્રિ અને દિવસ આખા જગતમાં એકી સાથે જ્ઞાન-પ્રકાશ આપો છો.)

● **વિશેષાર્થ / પરમાર્થ :** માનતુંગાચાર્ય અસ્ખલિત ધારાએ સારભૂત શબ્દોથી ભક્તામર સ્તોત્ર રચી રહ્યા છે અને તેમાં વિવિધ ઉપમાઓ વડે અનેક રંગ પૂરી રહ્યા છે. તેમણે શ્રી જિનેશ્વરદેવને સૂર્ય કરતા વધારે મહિમાવાન સિદ્ધ કર્યા (શ્લોક -૧૭). એક અલૌકિક ચંદ્રનું રૂપક આપ્યું(શ્લોક-૧૮). હવે આચાર્ય શ્રી કહે છે કે હે પ્રભુ ! તમારા મુખરૂપી ચંદ્રના (જ્ઞાન) પ્રકાશથી આ જગતનો (અજ્ઞાન) અંધકાર નાશ પામ્યો છે તો પછી રાત્રે ચંદ્રને અને દિવસે સૂર્યને ઉગવાનું પ્રયોજન (જરૂર) શું ? તેના સમર્થનમાં દૃષ્ટાંત આપે છે કે પૃથ્વી પાકેલા ધાન્યના (ડાંગરના) ખેતરોથી શોભી ઉઠે પછી જળભરેલ મેઘ (વાદળાઓ)નું શું કામ હોય ? તાત્પર્ય કે તેઓ બિનજરૂરી છે. તે જ રીતે ચંદ્ર અને સૂર્યનું ઉગવાનું બિનજરૂરી છે.

માનતુંગાચાર્યના ભક્ત હૃદયમાંથી જેમ જેમ ભક્તામર સ્તોત્ર સહજ રીતે સ્ફુરતું જાય છે તેમ તેમ તેમનો ભક્તિભાવ વધે છે, તેઓ ઉપમા આપવાને પ્રેરાય છે અને ઉપમાઓ ઓછી લાગે કે તેનાથી યોગ્ય ન્યાય અપાતો ન લાગે ત્યારે આચાર્યશ્રી ઉપમાઓને અતિક્રમીને અતિશયોક્તિ અલંકાર યથાર્થ રીતે વાપરે છે. પ્રભુ અને તેમના ગુણો અનન્ય અને અનુપમ છે. પ્રભુનું વ્યક્તિત્વ અને પ્રભુત્વ અનુપમેય છે. પ્રભુ બધી ઉપમાને

જીતીને અતિક્રમે છે ત્યારે ભક્તિ શિખરે પહોંચે છે. આમ તો સૂર્ય બહારનો અંધકાર દૂર કરે છે અને પ્રભુ અંદરનો અંધકાર દૂર કરે છે, છતાં સૂર્યનું શું કામ છે તેમ કહીને માનતુંગાચાર્ય અતિશયોક્તિ અલંકાર યોજે છે.

આ બાબત વિશેષપણે સમજાવવા માનતુંગાચાર્ય પ્રકૃતિમાંથી એક સુંદર ઉદાહરણ આપે છે. ડાંગરને પુષ્કળ પાણીની જરૂર હોય છે. આથી ચોમાસામાં જ ડાંગર તૈયાર થાય છે. જો પાણી ન હોય તો સારી ડાંગર તૈયાર ન થાય. પણ એક વખત ક્યારાની (ખેતરની) અંદર સારી ડાંગર તૈયાર થઈ જાય તે પછી તેને પાણીની જરૂર રહેતી નથી. એ વખતે મેઘ આકાશમાં ચડી આવે તો તેનું કાંઈ પ્રયોજન રહેતું નથી. આ દૃષ્ટાંત દ્વારા આચાર્યશ્રી સમજાવે છે કે કાર્યની સિદ્ધિ થતાં તેના નિમિત્તોની જરૂર રહેતી નથી. અહીં પરમાર્થ એમ છે કે જ્યારે જીવમાં ચારિત્રબળ ખીલતું જાય છે અને આત્માના ગુણો ચોમેર ફેલાતા જાય છે, ત્યારે તેમ કરવામાં નિમિત્ત બનતા જ્ઞાન અને દર્શનની (અર્થાત્ સૂર્ય અને ચંદ્રની) અગત્ય ગૌણ બની જાય છે.

આ રીતે ગૂઢ સંકેતો દ્વારા માનતુંગાચાર્ય પ્રભુને વિનવે છે કે હે પ્રભુ ! તમે મારામાં (સ્મરણમાં, મનમાં, ભાવમાં, આત્મામાં) એવા સતત વ્યાપી રહેજો અને કર્મસમૂહનો નાશ કરવામાં એવા સહાયક (પ્રબળ પ્રેરક નિમિત્ત) થજો કે શુદ્ધ આત્મા પ્રગટાવવા માટે મારે અન્ય કોઈ નિમિત્તનો આશરો લેવો પડે નહિ.

'આવશ્યક સૂત્ર'માં લોગસ્સના પાઠમાં ૨૪ તીર્થંકરની સ્તુતિ કરતા ગણધર ભગવંતોએ કહ્યું કે 'ચંદેસુ નિમ્મલયરા, આઈચ્ચેસુ અહિયં પયાસયરા', એટલે કે હે પ્રભુ ! આપ ચંદ્રથી પણ વિશેષ નિર્મળ છો અને સૂર્યથી પણ અધિક પ્રકાશ કરનારા તેજસ્વી છો. કારણ કે ચંદ્ર અને સૂર્ય તો દ્રવ્ય અંધકારનો નાશ કરી દ્રવ્ય પ્રકાશ આપે છે, જ્યારે પરમાત્માના દર્શનથી ભવ્ય જીવોના અંતરના અનાદિના મિથ્યાત્વ અને અજ્ઞાનના અંધકાર નાશ પામે છે અને સમ્યગ્દર્શનના પ્રકાશને પામી જાય છે. એટલે પ્રભુ તો મોહાંધકારનો નાશ કરનાર પરમ વિશુદ્ધ તેજપુંજ છે, અને તેનાથી જ ભવ્યાત્માઓને પ્રયોજન છે. જ્ઞાનપ્રકાશથી અજ્ઞાનના અંધારા દૂર થયા હોય અને અંતરની ભોમકા જ્ઞાનપ્રકાશથી જળહળીને તેજોમય બની ગઈ હોય પછી દુનિયામાં સૂર્ય અને ચંદ્ર ઊગે કે આથમે તેનાથી કાંઈ ફરક પડતો નથી.

ભક્તામર સ્તોત્રમાં આદિનાથ પ્રભુના તીર્થંકરપણાનો ગુણાનુવાદ છે. અરિહંતપણે વિચરતા તીર્થંકર પ્રભુના કેવળજ્ઞાન, કેવળદર્શન અને યથાખ્યાત ચારિત્રનું માહાત્મ્ય બતાવીને પછી જ્યારે પ્રભુ નિર્વાણ પામીને સિદ્ધદશા પ્રાપ્ત કરે છે ત્યારે તે સિદ્ધ પરમાત્મા કેવળજ્ઞાન (કેવળ જ્ઞાન) સ્વરૂપ જ હોય છે એમ પરમાર્થથી કેવળજ્ઞાનનું વિશેષ માહાત્મ્ય દર્શાવેલ છે.

માનતુંગાચાર્ય કહે છે કે હે પરમદેવ ! જ્યાં આપ બિરાજો છો તે સમવસરણમાં આપના દિવ્ય મુખની એવી તો પ્રભા પ્રસરી જાય છે કે દિવસ-રાતનો ભેદ રહેતો નથી. હે દેવાધિદેવ ! આપના અતીન્દ્રિય જ્ઞાનતેજ પાસે ઈન્દ્રિયજ્ઞાન તો સાવ ફિક્કા પડી ગયા. અતીન્દ્રિય જ્ઞાન (ચૈતન્ય) ખીલ્યું ત્યાં હવે ઈન્દ્રિયોનું (પુદ્ગલ) શું કામ છે ? સ્વાનુભૂતિમાં સાધકનું જ્ઞાન પણ ઈન્દ્રિયોથી પાર/પર રહીને કામ કરે છે.

ઋષભદેવના જન્મ પહેલા આ ભરતક્ષેત્રમાં (ત્રીજા આરામાં) ભોગભૂમિ હતી ને કલ્પવૃક્ષો હતા.

તે કલ્પવૃક્ષોમાં એવું તેજ હતું કે તેની પાસે સૂરજ-ચંદ્ર દેખાતા ન હતા. પછી ઉતરતા કાળમાં જ્યારે કલ્પવૃક્ષોના તેજ ઝાંખા થવા લાગ્યા ત્યારે સૂરજ-ચંદ્ર દેખાવા લાગ્યા. પહેલી વાર તેને દેખીને ભોળા જીવો (યુગલિયા) મૂંઝાયા કે અરે, આકાશમાં આ બે તેજસ્વી ગોળા શેના છે ? ક્યાંથી આવ્યા ? કાંઈ ઉપાધિ તો નહીં કરે ને ! ત્યારે ઋષભદેવે સમજાવ્યું કે એ તો સૂરજ ને ચાંદો છે, હવે કલ્પવૃક્ષો તેજ નહીં આપે ત્યારે આ સૂરજ ને ચાંદ પ્રકાશ આપશે, માટે તેનાથી ડરશો નહિ. અહીં તો ભક્ત કહે છે કે હે ભગવાન ! અમને જ્ઞાનપ્રકાશ દેનારા આપ જ્યાં બિરાજો ત્યાં અમને સૂર્ય-ચંદ્રના તેજ ઝાંખા લાગે છે. સૂર્ય-ચંદ્રનો પ્રકાશ તો ઈન્દ્રિયજ્ઞાનમાં નિમિત્ત છે, ને આપ તો અતીન્દ્રિય જ્ઞાનનો પ્રકાશ દેનારા છો. આપના દેહનું તેજ પણ કોઈ અલૌકિક-આશ્ચર્યકારી છે ને અંદર આત્માનું ચૈતન્યતેજ પણ અચિંત્ય-આશ્ચર્યકારી છે.

જ્ઞાનતેજ ખીલી ગયું ત્યાં હવે પ્રકાશ-ઇન્દ્રિય વગેરે (નિમિત્તો)નો આધાર રહેતો નથી. તેનો અદ્‌ભૂત મહિમા પ્રવચનસાર ગાથા - ૬૭માં શ્રી કુંદકુંદદેવે સમજાવ્યો છે :

**જો દૃષ્ટિ પ્રાણીની તિમિરહર, તો કાર્ય છે નહિ દીપથી;**
**જ્યાં જીવ સ્વયં સુખ પરિણમે, વિષયો કરે છે શું તહીં?(૬૭)**

કુંદકુંદાચાર્ય કહે છે કે જો અંધારામાં દેખાય એવી આંખની જ શક્તિ હોય તો (બિલાડી વગેરેને) દીવાની શી જરૂર છે ? તેમ જો આત્મા પોતે સ્વભાવથી જ સુખરૂપ પરિણમ્યો છે તો વિષયો તેને શું કરે ? હે દેવ ! આપનું જ્ઞાન અને સુખ બંને બાહ્ય વિષયોથી નિરપેક્ષ છે, સ્વાધીન - સ્વયંભૂ છે.

પ્રભો ! આપના નિમિત્તે અમારા આત્મામાં જ્ઞાનપ્રકાશ થયો, અજ્ઞાન અંધારા દૂર થઈ ગયા. તેને માટે હવે સૂર્ય-ચંદ્રની કોઈ જરૂર નથી. આપના શાસનને પામીને અમારા ચૈતન્ય ખેતરમાં ધર્મના પાક પાક્યા ત્યાં હવે જગતમાં બીજા કોઈ (સરાગી) દેવોનું અમારે શું કામ છે ? અરે, ધર્મનો બગીચો ગુણોથી ખીલ્યો તેમાં પુણ્યની કે રાગની અપેક્ષા જ નથી. આવા ભક્તિભાવપૂર્વક ધર્મી જીવ પોતાની પરિણતિને પરભાવોથી પાછી વાળીને અંતર્મુખ લઈ જાય છે. એ આ ભક્તામર સ્તુતિનું તાત્પર્ય છે.

ભક્તની ભક્તિ જ્યારે ઉત્કૃષ્ટ (પરાભક્તિ) બને છે ત્યારે ભક્ત-ભગવાન-ભક્તિ એક થઈ જાય છે, જેમ ઉચ્ચ આત્મદશાને પામેલ સાધક માટે સાધક-સાધ્ય-સાધના એક થઈ જાય છે. ભક્તિની પરાકાષ્ટાએ ભગત જગતવ્યવહાર અને ભાષાને ઓળંગીને (અવગણીને) પોતાના ઈષ્ટદેવને અતિશયોક્તિપૂર્વક સંબોધે (આરાધે) છે. તેવા સમયે જગતને ભગતજી ગાંડા-ઘેલા લાગે છે. તેના દૃષ્ટાંતો તો ઘણા જોવા મળે છે : નરસિંહ મહેતા, મીરાબાઈ, સુરદાસ, ચૈતન્યમહાપ્રભુ, પ્રભુશ્રી (લલ્લુજી મુનિ) વગેરે. પૂજ્ય આત્માનંદજી તે સહુને "**'ગાંડા'**ની વણઝાર" કહીને ભક્તોનું અને તેમની ભક્તિનું અભિવાદન / અનુમોદન કરે છે.

અહીં આચાર્ય માનતુંગસૂરિજીની દશા અદ્‌ભુત છે - મને પ્રભુ મળી ગયા પછી હવે મારે કાંઈ જરૂર નથી, કોઈની જરૂર નથી. આ છે ભક્તની દૃષ્ટિ, ભક્તનો ભાવ, ભક્તની ભવતારક ભક્તિ !

સહુ ભવી જીવો અંતર્મુખ થઈ શીઘ્ર સ્વકલ્યાણ સાધે તેવી મંગલ ભાવના સાથે, જિનાજ્ઞાથી કાંઈ વિપરીત લખાયું હોય તો ત્રિવિધે મિચ્છા મિ દુક્કડમ્.

॥ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥

॥ શ્રી સદ્‌ગુરુચરણાર્પણમસ્તુ ॥

# પ્રભુત્વ શક્તિ (૭)

વલભજી હીરજી 'કેવલ'

જ્ઞાનમાત્ર ભાવમાં ઉલ્લસતી આત્માની અનંત શક્તિઓમાંથી છ શક્તિનું વર્ણન થયું. સાતમી પ્રભુત્વશક્તિ છે. આત્મા અખંડિત પ્રતાપવાળી સ્વતંત્રતાથી શોભે છે. એવી તેની પ્રભુતા છે. એક પ્રભુત્વગુણે સર્વગુણોમાં પ્રભુતા આપી છે. એટલે બધા ગુણો અખંડિત પ્રતાપવાળી સ્વતંત્રતાથી શોભી રહ્યા છે. પ્રભુત્વશક્તિ કહો કે ઇચ્છાશક્તિ કહો કે પરમેશ્વરશક્તિ કહો - બધું એક જ છે. તે પોતાના પરમાત્મપદને ભૂલી ગયો છે. વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર સાચા પરમેશ્વર છે. જેણે પોતાના પ્રભુને- ચૈતન્ય મહાપ્રભુને અંતરમાં દીઠા તેને પર્યાયમાં પ્રભુતા પ્રગટ થાય છે. પોતાની પ્રભુતાનું ભાન થયું અર્થાત્ પોતે જ પોતાનો પરમેશ્વર છે એમ જાણ્યું તો મોહનો નાશ થઈને અખંડ પ્રતાપથી સ્વાધીન શોભાયમાન નિજ ચૈતન્ય પરમેશ્વરના જ્ઞાન-શ્રદ્ધાન અને આચરણ ઉદય પામ્યા. આનું નામ ધર્મ અને આ જ મોક્ષમાર્ગ.

આ પ્રભુત્વ ગુણ બીજા અનંત ગુણમાં વ્યાપક છે. જ્ઞાનમાં પ્રભુત્વ, દર્શનમાં પ્રભુત્વ, આનંદમાં પ્રભુત્વ, વીર્યમાં પ્રભુત્વ, અસ્તિત્વમાં પ્રભુત્વ, કર્તા, કર્મ, કરણ આદિ ષટ્કારક શક્તિઓમાં પ્રભુત્વ-એમ અનંતગુણમાં પ્રભુત્વ વ્યાપક છે. આ પ્રભુત્વ શક્તિ દ્રવ્ય-ગુણ-પર્યાયમાં ત્રણેયમાં પ્રભુત્વશક્તિ વ્યાપે છે.

અહીં પ્રભુત્વશક્તિમાં ચાર બાબતો બતાવી છે : ૧. પ્રતાપ ૨. અખંડિતતા ૩. સ્વાતંત્ર્ય ૪. શોભાયમાનપણું.

આ પ્રમાણે આત્મા-ચૈતન્યપ્રભુ સ્વાધીનપણે પોતાના અખંડિત પ્રતાપ વડે નિત્ય શોભાયમાન છે. તે તેનું પ્રભુત્વ છે. અભેદ એક ત્રિકાળી શુદ્ધ ચિન્માત્ર વસ્તુનું લક્ષ કરતાં તારી પ્રભુત્વશક્તિ અખંડિત પ્રતાપ સહિત તત્કાલ પ્રગટ થાય છે. તે દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેયમાં વ્યાપે છે. પ્રભુત્વ શક્તિ ક્રમે નિર્મળ-નિર્મળ એવી પરિણમે છે કે એનો પ્રતાપ કોઈથી નિવારી શકાતો નથી.

પોતાના દ્રવ્ય-ગુણમાં વ્યાપક એવી પ્રભુત્વશક્તિ વડે તારું જીવન ચૈતન્યના અખંડિત પ્રતાપથી સ્વાધીન શોભાયમાન થાય તે જ જીવનની વાસ્તવિક શોભા છે. ઉજ્જવળતા છે. આ સિવાય બીજા કોઈથી તારી શોભા નથી.

હે જીવ ! તારામાં પ્રભુ થવાનો સ્વભાવ છે. પામર કે દીન રહેવાનો તારો સ્વભાવ નથી. આવી પ્રભુતાને ભૂલીને મૂઢતાથી તે રાગ વડે લાભ માન્યો છે પણ તારી સ્વતંત્ર પ્રભુતામાં રાગની મદદ કેવી ? પ્રભુતાને પ્રતીતમાં લેતા રાગનું અવલંબન રહેતું નથી. આ રીતે અનંતગુણની પ્રભુતાના સ્વતંત્ર પરિણમનથી શોભતી પર્યાય પ્રગટ થઈ તે પર્યાય સહિત આત્મા શોભી ઊઠ્યો તેને જ ખરો આત્મા કહેવાય છે ને આવા પ્રભુતાવાળા આત્માને દૃષ્ટિમાં લેવો તે સમ્યગ્દર્શન છે. સમ્યક્ત્વ થતાં પ્રભુતા ખીલવા માંડે છે ને રાગાદિ વ્યવહારનો અભાવ થવા માંડે છે. આ રીતે નિર્મળતાનો સદ્ભાવ ને રાગાદિનો અભાવ -એવા પરિણમન વડે આત્મા અલ્પકાળમાં સાક્ષાત્ પરમેશ્વર થાય છે.

વીર થઈને મહાવીરના આ પરમાર્થ માર્ગને સેવતો આત્મા એવો વીર છે કે વિકારના અંશને પણ પ્રભુતામાં આવવા ન દે, ને વિકારથી ભિન્ન પોતાના આત્માના આનંદરસને અનુભવે. એ રીતે સ્વાધીનપણે પોતાના અખંડ પ્રતાપને આનંદસહિત અનુભવતો સિદ્ધપદને સાધતો - સાધતો પોતાની પ્રભુતા પ્રગટ કરીને શોભી ઊઠે છે. જય હો આત્મપ્રભુતાનો.

• • •

(ક્રમશઃ)

# સામાયિક વ્રત
(ક્રમાંક - ૫)

નિરુપમાબેન ડગલી

આત્મકલ્યાણની ભાવનાવાળા સાધકોને સમંતભદ્રાચાર્યે દરરોજ ઓછામાં ઓછી ત્રણ સામાયિક કરવાનો ઉપદેશ કહ્યો છે. સવારે પાંચ વાગ્યે ઉઠીને બે સામાયિક કરી શકાય. ત્યારે વાતાવરણ શાંત - પવિત્ર હોવાથી વધુ લાભદાયી થાય છે. પછી સાધુ-સંતોના વ્યાખ્યાન સાંભળવા જઈએ ત્યારે થઈ શકે. છેવટે રાત્રે દેવવંદન, પ્રતિક્રમણ કે આલોચના કરીએ ત્યારે એક સામાયિક થઈ શકે છે. તે માટે સાધકોએ જીવનને નિયમિત બનાવવું જોઈએ. પૂજ્ય આત્માનંદજી લિખિત 'સાધકસાથી' પુસ્તક સાધક જીવો માટે ખૂબ જ ઉપયોગી છે. તેમાં નિયમિતતા, સમયનો સદુપયોગ અને પ્રમાદજયના પ્રકરણ વાંચવાં તેમજ અંતમાં આપેલ સાધકની દૈનિક ડાયરી મુજબ જીવન જીવવાથી આધ્યાત્મિક માર્ગમાં ઘણી પ્રગતિ થઈ શકે છે.

**सामायिके सारम्भाः परिग्रहा नैव सन्ति सर्वेऽपि ।**
**चेलोपसृष्ट मुनिरिव गृही तदा याति यतिभावं ॥**

**२. श्रा - १०२**

સામાયિકના સમયમાં કૃષિ આદિ આરંભ સહિત બધાય અંતરંગ અને બહિરંગ પરિગ્રહો હોતા જ નથી, તેથી તે સમયે ગૃહસ્થ વસ્ત્ર ઓઢેલા મુનિ સમાન મુનિપણાને પ્રાપ્ત કરે છે.

સંસારમાં રહ્યા છતાં ઉત્તમ સામાયિક વ્રતનું આરાધન કર્યું હોય તેવા પુણિયા શ્રાવકની કથા અત્રે સંક્ષેપમાં આપી છે. ભગવાન મહાવીરને રાજા શ્રેણિકે પૂછ્યું, "ભગવાન ! મારે નરકનો બંધ છે તો મારી નરકગતિ ટળે એવો કોઈ ઉપાય બતાવો." પ્રભુએ એક રસ્તો એ બતાવ્યો કે પુણિયા શ્રાવક પાસે જઈ એના એક સામાયિકનું ફળ વેચાતું લઈ આવ. તો નરકે જવું ન પડે. શ્રેણિક મહારાજાને તો આ વાત સહેલી લાગી.

"પુણિયા શ્રાવકને ગૃહે, આવ્યો શ્રેણિક રાય,
પૂછે સામાયિક તણું, મૂલ્ય કેટલું થાય ?
શ્રાવક કહે ક્રય વસ્તુ નહીં, એનું મૂલ્ય અતુલ્ય,
છતાં મહાવીર જે કહે, તે જ એહનું મૂલ્ય."

શ્રેણિક મહારાજે ભગવાનને પૂછ્યું કે આ શ્રાવકની સામાયિકની કિંમત કેટલી કહેવાય ? ત્યારે પ્રભુએ જણાવ્યું કે તારું સમગ્ર રાજ્ય અને ઋદ્ધિ આપી દે તો પણ તેની કિંમત ભરપાઈ થાય નહીં, ફક્ત દલાલી ચૂકવી શકાય, મૂળ કિંમત તો બાકી જ રહે. તેમ આ પુણિયા શ્રાવકનું સામાયિક અમૂલ્ય છે.

પુણિયા શ્રાવકજી રૂની પૂણીઓ બનાવી વેંચીને તેમાંથી મળતાં બે આનાથી સંતોષ રાખી આજીવિકા ચલાવતાં. પતિ-પત્ની બંનેને અતિથિ સંવિભાગ વ્રત બહુ પ્રિય હતું. તેઓ રોજ બે જણની રસોઈ કરતાં, પણ પતિ અને પત્ની એકાંતરે ઉપવાસ કરતાં અને તેના બદલામાં એક અતિથિને પોતાના ઘેર જમાડતાં.

એક દિવસ પુણિયા શ્રાવકે તેની પત્નીને કહ્યું, "આજે સામાયિકમાં ચિત્ત સ્થિર રહેતું નથી, તેનું શું કારણ ? તું કાંઈ અદત્ત કે અનીતિનું દ્રવ્ય લાવી છો ?" શ્રાવિકાએ વિચારીને કહ્યું કે માર્ગમાં છાણા પડ્યા હતાં તે લાવી છું. પુણિયા શ્રાવકે કહ્યું, "રસ્તામાં પડેલી ચીજ આપણાથી કેમ

લેવાય ? તે તો રાજદ્રવ્ય ગણાય, માટે છાણા પાછા રસ્તા પર મૂકી દેજો. હવે પછી આવી કોઈ ચીજ રસ્તા પરથી લાવશો નહીં. આપણને અણહક્કનું ખપે નહીં.''

કેવા નિઃસ્પૃહી, ઉદાર અને નીતિમાન હતા તે પુણિયા શ્રાવક કે ભગવાન મહાવીરે સ્વમુખે તેમના વખાણ કર્યા.

આચાર્ય શ્રી ભદ્રસૂરીશ્વરજી મહારાજાની ૮૫ વર્ષની ઉંમરે આંખો અચાનક ચાલી ગઈ ત્યારે આઘાત પામેલા શિષ્યોને તેમણે કહેલું, ''બહારનું કેટલુંય જોઈ નાખ્યું, હવે કુદરતે અંદર જોવાની અનુકૂળતા કરી આપી તો અંદર ઉતરી શકીશું.'' આંખોની રોશની ગયા પછી પણ આશરે બે દાયકા શેષ જીવન પૂરી સમતાથી વ્યતીત કર્યું.

એક ભાઈની પ્રૌઢાવસ્થામાં જ બંને આંખોની રોશની અચાનક ચાલી ગઈ. તેઓ વાંચનના ખૂબ જ રસિક હતાં. તાત્ત્વિક, સાત્ત્વિક અને દાર્શનિક સાહિત્યના ઊંડા અભ્યાસી એવા ભાઈને કોઈ મિત્રએ પૂછ્યું કે હવે તો વાંચનનો અવરોધ ઊભો થયો તો હવે શું કરશો ? તરત તે ભાઈએ જવાબ આપ્યો કે ના રે ના ! અત્યાર સુધી જે વાંચ્યું તેના પર મનન કરવાનું કેવું મોકળું મેદાન મળી ગયું ! અત્યાર સુધી જે વાંચ્યું છે તેના પર પરીક્ષા આપવાનો આ અવસર આવ્યો છે. પરીક્ષા પહેલાં વાંચેલું હોય તે પરીક્ષા વખતે કામ લાગે, પરીક્ષાના સમયે તો વાંચવાનું બંધ કરવું જ પડે ને ! બસ અત્યારે તો પેપર લખી રહ્યો છું. બહુ મજા પડે છે !

જુઓ, જીવનમાં સામાયિક દ્વારા કેળવેલો સમભાવ અંત સમયમાં કેટલો ઉપયોગી થાય છે. છેવટે પરમકૃપાળુદેવે વચનામૃતમાં લખ્યું છે, ''સાઠ ઘડીના અહોરાત્ર વ્યર્થ ચાલ્યા જાય છે. અસંખ્યાતા દિવસથી ભરેલા અનંતા કાળચક્ર વ્યતીત કરતાં પણ જે સાર્થક ન થયું તે બે ઘડીની વિશુદ્ધ સામાયિક સાર્થક કરે છે. સાઠ ઘડીના વખતમાંથી બે ઘડી અવશ્ય બચાવી સામાયિક તો સદ્‌ભાવથી કરવું.''

જિનાજ્ઞાથી કંઈ વિરુદ્ધ લખાયું હોય તો અંતઃકરણપૂર્વક મિચ્છા મિ દુક્કડમ્. ■ ■ ■

## ગ્રંથ સમાલોચના

**– મિતેશભાઈ એ. શાહ**

(નોંધ : આ વિભાગ માટે ગ્રંથ કે પુસ્તકની બે નકલ મોકલવા વિનંતી.)

(૧) **પુસ્તકનું નામ : જિનાગમ સાર**

**સંકલનકાર :** બા.બ્ર.પૂજ્યશ્રી ગોકુળભાઈ • પાના : ૫૧૪

**પ્રકાશક :** સહજાત્મસ્વરૂપ પરમગુરુ ટ્રસ્ટ, C/o. નરેશભાઈ સી. શાહ (ટ્રસ્ટી). ફોનઃ ૦૭૯-૨૬૭૬૦૭૧૮

**પ્રાપ્તિસ્થાનો :** (૧) શ્રી ધારિણીબેન, અમદાવાદ. મો. ૦-૯૪૨૮૬૧૨૨૦૫
(૨) ડૉ. મિહિરભાઈ, મુંબઈ. મો. ૦-૯૩૨૪૦૩૭૧૭૩
(૩) સુજ્ઞશ્રી પારેખ બહેનો, રાજકોટ. ફોન : ૦૨૮૧-૨૨૨૫૧૦૮

આકર્ષક મુખપૃષ્ઠ, સારા કાગળનો ઉપયોગ થયેલ છે. ભાવવાહી દેવ-ગુરુના ફોટાઓ છે. આ ગ્રંથમાં ૧૦૧ જેટલા સત્શાસ્ત્રોના અવતરણોનો આધાર લેવામાં આવ્યો છે. તત્ત્વાવબોધ, જ્ઞાન-ધ્યાન-વૈરાગ્યની પ્રાપ્તિ માટે આ ગ્રંથ મુમુક્ષુઓને ખૂબ સહાયભૂત થતો હોવાથી દરેક મુમુક્ષુને આ ગ્રંથ અવશ્ય લાભદાયી નીવડશે.

# પતંગનું પર્વ - ઉત્તરાયણનો સંદેશ

પારુલબેન ભરતકુમાર ગાંધી

આકાશમાં રંગોનો મેળો જામ્યો હતો. મકરસંક્રાંતિના પર્વે વિવિધ આકારની, રંગોની, ડિઝાઈનની સંખ્યાબંધ પતંગો ઊડી રહી હતી. ચારેબાજુ ઉત્સવનો માહોલ હતો. 'એ કાપ્યો છે...'ની બૂમો ચારેબાજુથી સંભળાતી હતી. સાંજ ઢળી રહી હતી. એક બાળક પોતાનો પતંગ ચગાવી રહ્યો હતો. યોગ્ય દિશામાં પવન, યોગ્ય દોરો, યોગ્ય પતંગ અને ચગાવનારની કાબેલિયતે પતંગને જાણે આભે અડાડી દીધો હતો.

એ જ વખતે પતંગના મનમાં વિચાર આવ્યો કે જો આ દોરાની સાથે બંધાયેલ ન હોત તો ક્યાંય ઊંચે ઊડી આકાશને મળી ગયો હોત ! અરે ! ગરુડ જેવા પક્ષીઓના રાજને પણ હું હંફાવી દેત. હજી તો તે વિચાર કરતો હતો ત્યાં જ બીજા પતંગની દોરી આવી, પેચ લાગ્યા અને પતંગની દોરી કપાઈ ગઈ. પતંગને થયું કે હાશ ! હવે હું બંધનમાંથી છૂટી ગયો, હવે હું ખૂબ ઊંચે ઊડીશ અને બીજા બધાને હરાવી દઈશ.

પણ, અરે ! આ શું થયું ? પતંગ તો ઉપર જવાને બદલે નીચે આવતો ગયો. પાંચ-દસ મિનિટમાં તો એ સાવ નીચે આવી ગયો અને એક પાણીના ખાબોચિયામાં પડી પલળીને એ હતો - ન હતો થઈ ગયો અને તેનું અસ્તિત્વ જ વિલાઈ ગયું.

ઉત્તરાયણ એ પતંગનું પર્વ. આ દિવસે પતંગ સંદેશ આપે છે કે મેં જે વિચાર્યું એવું વિચારવાની ભૂલ તમે ન કરતાં. કેટલાક બંધનો પણ જિંદગી જીવવા માટે જરૂરી હોય છે, જે જિંદગી આપતા જ નથી પણ તેને સુરક્ષિત પણ રાખે છે. આવા બંધનોમાં દેશના, સમાજના, ગામના, કુટુંબના, સંબંધોના એમ અનેક પ્રકારના બંધનો હોય છે. આ બંધનો હોય છે ત્યારે ગમતા નથી અને લોકો તેનાથી મુક્ત થવાના પ્રયાસો કરે છે, પરંતુ એ ક્યારેય ભૂલવા જેવું નથી કે બંધનોને તોડી નાખનારાની દશા બદથી યે બદતર થતી હોય છે. માન્યામાં ન આવતું હોય તો કોઈ અનુભવીને પૂછી જુઓ.

દેશની સીમાને ઓળંગી સામે પાર પરવાનગી વિના ગયા તો જિંદગીભર કારાવાસ ભોગવવાનો વખત આવે છે. સમાજના બંધનોને ફગાવી પ્રેમલગ્ન કરનાર અનેક દીકરીઓ છે કે જે સામા માણસને ઓળખી-સમજી ન શકી અને નીતિ-નિયમોને નેવે મૂકી મોહમાં તણાઈ ગઈ. પરિણામ સ્વરૂપ દલાલોના હાથમાં ફસાઈ ગઈ અને જીવન હાથે કરી દુઃખમય બનાવી દીધું. ક્યારેક વળી બાપની દોમ-દોમ સાહ્યબીને લાત મારનાર દીકરીને પારકે ઘરે કામ કરીને પોતાનું તથા પરિવારનું ગુજરાન ચલાવવાની નોબત આવી છે. મિત્રતાની મર્યાદા લાંઘનાર માટે પણ ક્યારેક પોતાની પત્નીને મિત્ર સાથે વળાવી દેવાની કે ક્યારેક પોતાની સાહેલી પોતાનાજ ઘરમાં પતિની બીજી પત્ની બનીને આવે છે એવી વાતોની નવાઈ નથી. આવા તો કેટલાય દૃષ્ટાંતો આપણી નજર સમક્ષ છે, છતાં આપણે તેમાંથી કશું શીખ્યા નથી. એ બાબત પર વિચાર કરવો જરૂરી છે કે આખી દુનિયામાં જે કાંઈ સારું થાય છે, સારું દેખાય છે તેની પાછળ ચોક્કસ પ્રકારની વ્યવસ્થા, નીતિ-નિયમો, મર્યાદા કામ કરતાં હોય છે.

બંધનનું પોતાનું આગવું મહત્ત્વ રહેલું છે. માત્ર સ્વતંત્રતા જ છે ત્યાં કામ બગડ્યા વગર રહેતું નથી. ત્યાં સ્વચ્છંદતા પણ આવે છે, જે કાર્યને ચોક્કસ બગાડે છે. માનવીના જીવનને જવા દો, કુદરતે પણ દરેક કાર્યની એક મર્યાદા બાંધેલી છે.

જ્યાં એ મર્યાદા ઓળંગાઈ છે ત્યાં જીવન દોહ્યલું બન્યું છે. નદીએ કિનારાની મર્યાદા ઓળંગી તો કિનારે વસેલા શહેરોને ખેદાન-મેદાન કરી મૂક્યા. ખેતરને વાડનું બંધન ન હોય તો પશુ પાકને રહેવા દેતા નથી. સાગર જ્યારે માઝા મૂકી દે છે ત્યારે ત્સુનામી આવે જ છે, વરસાદ અતિવૃષ્ટિરૂપે વરસે ત્યારે જગતને જળબંબાકાર કરી દે છે. આમ, મર્યાદા કે બંધન માનવી કે કુદરત બધા માટે જરૂરી છે.

તપાસવા જેવું છે આપણું પોતાનું જીવન ! દેશની, સમાજની, કુટુંબની, ધર્મની નિયત કરેલ મર્યાદાઓને-બંધનોને આપણે સ્વીકાર્યા છે ખરા ? આને સ્વીકારવા માટે ઘણીવાર જીવનમાં અણગમતી બાબત કરવી પડતી હોય છે. પ્રિય વસ્તુ કે વ્યક્તિથી દૂર થવું પડતું હોય છે. અનુકૂળતાઓ છોડી પ્રતિકૂળતાનો સ્વીકાર કરવો પડતો હોય છે. આ બધું કરવાની આપણી તૈયારી છે ખરી ? જો હા, તો જીવનમાં સુખ જ સુખ છે. જો ના, તો પછી ગંભીરતાથી એના પરિણામનો વિચાર કરી સન્માર્ગે જવામાં પાછીપાની કરવી નહિ. બંધનથી મુક્તિ જ ઈચ્છનારાના જીવનમાં એવું ન બને કે,

પિંજરા તો ખૂલ ગયા, મગર પાંખે તૂટ ગઈ,
દિયા તો જલ ગયા, મગર આંખે ફૂટ ગઈ,
આદમી કો ચલને કે લિયે, પંથ તો મિલ ગયા,
મગર ચલને કી દિશા ઔર રફતાર છૂટ ગઈ.

**સાવધાન**

- પતંગ ઉડાવવાના મોહમાં અને ઉત્સાહના અતિરેકમાં જીવલેણ દોરાઓ વાપરી આપણે પંચેન્દ્રિયની હિંસામાં કે તેને ગંભીર ઈજા પહોંચાડવામાં નિમિત્તરૂપ તો નથી બનતા ને?
- દરેક કાર્યમાં સાવધાની અગત્યની છે. પતંગ ઉડાવતી વખતે તેમાં ગુલતાન બની આપણે પતંગ લૂંટવામાં, પેચ લગાવવામાં કે લૂંટાલૂંટ કરવામાં મસ્ત બની આપણા પોતાના કે અન્યની જાનના દુશ્મન તો નથી બનતાં ને ?
- પતંગની સાથે ફાનસ ચગાવતી વખતે ક્યારેક અણજાણ્યે લાગતી આગના નિમિત્ત બનીને જાન-માલની નુકસાની વહોરતા નથી ને ?
- પતંગની પાછળ કરાતા ખર્ચને - વ્યયને સદ્‌માર્ગે વાળવાથી, કોઈ ગરીબ વિદ્યાર્થીને પુસ્તક અપાવીને, કોઈ દર્દીને દવા આપીને, કોઈ ભૂખ્યાને ભોજન કરાવીને આપણે પુણ્યકાર્યમાં સદ્‌ભાગી જરૂરી બની શકીએ. ■ ■ ■

## ભક્તિની મસ્તી

- મધુભાઈ પારેખ

તારા દર્શનનો દીવાનો, તારી ભક્તિનો મસ્તાનો,
તારી પૂજાનો અભિલાષી હું એકલો... (૨)...તારા
નિશદિન તારા દર્શન કરવા, મંદિરે હું આવું,
રાજપ્રભુ તારી આંખલડીમાં, કરુણા હું નિહાળું;
તારા ચરણોનો ઉપાસી, તારા જ્ઞાનનો પિયાસી,
તારા બોધનો બંધાણી હું એકલો... (૨)...તારા
તારો મારગ ભક્તજનોને, આપે છે વિશ્વાસ,
સત્સંગનું આરાધન કરતા, પ્રગટે આત્મ પ્રકાશ;
તારા વચનામૃત આધાર, તારો અપૂર્વ અવસર સાર,
તારી આત્મસિદ્ધિમાં માર્ગ મળ્યો છે મોક્ષનો.(૨).તારા

## પ્રભુભક્તિ

- મધુભાઈ પારેખ

મેંતો જીવન તારે ચરણે, સોંપી દીધું છે,
તું રાખે તેમ રહેવું મારે, કંઈ ના કહેવું છે... મેં તો
ધન-વૈભવનો સંચય કીધો, કોઈને ના દીધું (૨)
મારું-મારું કરી કર્મો બાંધ્યા, છોડ્યા ના છૂટે (૨)
બાંધ્યા કર્મો સાથે આવે, ગમે કે ના ગમે... મેં તો
આશા-તૃષ્ણા રહી અધૂરી, કોને જઈને કહું (૨)
માયા-મમતા બની ઠગારી, જીવન એળે ગયું (૨)
સદ્‌ગુરુ બોધ ના લક્ષે લીધો, સ્વચ્છંદ છોડ્યો નહીં... મેં તો
કોઈ પ્રત્યે મને રાગ નથી, દ્વેષ પણ નથી (૨)
સગા-સંબંધી કોઈ મારા નથી, શત્રુ-મિત્ર નથી (૨)
દેહ સબંધ જ્યારે છૂટી જાશે, કોઈ ના રોકી શકે... મેં તો

# રાજસ્થાન (ચીતરી - કોટડા) ધર્મયાત્રા

**મહેન્દ્રભાઈ કે. ખંધાર**

**● પ્રાસ્તાવિક :**

ગયા વર્ષે (ડિસેમ્બર ૨૦૧૪) કોબા આશ્રમથી જયપુરની જાત્રા દરમ્યાન જયપુરમાં પૂ. આચાર્ય ગુપ્તિનંદીજી અને તેમના મુનિસંઘના દર્શન-સત્સંગનો લાભ મળ્યો હતો. આચાર્યશ્રીએ કોબા સંઘને ૨૦૧૫ના રાજસ્થાનના ચાતુર્માસ દરમ્યાન દર્શન - સત્સંગ માટે આમંત્રણ આપેલ. તેમનું ચાતુર્માસ ચીતરી ગામમાં(કોબા આશ્રમના યુવા સાધક બા. બ્ર. અલકાબેનનું ગામ અને મુનિસંઘના પૂ. ચંદ્રગુપ્તજી અલકાબેનના સંસારી ભાઈ થાય) નક્કી થયું. તેથી ત્યાં જવાનું વિશેષ કારણ મળ્યું. વળી, નજીકના કોટડા ગામમાં (કોબા આશ્રમના યુવાસાધક બા.બ્ર.સુરેશજીનું ગામ) સુરેશજીના કુટુંબના નવા ઘરમાં ચિત્રપટ સ્થાપન-ભક્તિ સત્સંગ માટે વિનંતી આવતા, પૂ. સાહેબજી અને તીર્થયાત્રા સમિતિએ રાજસ્થાનની ૩ દિવસ (ઓક્ટો. ૨૩-૨૪-૨૫, ૨૦૧૫)ની ધર્મયાત્રાનું આયોજન કર્યું.

ચીતરી ૧૦ હજારની વસ્તીવાળું બાંસવાડા જિલ્લામાં (દક્ષિણ રાજસ્થાન)માં આવેલ ગામ છે. ત્યાં ૪૦ જૈન કુટુંબો છે અને એક મોટું દિગંબર મંદિર - સંકુલ છે.

**● શુક્રવાર, ઓક્ટોબર ૨૩ :**

પૂ. સાહેબજી અને પૂ. બહેનશ્રી સહિત ૩૭ મુમુક્ષુઓ ચીતરી જવા માટે સવારે કોબાથી નીકળ્યા. મોડાસામાં 'જીરાવલા પાર્શ્વનાથ ૨૪ - તીર્થંકર' તીર્થમાં દર્શન કર્યા. ચીતરી જૈન સમાજ અને ગ્રામજનોએ ભવ્ય સ્વાગત કર્યું. શ્રી રાજેન્દ્રભાઈ (અલકાબેનનું કુટુંબ)ને ત્યાં એક કલાક ભક્તિ કરી.

મંદિર-સંકુલના હૉલમાં પૂ. આચાર્ય ગુપ્તિનંદીજી, પૂ. મુનિ સુયશજી (સી.એ.), પૂ. મુનિ ચંદ્રગુપ્તજી અને ૪ આર્યિકાજી(માતાજી, કે જેમાં એક તો પૂ. આચાર્યશ્રીના સંસારી માતા છે) સહિત મુનિસંઘના દર્શન કર્યા. બે કલાકની જ્ઞાન-ગોષ્ઠિમાં પ.કૃ.દેવનું જીવન-કવન, સાહેબજીની આધ્યાત્મિક રુચિ - પ્રગતિ, કોબા આશ્રમની ગતિ-વિધિ, જૈન આગમો અને આચાર્યશ્રીનું જીવન-અભ્યાસ-વૈરાગ્ય વગેરે વાતો વાત્સલ્યભાવે થઈ.

રાત્રે આચાર્યશ્રીના સંઘ અને અન્ય ભાવિકોના સ્વરચિત આધ્યાત્મિક કાવ્યોની રજૂઆતના કાર્યક્રમથી સહુને આનંદ થયો. પછી પૂ. સાહેબજી, પૂ. બહેનશ્રી, સંતનિવાસના મુખ્ય દાતા આદ. શ્રી કુમુદભાઈ મહેતા અને કોબા જાત્રા સંઘના મુમુક્ષુઓનું બહુમાન કર્યું.

**● શનિવાર, ઓક્ટો. ૨૪ :**

સવારે વહેલા તૈયાર થઈને મંદિરમાં પ્રક્ષાલ-અભિષેક પછી, મુખ્ય હૉલમાં પૂજા અને શાંતિવિધાન હતા, આચાર્યશ્રીના માર્ગદર્શન નીચે જાત્રા સંઘે, ચીતરી જૈન સમાજને મુનિ ભગવંતોના આહાર-ઔષધ-વિહાર-વૈયાવચ્ચ માટે ૬૨ હજારનું અનુદાન આપ્યું. આચાર્યશ્રીની પ્રેરણાથી જૈન સમાજે કોબા સંસ્થાને અભિષેક-આરતી માટે ચાંદીના ઉપકરણો ભેટ આપ્યા. પછી આદ. શ્રી કુમુદભાઈના હસ્તે સંતનિવાસનું ઉદ્‌ઘાટન અને ગુરુ ભગવંતોના ચિત્રપટોની અનાવરણવિધિ થઈ. ત્યારબાદ પૂ. સાહેબજી સહિત સહુએ આચાર્યશ્રી-મુનિઓ-માતાજીને આહારદાન કર્યું. મોડી બપોરે આચાર્યશ્રીએ વાત્સલ્ય મિલન રાખેલ. આદ. બા. બ્ર. અલકાબેન અને તેમનું કુટુંબ (શ્રી રાજેન્દ્રભાઈ),

આદ. બા.બ્ર.સંધ્યાબેન અને તેમનું કુટુંબ તથા ચીતરી જૈન સમાજે કોબા જાત્રા સંઘની બે દિવસ ખૂબ સારી મહેમાનગતિ પ્રેમથી કરી.

ચીતરીથી ૪ વાગ્યે નીકળીને જાત્રા સંઘ ૬ વાગ્યે કોટડા પહોંચ્યો. ભોજન બાદ, ગામના રામજી મંદિરના ચોકમાં જાહેર સત્સંગ સભા હતી. તેમાં પૂ. સાહેબજી, પૂ. બહેનશ્રી, આદ. સુરેશજી અને તેમના મોટાભાઈ ગોપાલજીના બહુમાન પછી, કોબા મુમુક્ષુઓની ભક્તિથી સહુના હૃદયના તાર ઝણઝણી ઉઠ્યા. સત્સંગમાં પૂ. સાહેબજીએ દુર્લભ માનવભવ, પૂ. બહેનશ્રીએ મૈત્રી આદિ ૪ ભાવના અને આદ. સુરેશજીએ ૩ પ્રકારના કાર્યો - કર્મો વિશે કહ્યું.

**● રવિવાર, ઓક્ટો. ૨૫ :**

વહેલી સવારે નજીકના (૫ કિ.મી.) અર્થુના ગામમાં (કે જ્યાં ૪૫૦ જૈન ઘર છે) મોટા દિગંબર મંદિર-સંકુલમાં મૂળનાયક ચંદ્રપ્રભુના દર્શન તથા ૩ મુનિ મહારાજ - વીરસાગરજી, ધવલસાગરજી અને વિશાલસાગરજીની વંદના કરી.

પછી શ્રી નટવરભાઈ (સુરેશજીનું કુટુંબ)ના ઘરે પ્રભુ-ગુરુના ચિત્રપટોની સ્થાપના પૂજા, ભક્તિ ભાવથી કર્યા. ત્યારબાદ બાજુમાં રહેતા મુમુક્ષુ જિતેન્દ્રભાઈને ત્યાં પણ તે જ રીતે પ્રભુ-ગુરુના ચિત્રપટોની સ્થાપના અને ભક્તિ કર્યા. બપોરના સુરેશજીના દાદા, પિતા (નટવરભાઈ) અને જ્યેષ્ઠ બંધુ (ગોપાલભાઈ) અને ગામના આગેવાનોએ આભાર, વિદાયવિધિ અને પ્રભાવના કરી.

રસ્તામાં (કોટડાથી આશરે ૩૦ કિ.મી.) માનગઢમાં સ્મૃતિ સ્મારક પાસે શહીદોને શ્રદ્ધાંજલિ આપી. અહીં ઈ.સ. ૧૯૧૩માં તે સમયના રાજ્યકર્તા અંગ્રેજોએ ચાંદની રાતમાં ટેકરી પર ગોવિંદગુરુ સાથે યજ્ઞ-ભક્તિ-સત્સંગ કરતા નિઃશસ્ત્ર, નિર્દોષ વૃદ્ધો-બાળકો-બહેનો-ભાઈઓ પર મોટી ફોજ, મશીનગન અને તોપ સાથે આક્રમણ કરીને લગભગ ૨૦૦૦ માણસોની ઠંડે કલેજે હત્યા કરેલ.

જાત્રાની સફળતામાં પ્રભુ-ગુરુના આશીર્વાદ ઉપરાંત જાત્રાસમિતિ (મહેન્દ્રભાઈ ખંધાર, પંકજભાઈ શાહ, નવીનભાઈ શાહ, વીણાબેન ખંધાર) તથા મનહરભાઈ જશવાણી, દિનેશભાઈ બાવીસી, પ્રફુલભાઈ લાખાણી, જયંતીભાઈ શાહ (હિંમતનગર), નરેન્દ્રભાઈ શાહ, ચંપકભાઈ પરમાર્થી, જોઈતારામભાઈ પરમાર વગેરેનું યોગદાન હતું. સંસ્થા સહુનો હૃદયપૂર્વક આભાર માને છે.

■ ■ ■

## ચાલને હવે હું સૂરજ બનું !

**- ડૉ. રમાબેન દેસાઈ (અમરેલી)**

કાર્તિક માસની શ્યામ વેળાએ,
ચાંદ-તારા ભેગા મળ્યા ને, તત્ત્વબોધની વાતે વળ્યા,
વાત કરતા વહાણું વાયુ ને, ઘેર જવા સહુ નીકળી પડ્યા,
એક તારો પડી ગયો ને આકાશેથી સરી પડ્યો.
આવી ઊતર્યો ભાગીરથી માંને ઉર, વીરજીભાઈની આંખનું નૂર,
દિવસ ગણંતા માસ થયા ને, કંઈક વર્ષો વીતી ગયા,
તારો વિચારે તત્ત્વની વાત, ન વિસરે કદી ગગની વાટ.
અને એકદા ?
"શુદ્ધ છું, હું શુદ્ધ છું ! પ્રકાશનો હું પુંજ છું.
તે જ મારી બાહ્ય જાત, ચેતન મારો અંતઃ પ્રાણ.
શાને હવે હું તારો રહું ? ચાલને હવે હું સૂરજ બનું !"
કારણ ?
અંબર આખું ઝાકમઝોળ, પણ અવનિમાં અંધારું ઘોર !
અહીં રહી તું કર પ્રકાશ, થશે અવનિમાં ખૂબ ઉજાશ,
અંતર આમ વદી ઊઠ્યું એક રાત, "સૂરજ! સૂરજ! એક જ વાત,
અમ બાળની તું એક જ આશ, જીવે તું હજારો સાલ."

# સમાજ-સંસ્થા દર્શન

## સંસ્થામાં ફેબ્રુઆરી માસમાં આયોજિત આધ્યાત્મિક શિબિરમાં પધારવા નિમંત્રણ

આપણી સંસ્થામાં તા. ૧૩-૨-૧૬થી તા. ૧૫-૨-૧૬ દરમ્યાન પૂજ્યશ્રીની પાવન નિશ્રામાં આધ્યાત્મિક શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. શિબિરમાં શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, રાજનગર, કુકમાના અધિષ્ઠાતા **પૂજ્યશ્રી ગાંગજીભાઈ મોતા**ના સ્વાધ્યાય / સત્સંગનો લાભ મળશે. શિબિર દરમિયાન પૂજ્યશ્રી આત્માનંદજી, આદ. બા.બ્ર. શ્રી સુરેશજીના સ્વાધ્યાય ઉપરાંત ધ્યાન, ભક્તિસંગીત તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે. સૌને પધારવા ભાવભર્યું નિમંત્રણ છે. આપના આગમનની જાણ અગાઉથી સંસ્થામાં કરવા વિનંતી છે.

## સંસ્થામાં 'સમ્યક્ચારિત્ર' વિષયક લેખિત કસોટીનું આયોજન

સંસ્થામાં તા. ૧૨-૨-૧૬ના રોજ બપોરે ૩.૧૫થી ૫.૦૦ દરમિયાન 'સમ્યક્ચારિત્ર' વિષયક લેખિત કસોટીનું આયોજન કરવામાં આવ્યું છે. આ વિષય સાધકો માટે મહત્ત્વપૂર્ણ હોવાથી વિષય દઢીભૂત થાય તે અર્થે બીજી વાર લેખિત કસોટીનું આયોજન કરેલ છે. કસોટીમાં ઓબ્જેક્ટીવ પ્રકારના પ્રશ્નો પૂછાશે. સ્વ-કલ્યાણ અર્થે લેખિત કસોટીમાં સહભાગી થવા વિનંતી છે. પરીક્ષાનો અભ્યાસક્રમ સંસ્થાની વેબસાઈટ પર મૂકવામાં આવેલ છે. વધુ જાણકારી માટે આદ. બા.બ્ર. સુરેશજીનો સંપર્ક સાધવો.

## સંસ્થાના વિવિધ વિભાગોમાં આર્થિક સહયોગ આપનારા દાનવીર મહાનુભાવો

સંસ્થાના વિવિધ વિભાગોમાં આર્થિક સહયોગ આપનારા નીચેના દાનવીર મહાનુભાવોને સંસ્થા સાભાર ધન્યવાદ પાઠવે છે :

● **ભોજનાલય :**

(૧) માતુશ્રી લક્ષ્મીબેન પ્રેમજી લીલબાઈ ભારમલ કારાણી — રૂ. ૧,૫૧,૦૦૦/-
હસ્તે આદ.શ્રી મયંકભાઈ તથા આદ.શ્રી ભારતીબેન અરવિંદભાઈ કારણી, મુંબઈ
(ભોજનાલય કાયમી તિથિ - કારતક સુદ ૫, જ્ઞાનપંચમી)

(૨) આદ.શ્રી રસિકભાઈ કે. શાહના ધર્મપત્ની સ્વ. મંજુલાબેન રસિકલાલ શાહની જન્મતિથિ નિમિત્તે (ભોજનાલય કાયમી તિથિ) — રૂ. ૧,૫૧,૦૦૦/-

(૩) આદ.શ્રી ઈલાબેન વનેચંદભાઈ મહેતા, અમદાવાદ — રૂ. ૨૫,૦૦૦/-

(૪) શ્રી વીતરાગ સ્વાધ્યાય મંડળ, અકલુજ (મહારાષ્ટ્ર) — રૂ.૧૦,૦૦૦/-

(૫) સાકરબેન એન્ડ મંગલભાઈ દેસાઈ ટ્રસ્ટ — રૂ. ૧૦,૦૦૦/-
હસ્તે : આદ. શ્રી બકુલાબેન દેસાઈ, અમદાવાદ

● **જ્ઞાનદાન :** (૧) આદ. શ્રી વિમલાબેન ટી. સાવલા, મુંબઈ — રૂ. ૨૦,૦૦૦/-
(૨) શ્રી વીતરાગ સ્વાધ્યાય મંડળ, અકલુજ (મહારાષ્ટ્ર) — રૂ. ૧૦,૦૦૦/-

● **પુસ્તક પ્રકાશન :** (૧) એક મુમુક્ષુ બહેન, અમદાવાદ — રૂ. ૩૧,૦૦૦/-

• **ગુરુકુળ :** (૧) શ્રી Nelion Exports — રૂ. ૧,૦૦,૦૦૦/-
હસ્તે : આદ.શ્રી અશ્વિનભાઈ પંચમિયા, સાયન, મુંબઈ

(૨) જૈન સોસાયટી ઑફ રોચેસ્ટર, યુએસએ — ૪૭૫ ડોલર
હસ્તે : આદ. શ્રી વિનોદભાઈ સિંધિ તથા આદ.શ્રી ભરતભાઈ એમ. શાહ

(૩) આદ. શ્રી ઈલાબેન વનેચંદભાઈ મહેતા, અમદાવાદ — રૂ. ૨૫,૦૦૦/-

• **મેડિકલ :** (૧) જૈન સોસાયટી ઑફ રોચેસ્ટર, યુ.એસ.એ. — ૪૭૫ ડૉલર
હસ્તે : આદ. શ્રી વિનોદભાઈ સિંધિ તથા આદ.શ્રી ભરતભાઈ એમ. શાહ

• **સાધારણ ખાતુ :** (૧) આદ.શ્રી ઋષભભાઈ હરેશભાઈ રાવલ, વીલેપાર્લા, મુંબઈ — રૂ. ૫૦,૦૦૦/-
(૨) આદ.શ્રી સુરેશભાઈ એચ. પટેલ, અમદાવાદ — રૂ. ૧૦,૦૦૦/-

## સંસ્થામાં દીપાવલી પર્વ નિમિત્તે યોજાયેલ આરાધના શિબિર સંપન્ન

સંસ્થામાં પૂજ્યશ્રી આત્માનંદજીની પાવન નિશ્રામાં તા. ૯-૧૧-૧૫ થી તા. ૧૨-૧૧-૧૫ દરમ્યાન દીપાવલી આરાધના શિબિર ધર્મમય વાતાવરણમાં સંપન્ન થઈ. શિબિરનું સફળ સંચાલન પ્રતિભાસંપન્ન મુમુક્ષુ ભાઈશ્રી શરદભાઈ ડેલીવાળાએ કર્યું હતું.

• **સ્વાધ્યાય :** પૂજ્યશ્રી આત્માનંદજીએ સ્વાધ્યાય આપતા જણાવ્યું કે સમય વહ્યો જાય છે. ક્યારે કાળ (મૃત્યુ) આવીને કોળિયો કરી જશે તેની આપણને ખબર નથી. તેથી વર્તમાન જીવનની છેલ્લી ક્ષણો છે એમ માની પુરુષાર્થ કરવો. પ્રભુ-ગુરુના શરણે જવાથી આપણું મમત્વ ઘટે છે. જીવનમાં મોક્ષરૂપી પુરુષાર્થને પ્રધાન કરવો. સર્વ જીવ સુખ ઇચ્છે છે કારણ કે તે તેનો સ્વભાવ છે. વ્યવહાર પરિપક્વ થયા વિના નિશ્ચયની પ્રાપ્તિ ન થાય અને વ્યવહાર કરતાં કરતાં નિશ્ચયનો લક્ષ રાખવો. અરિહંત અવસ્થા પ્રાપ્ત કરવા નિર્મમત્વ જરૂરી છે. ઘણા સદ્ગુણો પ્રાપ્ત કરીશું ત્યારે તત્ત્વની પ્રાપ્તિ થશે. 'નિશ્ચય રાખી લક્ષમાં સાધન કરવાં સોય.' નિશ્ચયના લક્ષે વ્યવહાર કરીએ તો તે વ્યવહાર ધીમે ધીમે નિશ્ચયમાં વિલીન થાય છે. જીવની ઇચ્છા પ્રમાણે નહિ પણ 'ભાવ' અનુસાર મોક્ષની પ્રાપ્તિ થાય છે. માટે 'ભાવ' સારા રાખવાં. સતત પ્રભુસ્મરણનો અભ્યાસ રાખવો. પંચ પરમેષ્ઠિનું શરણ અંગીકાર કરવું. સ્વરૂપનું અનુસંધાન કરવા માટે દેવપૂજા, ગુરુપાસ્તિ, સ્વાધ્યાય, સંયમ, તપ, દાન આદિ જરૂરી છે. જ્યાં સુધી સાનુકૂળ સંયોગો હોય, પુણ્યનો ઉદય હોય ત્યાં સુધીમાં ધર્મની આરાધના કરી લેવી. ક્ષણે-ક્ષણે, કાર્યે-કાર્યે, પ્રસંગે-પ્રસંગે આત્માની શુદ્ધિ માટે પુરુષાર્થ ચાલુ રાખશો તો મોક્ષમાર્ગમાં આગળ વધવામાં કોઈ વિઘ્ન નડશે નહીં.

અકલુજ (મહારાષ્ટ્ર)થી પધારેલા આદ. બા. બ્ર. શ્રી જિતેન્દ્રભૈયાએ 'ન્યાયદીપિકા'ના આધારે સ્વાધ્યાય આપતા જણાવ્યું કે શુદ્ધાત્માને જાણવાથી મિથ્યાત્વનો નાશ થાય છે. આત્માના સ્વભાવમાં તો આનંદ છે, પણ પર્યાયમાં તેને પ્રગટ કરવાનો છે. જિજ્ઞાસા વિના ઉપદેશ અપાય નહીં. મારું અહિત અજ્ઞાન અને મોહજનિત પરિણામોને કારણે છે. ધર્મ મનોરંજન અર્થે નથી, આત્મરંજન અર્થે છે. જ્ઞાન વિનાની શ્રદ્ધા કાર્યકારી નથી. માનવભવ સમ્યક્ત્વની પ્રાપ્તિ માટે મળ્યો છે. માનવભવ પ્રાપ્ત થવો ખૂબ દુર્લભ છે.ધર્મની શરૂઆત અતીન્દ્રિય આનંદની પ્રાપ્તિથી થાય છે. જ્ઞાનપ્રાપ્તિમાં પ્રમાદી ન બનવું. આત્માનો માત્ર જ્ઞાન ગુણ સ્વ-પર પ્રકાશક છે. શરીર એ સુખનું સાધન નથી તેથી તો દેહરહિત સિદ્ધ પરમાત્મા પૂર્ણ સુખી છે. પ્રતિસમય સંસારી જીવોને સાત કર્મોનો નિરંતર બંધ થતો રહે છે. ન્યાયગ્રંથોથી આપણી શ્રદ્ધાનું રક્ષણ થાય છે. ભગવાન બની શકું તે અર્થે ભગવાનના દર્શન કરવાના છે. પરાધીન છે તે બંધનસહિત હોય છે. શરીરની અંતે રાખ થવાની છે તો તેના

અર્થે રાગ-દ્વેષ-કડાકૂટ શા માટે ? દ્રવ્ય દૃષ્ટિએ આપણો આત્મા શુદ્ધ છે, પણ પર્યાય દૃષ્ટિથી અશુદ્ધ છે. કષાયભાવો આપણા સ્વભાવનો ઘાત કરે છે. પરમાત્મા બનવાનું રહસ્ય અકિંચનભાવ છે. સમયસાર (શુદ્ધાત્મા)ની ચર્ચા થાય છે, પણ ચર્યા થતી નથી !

● **મંત્રજાપ :** ઘાતીકર્મોની ૪૭ પ્રકૃતિઓનો નાશ થાય તેવી ભાવનાથી નીચેના મંત્રોની ૪૭ માળાઓનો મંત્રજાપ કરવામાં આવ્યો હતો : (૧) સહજાત્મ સ્વરૂપ પરમગુરુ, (૨) આતમભાવના ભાવતાં જીવ લહે કેવળજ્ઞાન રે, (૩) પરમગુરુ નિર્ગ્રંથ સર્વજ્ઞદેવ, (૪) મમ સદ્‌ગુરુ ચરણ સદા શરણં, (૫) સહજાનંદી શુદ્ધ સ્વરૂપી અવિનાશી હું આત્મસ્વરૂપ.

● **ધ્યાન :** સવારની બેઠકમાં બા.બ્ર.જિતેન્દ્રભૈયાએ સૌને ધ્યાનનો અભ્યાસ કરાવ્યો હતો.

● **પ્રકીર્ણ :** આદ. શ્રી જિતેન્દ્રભૈયા(વીતરાગ સ્વાધ્યાય મંદિર) તરફથી પરિવારદીઠ ન્યાયદીપિકા, ધર્મમંગલ, આનંદસુમન વગેરે પુસ્તકોના સેટની પ્રભાવના કરવામાં આવી હતી. બેસતા વર્ષના દિવસે આદ. પુષ્પાબેન જયંતિભાઈ શાહ (લંડન, યુ.કે.) તરફથી સ્વામિવાત્સલ્ય રાખવામાં આવ્યું હતું.

## સંસ્થામાં શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર રચનાદિન તથા પૂજ્ય લઘુરાજસ્વામીના મંગલ જન્મદિનનો પ્રસંગ સાનંદ સંપન્ન

તા. ૨૮-૧૦-૧૫ના રોજ સવારે ૧૦.૩૦થી ૧૧.૪૫ શ્રી આત્મસિદ્ધિશાસ્ત્રનું વંદના સહિત સૌએ ભાવપૂર્વક પારાયણ કર્યું હતું; જેનું સંચાલન આદ. બા.બ્ર.શ્રી સુરેશજી તથા આદ શ્રી પ્રવીણભાઈ મહેતાએ કર્યું હતું.

પૂજ્યશ્રી આત્માનંદજીએ તેઓના ઉદ્‌બોધનમાં જણાવ્યું હતું કે આપણે તત્ત્વરૂપે 'આત્મા' છીએ. જે જાણે છે, દેખે છે, સમજે છે, વિચારે છે તે તત્ત્વ આપણે છીએ. આ ચૈતન્ય તત્ત્વને લીધે જ પૃથ્વી રમણીય દેખાય છે, પણ અનંતકાળથી ઊંધો અભ્યાસ હોવાથી આપણે આપણું સ્વરૂપ જાણતા નથી અને તેથી જ સંસારમાં રખડીએ છીએ. આપણે સાચા સુખનું ઉદ્‌ગમસ્થાન જાણ્યું નહીં, આપણી સાચી જાત જાણી નહીં, ઓળખી નહીં અને તેથી મ્હાણી પણ નહીં. તો હવે ભલે મૃત્યુ આવે પણ આપણી સાચી જાતને જાણ્યા વિના કોઈ આરો નથી. શ્રી આત્મસિદ્ધિશાસ્ત્રનો પરમાર્થ સમજવો. આત્માની સિદ્ધિ સ્વાનુભૂતિથી જ થાય છે. આત્મા પ્રાપ્ત ન થાય ત્યાં સુધી અપ્રમાદી બની પુરુષાર્થ કર્યા જ કરવો એવી શ્રી પ્રભુ-ગુરુની આજ્ઞા છે. આપણું ધ્યેય એ જ હોવું જોઈએ.એક આત્માને જાણતાં બધું જણાઈ જાય છે.

બપોરે સૌએ પરમ પૂજ્ય લઘુરાજસ્વામીના જીવનચરિત્ર વિષેની વીડીયો જોઈ હતી. રાત્રે શ્રી સદ્‌ગુરુપ્રાસાદમાં શ્રી આત્મસિદ્ધિની ગાથાઓ તથા વિશેષ ભક્તિ કરી હતી. પૂજ્યશ્રીએ પ્રાસંગિક ઉદ્‌બોધનમાં જણાવ્યું હતું કે મોક્ષમાર્ગમાં પ્રત્યક્ષ સદ્‌ગુરુનો મહિમા ઘણો વધારે છે, તેના કારણમાં પ્રત્યક્ષ સત્પુરુષના આત્મામાંથી પવિત્રતા અને જ્ઞાનના સ્પંદનોની અસર આપણા હૃદય પર થયા વગર રહેતી નથી. સદ્‌ગુરુનો ઉપદેશ તેમના આત્મામાંથી આવે છે. જ્ઞાની બોલે છે તે જ સત્શાસ્ત્ર છે. આપણે મતાર્થીપણું છોડવું, આત્માર્થી બનવું તો સદ્‌ગુરુ કૃપાથી આત્મજ્ઞાન થશે.

## સંસ્થામાં ડિસેમ્બરની આધ્યાત્મિક શિબિર સાનંદ સંપન્ન

આપણી સંસ્થામાં તા. ૧-૧૨-૨૦૧૫ થી તા. ૩-૧૨-૨૦૧૫ દરમ્યાન ત્રિદિવસીય આધ્યાત્મિક શિબિર ધર્મમય ઉલ્લાસસભર વાતાવરણમાં સંપન્ન થઈ. આ ત્રણ દિવસ દરમિયાન બા.બ્ર. પૂજ્યશ્રી ગોકુળભાઈની

સ્વાધ્યાયશ્રેણી યોજાઈ હતી. શિબિરનું સફળ સંચાલન પ્રતિભાશાળી મુમુક્ષુ શ્રી શરદભાઈ ડેલીવાળાએ કર્યું હતું.

● **સ્વાધ્યાય :** પૂજ્યશ્રી આત્માનંદજીએ સ્વાધ્યાય આપતા જણાવ્યું કે દેવપૂજા, ગુરુપાસ્તિ, સ્વાધ્યાય, સંયમ, તપ અને દાન - સદ્‌ગૃહસ્થના આ છ કર્તવ્યોનું આપણે પાલન કરવું જોઈએ. પંચપરમેષ્ઠિના શરણ વિના શુદ્ધાત્માની ઉપલબ્ધિ થઈ શકે નહિ. આત્મામાં રહેવાથી ઊપજતી શુદ્ધિની આવક તે સ્વાધ્યાયનો નિશ્ચય અર્થ છે. અંજલિમાંથી પાણી ટપકે તેમ આપણું આયુષ્ય ઘટતું જાય છે. આગામી દીર્ઘકાળ સુધી માનવભવ અને સાનુકૂળ સંયોગો મળવાના નથી માટે હવે 'જો ઇચ્છો પરમાર્થ તો કરો સત્ય પુરુષાર્થ' આવું કરીશું તો એક દિવસ આપણા માટે 'અપૂર્વ અવસર' આવશે. માનવભવની એક એક ક્ષણ લાખેણી છે. આપણા જીવનનું ધ્યેય સમ્યગ્‌દર્શનની પ્રાપ્તિનું હોવું જોઈએ. આત્માને પુનઃ પુનઃ જગાડવો પડશે. પ્રભુને પ્રાર્થના કરવી કે પ્રભુ હું છું દાસ તમારો, મને ભવસાગરથી તારો. આપણો અધિકાર આપણા પરિણામ (ભાવ) પર છે માટે આપણે સદા 'ભાવ' સારા રાખવાં.

બા. બ્ર. પૂજ્યશ્રી ગોકુળભાઈ શાહે 'જિનાગમ સાર'ના આધારે સ્વાધ્યાય આપતા જણાવ્યું કે પૂજ્યશ્રી આત્માનંદજી મારા ઘણા ઉપકારી છે. દ્રવ્યશ્રુત એ ભાવશ્રુતનું કારણ છે. પ્રથમ તો પ્રશસ્ત રાગનો આશ્રય લેવાનો છે અને અંતે તે પણ છોડવાનો છે. ઉપયોગને સ્વસ્વરૂપમાં સ્થિર કરવો તે જિનવાણીનો સાર છે. ઉપયોગ અંતર્મુખ થયો નથી ત્યાં સુધી અશાંતિ છે. વધુ પડતું બોલનાર ધ્યાનનો અધિકારી બની શકતો નથી. સત્સંગ દ્વારા જ્ઞાનીઓનો બોધ પ્રાપ્ત કરી અસંગમાં (એકાંતમાં) તેને વાગોળો. આગળની ભૂમિકાની સાધના કરવી હોય તો લોકસંપર્ક ઓછો રાખવો. પ્રમાદ એટલે આત્માનું વિસ્મરણ. ઉત્સૂત્રપ્રરૂપણા તે મહાન દોષ છે. દોષોનું શમન સમ્યક્‌જ્ઞાન દ્વારા થાય છે. આપણને નુકસાન કે લાભ આપણા પરિણામ (ભાવ)થી છે. શુભ-અશુભ ઉપયોગ સંસારમાં રખડાવનાર છે. આત્માના આશ્રય વગર સાચું કલ્યાણ થતું નથી. જે સાધન શુદ્ધાત્મા તરફ લઈ જાય તે મોક્ષનું કારણ થાય. યથાર્થ તત્ત્વદૃષ્ટિ વિના સાચી સાધના થઈ શકે નહિ. પરના કતૃત્વપણાનો ભાવ એક પ્રકારનો અહંકાર છે. જેને આત્માનું માહાત્મ્ય આવ્યું તેને પરનું માહાત્મ્ય ટળે છે. લજ્જા, ભય અને ગારવથી પણ કુદેવ અને કુગુરુને વંદન, પૂજાદિ ન કરવાં. માન, પ્રતિષ્ઠા, પૂજા એ સાધનાના જંગલને બાળી નાખે છે. જેટલો પાપાસ્રવ રોકાય તેટલી ઉપયોગની વિશુદ્ધિ થાય છે. સાચી શાંતિ વીતરાગતામાં છે. હજારો આગમોનો સાર પરમકૃપાળુદેવના વચનામૃતમાં છે. શિથિલતાને ટાળવાનો ઉપાય અભ્યાસ છે. વાદવિવાદ કરવાથી રાગ-દ્વેષ થાય છે અને શાંતિ ડહોળાઈ જાય છે.

આદ. પદ્મશ્રી ડૉ. કુમારપાળભાઈ દેસાઈએ સ્વાધ્યાય આપતા જણાવ્યું કે પૂજ્યશ્રી આત્માનંદજીએ અધ્યાત્મ સાથે રાષ્ટ્રધર્મનો સુમેળ કર્યો એટલે તેઓને રાષ્ટ્રસંત કહી શકાય. સદ્‌ગુરુ દ્વારા મળેલો બીજો જન્મ મૂલ્યવાન છે. સદ્‌ગુરુ આપણને દિવ્ય દૃષ્ટિ આપે છે, જેથી આપણા દુનિયાના આકર્ષણો આથમી જાય છે. સદ્‌ગુરુ એ આત્મજ્ઞાનની દીવાદાંડી છે. સદ્‌ગુરુનો સંપર્ક સીધો આપણા આત્મા સાથે થાય છે. સદ્‌ગુરુ અજ્ઞાનમાંથી જ્ઞાન તરફ આપણને ધક્કો મારે છે, આપણી શ્રદ્ધાનો દીપક પ્રગટાવે છે, અંતરની ચેતના જાગૃત કરે છે ને આકાર આપે છે, ભૌતિક અને આધ્યાત્મિક મર્યાદાઓમાંથી આપણને બહાર કાઢે છે, જીવનનો મર્મ સમજાવે છે. ગુરુરૂપી સૂર્ય અંતરના રાક્ષસો (દુર્ગુણો)નો નાશ કરે છે. સદ્‌ગુરુની ઉપસ્થિતિ પણ સાધકના જીવનમાં પરિવર્તન સાધે છે. ઘણા સંશયો સદ્‌ગુરુની હાજરીમાં જ નાશ પામે છે. સદ્‌ગુરુ આપણને અધ્યાત્મના ગગનમાં ઉડવા માટે પાંખ, વિચારરૂપી આંખ, મહાન બનવાનું લખ (લક્ષ્ય) આપે છે. આપણા અહમ્‌ની રાખ કરે છે.

બા.બ્ર. આદ.શ્રી સુરેશજીએ 'ષટ્ સંપત્તિ' વિષયના આધારે મોક્ષના ચાર સાધનો (વિવેક, વૈરાગ્ય,

મુમુક્ષુતા, ષટ્સંપત્તિ (શમ, દમ, ઉપરતિ, તિતિક્ષા, શ્રદ્ધા અને સમાધાન), દોષો દૂર કરવાના ઉપાયો વગેરે અંગે અનેકવિધ દૃષ્ટાંતો દ્વારા સરળ છતાં સચોટ શૈલીમાં સુંદર સ્વાધ્યાય આપ્યા હતા.

● **ભક્તિસંગીત** : શિબિર દરમિયાન આદ.શ્રી જય અશોકભાઈ શાહ તથા યુવાભક્તવૃંદ, કોબાએ ભાવવાહી ભક્તિસંગીત પીરસીને સૌને પ્રભુ-ગુરુમય બનાવ્યા હતા.

● **'ગુરુઉદ્યાન'નું ઉદ્‌ઘાટન** : તા. ૨-૧૨-૨૦૧૫ના રોજ 'ગુરુઉદ્યાન'નું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. પૂજ્યશ્રીએ નવકારમંત્રના જાપ કરાવ્યા. ત્યારબાદ ત્રણ મંત્રનું ઉચ્ચારણ થયું અને એક ભક્તિપદ પ્રસ્તુત કરવામાં આવ્યું. આ પ્રસંગે મહાનુભાવોએ પ્રાસંગિક ઉદ્‌બોધનો કર્યા હતા.

● **પ્રકીર્ણ** : શિબિર દરમિયાન નિઃશુલ્ક ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી. સ્વામિવાત્સલ્યનો લાભ આપનાર સર્વે દાતાઓને સંસ્થા સાભાર ધન્યવાદ પાઠવે છે. શિબિર દરમિયાન સંસ્થાના પ્રકાશનો તથા વી.સી.ડી., ડી.વી.ડી. પર ૫૦ % ડિસ્કાઉન્ટ રાખવામાં આવ્યું હતું. આદ.શ્રી મનહરભાઈ જસવાણી પરિવાર તરફથી દરેક શિબિરાર્થીને નોટ તથા પેનની પ્રભાવના કરવામાં આવી હતી. પ્રેરણાદાયક રંગોળી બનાવનાર મુમુક્ષુ ભાઈ-બહેનોને સાભાર ધન્યવાદ પાઠવીએ છીએ.

## પરમકૃપાળુદેવના જન્મમંગલદિન નિમિત્તે સંસ્થામાં આદ. શ્રી સુધીરભાઈ મહેતાની ત્રિદિવસિય સ્વાધ્યાયશ્રેણી સંપન્ન

કાર્તિક સુદ પૂર્ણિમા દેવદિવાળી એટલે શ્રી સંભવનાથ ભગવાન, શ્રી હેમચંદ્રાચાર્ય, શ્રી ગુરુનાનક, સ્થાનકવાસી સંપ્રદાયના સ્થાપક શ્રી લોકાશાહ મુનિ તથા પરમ તત્ત્વજ્ઞ શ્રીમદ્ રાજચંદ્રજીનો જન્મમંગલદિન.

પરમકૃપાળુદેવના જન્મમંગલદિન નિમિત્તે સંસ્થામાં તા. ૨૪-૧૧-૧૫ થી ૨૬-૧૧-૧૫ દરમિયાન વચનામૃતજીના ઊંડા અભ્યાસી, કૃપાળુદેવના પરમ ભક્ત, નિખાલસ તથા પ્રજ્ઞાવંત આદ. શ્રી સુધીરભાઈ મહેતા (રાજકોટ)ની ત્રિદિવસીય સ્વાધ્યાયશ્રેણી યોજવામાં આવી હતી. આદ. શ્રી સુધીરભાઈ મહેતાએ પરમકૃપાળુદેવની અંતરંગ દશાની અભિવ્યક્તિ કરતા વચનામૃતજીના વિવિધ પત્રાંકોના આધારે સરળ છતાં સચોટ અને રસપ્રદ શૈલીમાં સ્વાધ્યાય આપતા જણાવ્યું કે કૃપાળુદેવે પોતે તો ઉગ્ર પુરુષાર્થ કરીને સ્વરૂપને પ્રાપ્ત કર્યું, પણ સાથે સાથે જગતના જીવો પર કરુણા વરસાવીને મોક્ષમાર્ગને પ્રકાશિત કર્યો. સમગ્ર શાસ્ત્રોનો સાર વચનામૃતજીમાં છે. મહાપુરુષોનું જીવન આપણા માટે સંદેશરૂપ છે. સાચી સમજણ અને સ્વીકારને આધારે સમ્યક્ ક્રિયા થાય છે. જીવનો અનિશ્ચય એ મોટો અંતરાય છે. ઉપયોગની એકાગ્રતા અને શુદ્ધતા વિના સમ્યક્ત્વ ન થાય. આત્મજ્ઞાનની પ્રાપ્તિ માટે સત્પુરુષાર્થ અને સત્પુરુષની કૃપાદૃષ્ટિ આવશ્યક છે. કૃપાળુદેવની સાધના પ્રચંડ પુરુષાર્થની છે. સાધક સત્પુરુષના બોધને ઉલ્લાસભાવે ગ્રહણ કરે અને સતત જાગૃતિ કેળવે તો કર્મના ઉદયથી અપ્રભાવિત રહી શકે.

કાર્તિક સુદ પૂનમના દિવસે પૂજ્યશ્રી આત્માનંદજીએ પ્રાસંગિક ઉદ્‌બોધનમાં જણાવ્યું કે મહાપુરુષોના જન્મદિનની ઉજવણી કરીએ પણ તેઓએ બતાવેલા રસ્તે ન ચાલીએ તો શુદ્ધાત્માની ઉપલબ્ધિ ન થાય. મહાપુરુષોના જીવનચરિત્રો વાંચવાં, સમજવાં અને અનુસરવાં જોઈએ. આત્માના લક્ષ્ય વગર થતી સાધના એકડા વગરના મીંડા જેવી છે. સત્શાસ્ત્રોને જાણવાનું ફળ આત્મસ્વરૂપનું ભાવભાસન થવું તે છે. શબ્દ, અર્થ અને સંવેદનથી આત્માને જાણવો જોઈએ. સદ્‌ગુરુની ઓળખાણ વિના આત્માની ઓળખાણ થાય નહિ.

આ દિવસે સવારે શ્રી દેવ-શાસ્ત્ર-ગુરુની પૂજા રાખવામાં આવી હતી. બપોરે આદ. બા. બ્ર. શ્રી સુરેશજીએ

પરમકૃપાળુદેવના જીવનચરિત્રનું સરળ છતાં ભાવવાહી શૈલીમાં રસપ્રદ રીતે વર્ણન કર્યું હતું. રાત્રે શ્રી સદ્‌ગુરુપ્રાસાદ, મીઠાખળી, અમદાવાદ મુકામે ભક્તિસંગીતનું આયોજન કરવામાં આવ્યું હતું; જેમાં મુમુક્ષુ ભાઈ-બહેનોએ પરમકૃપાળુદેવ પ્રત્યે ભક્તિના ભાવો વ્યક્ત કર્યા હતા.

આ દિવસે આદ. શ્રી જયંતભાઈ એમ. શાહ પરિવાર તથા આદ. વસંતબેન પ્રાણલાલ શાહ પરિવાર તરફથી સ્વામિવાત્સલ્ય રાખવામાં આવ્યું હતું.

## સંસ્થામાં ત્રિદિવસિય સંસ્કારલક્ષી યુવાશિબિર સાનંદ-સંપન્ન

આપણી સંસ્થામાં તા. ૧૩-૧૧-૧૫થી તા. ૧૫-૧૧-૧૫ દરમિયાન વૈવિધ્યપૂર્ણ કાર્યક્રમોને આવરી લેતી સંસ્કારલક્ષી યુવાશિબિર સાનંદ સંપન્ન થઈ. સંસ્થાના નિમંત્રણને માન આપીને શ્રીમદ્ રાજચંદ્ર મિશન, ધરમપુર તરફથી પૂજ્યશ્રી રાકેશભાઈની આજ્ઞાથી વાનપ્રસ્થ શ્રી દક્ષાબેન શાહ પધાર્યા હતા. શિબિરના મુખ્ય સંયોજક શ્રી દર્શનભાઈ જસવાણી તથા શ્રી મિતાપભાઈ સંઘવીએ ખૂબ પ્રેમપરિશ્રમ લઈને શિબિરાર્થીઓના Skill Development તથા Self Development થાય તેવા કાર્યક્રમોનું આયોજન કર્યું હતું. સમગ્ર યુવાગ્રુપને ૬ વિભાગમાં વહેંચીને દરેક શિબિરાર્થીને સમાન તક મળે તેવું આયોજન કરવામાં આવ્યું હતું. શિબિરનો પ્રારંભ દીપ-પ્રાગટ્યથી થયો હતો.

● **સ્વાધ્યાય :** પૂજ્યશ્રી આત્માનંદજીએ પ્રાસંગિક ઉદ્‌બોધનમાં જણાવ્યું કે કોઈ પણ સત્કાર્યને આગળ વધારવા યુવાપેઢીનું યોગદાન જરૂરી છે. આ માટે યુવાપેઢીને સુસંસ્કારિત કરવાની આવશ્યકતા છે. કોઈ પણ મહાન કાર્ય કરવું હોય તો તેની શરૂઆત યુવાવસ્થાથી કરી દેવી જોઈએ. સંસ્કારલક્ષી શિબિરમાં જોડાવા આપણે સૌને પ્રેરણા આપવી જોઈએ.

ધરમપુર આશ્રમથી પધારેલા વાનપ્રસ્થ શ્રી દક્ષાબહેન શાહે 'દેવવંદન'ની ક્રિયા કરતી વખતે ભાવોની વિશુદ્ધિ થાય તે અંગે અનેક દૃષ્ટાંતો દ્વારા, સરળ છતાં રસપ્રદ શૈલીમાં સમજણ આપી હતી. તેઓશ્રીએ દરેક ગાથાના અર્થ, ભાવાર્થ, ગૂઢાર્થ સુંદર રીતે રજૂ કર્યા હતા. તેઓની આકર્ષક ગદ્ય-પદ્ય શૈલીથી યુવા શિબિરાર્થીઓ પ્રભાવિત થયા હતા. વાનપ્રસ્થ શ્રી દક્ષાબેન શાહે 'દેવવંદન' વિષય અંતર્ગત દેવવંદનનો મહિમા, પ્રાર્થનાનું મહત્ત્વ, વંદન કરવાથી થતા લાભ, શ્રી સદ્‌ગુરુનો મહાન ઉપકાર, આત્મજ્ઞાનનું માહાત્મ્ય, ગુણપ્રમોદભાવના, વીતરાગ વિજ્ઞાનનો મહિમા, જીવનમાં ધર્મની આવશ્યકતા, ધર્મક્રિયામાં 'ભાવ'નું મહત્ત્વ, પ્રભુસ્મરણનો મહિમા વગેરે મુદ્દાઓની હૃદયસ્પર્શી રજૂઆત કરી હતી.

આદ. બા.બ્ર.શ્રી સુરેશજીએ 'ધર્મ એક વિજ્ઞાન' વિષય અંતર્ગત અનેકવિધ પ્રેરક દૃષ્ટાંતો દ્વારા ધર્મનો જીવનમાં કેવી રીતે પ્રયોગ કરવો તેની સચોટ અને અસરકારક સમજૂતી આપી હતી. તેઓશ્રીએ કર્તવ્ય, સેવા ધર્મક્રિયા અને ધર્મ-આ ચાર બાબતોની તર્કબદ્ધ અને પ્રેરક સમજૂતી આપી હતી. તેઓશ્રીએ બ્રહ્મચર્યનો મહિમા, મહાપુરુષોને ચરણસ્પર્શ કરવાથી થતા લાભો, ભારતીય સંસ્કૃતિનો મહિમા, પૂજા દરમિયાન અર્પણ થતા દ્રવ્યોનો આધ્યાત્મિક સંદર્ભ વગેરે વિષયો પર સુંદર છણાવટ કરી હતી.

● **રમતગમત :** શિબિરાર્થીઓને છ વિભાગમાં વહેંચીને તેઓના વિવિધ કૌશલ્યોનો વિકાસ થાય તેવી અનેક પ્રકારની રમતગમતો યોજાઈ હતી; જેમાં બહેનશ્રી કૃતિકાબેન હરિયાના ગ્રુપે પ્રથમ સ્થાન મેળવ્યું હતું.

● **સાંસ્કૃતિક કાર્યક્રમો :** સાંસ્કૃતિક કાર્યક્રમ અંતર્ગત કષાયને કારણે ચાર ગતિઓમાં ભોગવવાં પડતા દુઃખો અંતર્ગત સુંદર નાટક પ્રસ્તુત કરવામાં આવ્યું હતું; જેમાં શ્રી દર્શન જસવાણી, શ્રી મિતાપ સંઘવી, શ્રી નિગમ જસવાણી તથા ડીમ્પીબેને હૃદયસ્પર્શી સુંદર અભિનય કર્યો હતો. સામાજિક વિષયોને લગતી ચર્ચા

(ડિબેટ) કાર્યક્રમનું સફળ સંચાલન શ્રી શરદભાઈ ડેલીવાલા તથા શ્રી શરદભાઈ જશવાણીએ કર્યું હતું.

● **ક્વીઝ શો - કૌન બનેગા જ્ઞાનપતિ :** આ ક્વીઝનું સુંદર સંચાલન શ્રી દર્શન જસવાણી તથા શ્રી મિતાપ સંઘવીએ કમ્પ્યૂટરના માધ્યમથી કર્યું હતું. શ્રી ધ્રુમીલ જસવાણીએ આ ક્વીઝ શૉને બનાવવામાં યોગદાન આપ્યું હતું. આ કાર્યક્રમે સૌના હૃદયને જીતી લીધા હતા.

● **સમાપન :** પૂજ્યશ્રી તથા પૂજ્ય બહેનશ્રીએ આશીર્વચન દરમિયાન શિબિર દરમિયાન જે શીખ્યા તેને જીવનમાં ઉતારવા પુરુષાર્થ કરવાનો શિબિરાર્થીઓને બોધ આપ્યો હતો. શિબિરાર્થીઓએ પોતાના પ્રતિભાવો રજૂ કર્યા હતા. પૂજ્યશ્રી તથા પૂજ્ય બહેનશ્રીના વરદ હસ્તે શિબિરાર્થીઓને ઈનામ આપવામાં આવ્યા હતા. શ્રીમદ્ રાજચંદ્ર મિશન, ધરમપુર તરફથી દરેક શિબિરાર્થીને નોટબુક, મંત્રસ્મરણનું Counter, દેવવંદનની પુસ્તિકા, મંત્રસ્મરણની નોટ, બેગ તથા પેન ભેટરૂપે આપવામાં આવ્યા હતા. સંસ્થા તરફથી શ્રી દક્ષાબેન શાહનું શાલ ઓઢાડીને તથા પુસ્તકો અર્પણ કરીને અભિવાદન કરવામાં આવ્યું હતું. આ શિબિર માટે ગૃહપતિશ્રી નરેશભાઈનો સુંદર સાથ-સહકાર પ્રાપ્ત થયો હતો.

## શ્રી આત્મસિદ્ધિ પારાયણ

સંસ્થાની કાર્યવાહક સમિતિના સભ્ય આદ. શ્રી અરુણભાઈ બગડિયાના ધર્મપત્ની સ્વ. શ્રીમતી જયશ્રીબેન બગડિયાની જન્મતિથિ નિમિત્તે આપણી સંસ્થામાં તા. ૨૩-૧૧-૧૫ના રોજ શ્રી આત્મસિદ્ધિશાસ્ત્રનું પારાયણ ભક્તિસંગીત આદિ કાર્યક્રમો યોજાઈ ગયા. રાત્રે ભાવવાહી ભક્તિસંગીત બાદ પૂજ્યશ્રી આત્માનંદજીએ પ્રાસંગિક ઉદ્‌બોધનમાં જણાવ્યું કે ઘણા પુણ્યના ફળરૂપે માનવભવ મળ્યો છે તો તેની પ્રત્યેક ક્ષણનો સદુપયોગ કરીએ. આમ કરતાં અપૂર્વની પ્રાપ્તિ થતાં મોક્ષનું રજિસ્ટ્રેશન થઈ જાય છે. સ્વ. જયશ્રીબેનના ગુણોને યાદ કરીએ અને તેઓ આગામી ભવમાં સત્પુરુષાર્થ ચાલુ રાખી મોક્ષની પ્રાપ્તિ કરે તેવી ભાવના ભાવીએ.

આ પ્રસંગે આદ. શ્રી મેહુલ અરુણભાઈ બગડિયા પરિવાર તરફથી સ્વામિવાત્સલ્ય રાખવામાં આવ્યું હતું. સંતોષ, વિનય, સરળતા, ભક્તિ, કરુણા, વિચક્ષણતા અને ધર્મપ્રેમ જેવા અનેક સદ્‌ગુણોથી પોતાની જીવનરૂપી લતાને નવપલ્લવિત રાખનાર સ્વ. જયશ્રીબેનને સમસ્ત કોબા પરિવાર ભાવપૂર્વક ભાવાંજલિ અર્પે છે.

## 'જીવનસંધ્યા' વૃદ્ધાશ્રમમાં સંસ્થા દ્વારા યોજાયેલ નિઃશુલ્ક થાઈરોઈડ કેમ્પ સંપન્ન

સંસ્થા સંચાલિત મેડિકલ સેન્ટર દ્વારા 'જીવનસંધ્યા' વૃદ્ધાશ્રમ, નારણપુરા, અમદાવાદ મુકામે Abbot કંપનીના સહયોગથી તા. ૧૧-૧૦-૧૫ના દિવસે નિઃશુલ્ક થાઈરોઈડ કેમ્પ યોજાયો હતો. ૧૨૫ જેટલા 'જીવનસંધ્યા'ના વડીલોએ આ કેમ્પનો લાભ લીધો હતો. જરૂરિયાતવાળાઓને થાઈરોઈડની દવા નિઃશુલ્ક આપવામાં આવી હતી. આપણી સંસ્થા દ્વારા 'જીવનસંધ્યા' વૃદ્ધાશ્રમમાં અવારનવાર મેડિકલ સેવાઓ પૂરી પાડવામાં આવે છે. આ કેમ્પ માટે આદ.શ્રી નવીનભાઈ શાહ પરિવાર (કાંદીવલી, મુંબઈ) તરફથી આર્થિક સૌજન્ય પ્રાપ્ત થયેલ છે, તે બદલ સંસ્થા તેઓનો હૃદયપૂર્વક આભાર માને છે. સંસ્થા સંચાલિત મેડિકલ સેન્ટર અંગે વિશેષ માહિતી માટે આદ.ડૉ. રાજેશભાઈ સોનેજી (મો. ૯૮૨૪૦૪૭૬૨૧)નો સંપર્ક સાધવા વિનંતી.

## ભૂજમાં નેચરોપેથીની સારવાર સંપન્ન

પૂજ્યશ્રી આત્માનંદજીની નેચરોપેથીની સારવાર માટે કચ્છમાં ભૂજ પાસે આવેલ નવજીવન નેચર ક્યોર સેન્ટરમાં તા. ૨૮ સપ્ટે.થી તા. ૬ ઓક્ટો. દરમ્યાન ગયા હતા. કોબાથી ૯ મુમુક્ષુઓ સેવા તથા પોતાની સરવાર માટે જોડાયા હતા.

આદ. મુમુક્ષુ ભાઈ શ્રી દિનેશભાઈ બાવીસી તથા આદ. મુમુક્ષુ બહેન શ્રી તરલાબેન બાવીસી પરિવાર તરફથી નેચરોપેથીની સારવાર માટેનું આર્થિક સૌજન્ય પ્રાપ્ત થતું હતું. સંસ્થા તેમના આ અનુદાન માટે આભાર વ્યક્ત કરી અભિવાદન કરે છે. તા. ૨૮મીએ ક્ષમાવાણીનો પવિત્ર દિન હતો. બપોરે લગભગ ૧૨ વાગ્યે સૌ શ્રીમદ્ રાજચંદ્ર સાધના કેન્દ્ર, કુકમામાં રોકાયા હતા. ત્યાં સૌએ ભાવભીનું સ્વાગત કર્યું હતું. પૂજ્યશ્રી ગાંગજીભાઈ સાથે ધર્મ-વાત્સલ્યપૂર્વક ધર્મવાર્તા થઈ હતી. તેથી સૌને ખૂબ આનંદ થયો. ત્યાંથી ભોજનપ્રસાદી લઈ થોડો વિશ્રામ કરી સુખરૂપ નેચરક્યોર સેન્ટરમાં પહોંચી ગયા હતા. સંસ્થા તરફથી શ્રીમદ્ રાજચંદ્ર સાધના કેન્દ્ર, કુકમાના ટ્રસ્ટીઓનો આભાર વ્યક્ત કરીએ છીએ તથા પૂજ્યશ્રી ગાંગજીભાઈ તથા આદ. બહેનશ્રી રતનબેનને વંદન કરીએ છીએ.

## મુમુક્ષુકુટિરમાં કુંભસ્થાપન તથા ચિત્રપટાદિની સ્થાપનાના કાર્યક્રમો સંપન્ન

આપણી સંસ્થામાં સેવા-સાધના અર્થે અવારનવાર પધારતાં નમ્ર, નિખાલસ, ભક્તહૃદયી તથા સેવાભાવી મુમુક્ષુવિશેષ મુરબ્બી આદ. શ્રી ચીમનલાલ શાંતિલાલ કોઠારી અને આદ.શ્રી જયશ્રીબેન ચીમનલાલ કોઠારીની સંસ્થા સ્થિત મુમુક્ષુકુટિરમાં મંગલપ્રવેશ નિમિત્તે તા. ૧૩-૧૦-૨૦૧૫ના રોજ પૂજ્યશ્રી આત્માનંદજીના પાવન સાન્નિધ્યમાં કુંભસ્થાપન તથા પ્રભુ-ગુરુના ચિત્રપટાદિની સ્થાપનાનો કાર્યક્રમ ભક્તિસભર વાતાવરણમાં સંપન્ન થયો. પૂજ્યશ્રીના વરદ હસ્તે ચિત્રપટાદિની સ્થાપના બાદ મુમુક્ષુ ભાઈ-બહેનોએ ભાવવાહી ભક્તિપદો પ્રસ્તુત કર્યા હતા. શ્રી નમસ્કાર મહામંત્રના ઉચ્ચારણ બાદ પૂજ્યશ્રી આત્માનંદજીએ શુભાશીર્વાદ આપતા જણાવ્યું કે શ્રી ચીમનભાઈ કોઠારી પરિવાર કુટિરમાં રહીને સાધના દ્વારા આત્મકલ્યાણ કરે.

પૂજ્ય બહેનશ્રીએ પણ કોઠારી પરિવાર વધુને વધુ ધર્મની આરાધના કરતા રહે તેવી શુભેચ્છાઓ પાઠવી હતી. આ પ્રસંગે આદ. શ્રી ચીમનભાઈ કોઠારી તરફથી સૌને પ્રસાદી તથા રૂ. ૧૦/-ની પ્રભાવના કરવામાં આવી હતી. શ્રી ચીમનભાઈ કોઠારી પરિવાર મુમુક્ષુકુટિરમાં નિવાસ કરીને ધર્મની આરાધના દ્વારા આત્મકલ્યાણ કરતા રહે તેવી પ્રભુને પ્રાર્થના સહ શુભેચ્છાઓ.

## વડવા આશ્રમનું ૧૦૦મા વર્ષમાં પદાર્પણ

પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્ર દેવના ચરણરજથી પાવન અને પરમકૃપાળુદેવે નિર્દિષ્ટ કરેલ સુવર્ણભૂમિ પર વિ.સં. ૧૯૭૨ના આસો સુદ પૂનમે કૃપાળુદેવના પરમભક્ત પૂ.ભાઈશ્રી તથા અન્ય મુમુક્ષુ ભક્તોએ વડવા આશ્રમની સ્થાપના કરી. આમ, કૃપાળુદેવના ભક્ત સમુદાય માટે ભારતભરમાં સૌપ્રથમ નિવૃત્તિક્ષેત્ર અસ્તિત્વમાં આવ્યું. વડવા આશ્રમના ૧૦૦મા વર્ષમાં પદાર્પણના ઐતિહાસિક અવસરની શ્રીમદ્ રાજચંદ્ર નિજાભ્યાસ મંડપ તથા વિહાર ભવન ટ્રસ્ટ (અમદાવાદ, વડવા, ઈડર)ના ઉપક્રમે ગત્ તા. ૨૭-૧૦-૨૦૧૫ના રોજ ધામધૂમથી ઉલ્લાસપૂર્વક ઉજવણી કરવામાં આવી.

ભવ્ય રીતે સુશોભિત સમગ્ર આશ્રમ પરિસરમાં કૃપાળુદેવના જીવનપ્રસંગોને આકર્ષક રંગોળીથી આબેહૂબ તાદૃશ્ય કરવામાં આવેલ. સવારે પરમકૃપાળુદેવની પ્રતિમાજીને પાલખીમાં પધરાવીને તથા શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રની મૂળપત સાથે વાજતેગાજતે શોભાયાત્રા નીકળી હતી. શોભાયાત્રા અગાઉ સવારે પૂજ્યશ્રી ગોકુળભાઈ તથા પૂ. ભાવપ્રભાશ્રીજી મ.સા.ના સ્વાધ્યાયનો લાભ મળ્યો હતો તથા બપોરે શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રની પૂજા શ્રી રાજ યુવક મંડળ - કાવિઠાએ ભાવપૂર્વક ભણાવી હતી. આપણી સંસ્થામાંથી પૂજ્ય બહેનશ્રી સહિત કેટલાક મુમુક્ષુઓ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.

## અમદાવાદમાં જૈન સાહિત્ય જ્ઞાનસત્ર સંપન્ન

'શ્રી પ્રાણગુરુ જૈન સેંટર', 'ઇન્સ્ટિટ્યૂટ ઑફ જૈનોલૉજી', 'જૈન વિશ્વકોશ' અને 'આંતરરાષ્ટ્રીય જૈન વિદ્યાકેન્દ્ર' દ્વારા ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદમાં જૈન સાહિત્ય જ્ઞાનસત્ર-૧૩ સંપન્ન થયું.

વિદ્યાપીઠના હીરક મહોત્સવ હૉલમાં કુલનાયક ડૉ.અનામિક શાહે 'જ્ઞાનસત્ર'નું ઉદ્‌ઘાટન કરતાં જૈનદર્શન અને ગાંધીવિચારના અનુબંધની વાત કરી હતી. વિદ્યાકેન્દ્રના અધ્યક્ષ ડૉ. પૂર્ણિમા મહેતાએ સ્વાગત કર્યું હતું. જ્ઞાનસત્રની પૂર્વભૂમિકા અને મહત્ત્વની વાત સંયોજક શ્રી ગુણવંત બરવાળિયાએ સમજાવી હતી. કુલસચિવ શ્રી રાજેન્દ્ર ખીમાણી અને મહાસંઘના ટ્રસ્ટી શ્રી ખીમજીભાઈ છાડવાએ પ્રાસંગિક વક્તવ્ય આપ્યું હતું.

ગુણવંત બરવાળિયા સંપાદિત 'પૂ.શ્રી જયંતમુનિ વિવૃત કલ્યાણમંદિર સ્તોત્ર'નું વિમોચન યોગેશભાઈ બાવીસીએ કરેલ. જ્ઞાનસત્રના પ્રમુખસ્થાનેથી પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈએ શ્રીમદ્‌જી અને મહાત્મા ગાંધીના જીવનના વણસ્પર્શ્યા પાસાંના દર્શન કરાવવાની સાથે જ્ઞાનસત્રના પ્રેરક ડૉ. રતનબહેન છાડવાની શ્રુતપ્રેમની અનુમોદના કરી હતી.

બીજા સત્રની શરૂઆતમાં રાજસોભાગ સત્સંગ મંડળ, સાયલા આયોજિત શ્રીમદ્‌ રાજચંદ્રના જીવનનાં ચિત્રોના પ્રદર્શનનું ઉદ્‌ઘાટન ગુણવંતભાઈ બરવાળિયાના હાથે કરવામાં આવેલ.

બે દિવસ ચાલેલા આ જ્ઞાનસત્રમાં 'જૈનધર્મ અને ગાંધી વિચારધારા' વિષય પર ૧૯ વિદ્વાનોએ પોતાના શોધપત્રો રજૂ કર્યા હતા અને ઉપસર્ગ અને પરિષહ પ્રધાન જૈન કથાનકો વિષય પર ૧૬ વિદ્વાનોએ પોતાના શોધપત્રો પ્રસ્તુત કર્યા હતા.

## ૨૩મો જૈન સાહિત્ય સમારોહ (સોનગઢ - ૪ થી ૭ ફેબ્રુઆરી, ૨૦૧૬)

શ્રી રૂપ-માણેક ભંશાળી ચેરીટેબલ ટ્રસ્ટના સૌજન્યથી શ્રી મહાવીર જૈન વિદ્યાલય યોજિત ૨૩મો જૈન સાહિત્ય સમારોહ સોનગઢ (પાલિતાણા પાસે) મુકામે શ્રી મહાવીર જૈન ચારિત્ર કલ્યાણ રત્નાશ્રમ ખાતે ૪, ૫, ૬ અને ૭ ફેબ્રુઆરી - ૨૦૧૬ ચાર દિવસ માટે યોજાશે.

આ સમારોહમાં જૈન ધર્મના ચારેય ફિરકાના વિદ્વદ્‌જનો નીચેના વિષયો પર પોતાના શોધનિબંધો પ્રસ્તુત કરશે :

૧. જૈન આગમ સાહિત્ય વિશેનું સાહિત્ય
૨. જૈન તીર્થ સાહિત્ય
૩. બાર ભાવના અને ચાર પરા ભાવના
૪. જૈન સજ્ઝાય

શોધનિબંધ પ્રસ્તુત કરવા અને ઉપસ્થિત રહેવા માટે નિમંત્રણ પત્ર અને રજિસ્ટ્રેશન ફોર્મ મેળવવા શ્રી મહાવીર જૈન વિદ્યાલય - મુંબઈનો સર્વ જિજ્ઞાસુજનોને સંપર્ક સાધવા નમ્ર વિનંતી. ફોન : (૦૨૨) ૨૩૭૫૯૧૭૯-૨૩૭૫૯૩૯૯ ફેક્સ - ૨૩૭૨૯૨૪૨, ઈ-મેઈલ : hosmjv@rediffmail.com

## કોમફેડના પ્રમુખ એન કોટનને એનાયત થયેલો ઇન્સ્ટિટ્યૂટ ઑફ જૈનોલોજીનો અહિંસા એવોર્ડ

ઇન્સ્ટિટ્યૂટ ઑફ જૈનોલોજી દ્વારા લંડનના હાઉસ ઑફ કોમન્સમાં પ્રતિવર્ષ અહિંસા ક્ષેત્રે મહત્ત્વનું કાર્ય કરનાર વ્યક્તિને અહિંસા ઍવૉર્ડ એનાયત કરવામાં આવે છે. ૨૦૧૫નો અહિંસા ઍવૉર્ડ આફ્રિકામાં કન્યાશિક્ષણનું મહત્ત્વનું કાર્ય કરનાર 'કોમ્ફેડ' સંસ્થાના પ્રમુખ એન કૉટનને એનાયત કરવામાં આવ્યો. શ્રી સમણીજીના


નમસ્કાર મહામંત્ર બાદ ઇન્સ્ટિટ્યૂટ ઑફ જૈનોલોજીના ડાયરેક્ટર શ્રી જયસુખભાઈ મહેતાએ ઇન્સ્ટિટ્યૂટ ઑફ જૈનોલોજીના આ ૧૪મો ઍવૉર્ડ એન કૉટનને આપવાનું જાહેર કર્યું. જ્યારે ઇન્સ્ટિટ્યૂટ ઑફ જૈનોલોજીના ચૅરમેન શ્રી નેમુ ચંદરયાએ એમના સ્વાગત પ્રવચનમાં કહ્યું કે અહિંસાના ક્ષેત્રે કાર્ય કરતી વ્યક્તિઓને અપાતો આ ઍવૉર્ડ અગાઉ નેલ્સન મંડેલા, દલાઈ લામા, આચાર્ય મહાપ્રજ્ઞ, પ્રિન્સ ઑફ વેલ્સ વગેરેને આપવામાં આવ્યો છે. આજે આ પ્રતિષ્ઠિત ઍવૉર્ડ આફ્રિકાની કન્યાઓમાં કેળવણીનો પ્રસાર કરીને મહત્ત્વનું પ્રદાન કરનાર કોમ્ફેડ સંસ્થાના પ્રમુખ એન કૉટનને એમના કાર્ય બદલ આપવામાં આવે છે.

## રખિયાલ મુકામે 'જયપ્રભુ કુદરતી સારવાર કેન્દ્ર'નો શુભારંભ

દહેગામ તાલુકાના રખિયાલ ગામમાં શ્રીમદ્ રાજચંદ્ર પ્રાર્થનામંદિરના પરિસરમાં તા. ૨-૧૦-૨૦૧૫ના રોજ પૂજ્યશ્રી આત્માનંદજીના પરોક્ષ આશીર્વાદ સહ તથા સંતશ્રી નરસિંહદાદા (કાંકરોલ), ડૉ. અમૃતભાઈ પટેલ (ઊંઝાવાળા), પૂજ્ય નાનજીદાદા તથા ૪૦૦ જેટલા સત્સંગપ્રેમીઓની ઉપસ્થિતિમાં નવનિર્મિત ઉપરોક્ત કેન્દ્રનો શુભારંભ થયો. આ પ્રસંગે આપણી સંસ્થામાંથી ૧૩ જેટલા મુમુક્ષુ ભાઈ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે હિંસારહિત કુદરતી સારવાર તથા શિવામ્બુ સારવાર અંગે માહિતી આપવામાં આવી હતી.

## વૈરાગ્ય સમાચાર

### કૃપાળુદેવના પરમભક્ત , વૈરાગ્યવાન, પ્રજ્ઞાવંત આદ. શ્રી ઉત્તમકાકાનો દેહવિલય



(૧) **લીંબડી :** યથા નામ તથા ગુણ અનુસાર ઉત્તમ મુમુક્ષુ **આદ. શ્રી ઉત્તમકાકા**નું તા. ૧૩-૧૧-૨૦૧૫ના રોજ ધરમપુર આશ્રમ મુકામે ૯૨ વર્ષની વયે દેહાવસાન થયું છે.

પ્રારંભમાં લીંબડી મુકામે તેઓનો કાપડનો વ્યવસાય હતો. ગામમાં જૈન સમાજના અગ્રણી તરીકે તેઓની ખ્યાતિ હતી. અનેક સામાજિક, કેળવણી તથા ધાર્મિક સંસ્થાઓમાં ઉચ્ચપદે રહીને તેઓએ નિઃસ્વાર્થભાવે સેવાઓ કરી હતી. ૧૯ વર્ષની વયે પાલિતાણા જતા વચમાં સોનગઢ પધાર્યા ત્યાં પરમકૃપાળુદેવનું ખડગાસન સ્થિત ચિત્રપટ જોતાં મંત્રમુગ્ધ થઈ ગયા. પૂર્વના શુભ સંસ્કારો જાગૃત થયા અને પરમકૃપાળુદેવ પ્રત્યે અદમ્ય આકર્ષણભાવ જાગ્યો. સોનગઢમાં પૂજ્ય કાનજીસ્વામીના સત્સમાગમથી તેમની વૈરાગ્યભાવનાને વેગ મળ્યો. 'જીવનકળા' પુસ્તકના વાચનથી તેમના હૃદય પર અમીટ છાપ પડી.

વ્યવસાયને તિલાંજલિ આપીને તથા પ્રતિબંધોને ત્યાગીને તેઓ લગભગ ૨૪ વર્ષ વડવા આશ્રમમાં રહ્યા. ત્યાં વચનામૃતજીનો રાત-દિવસ અભ્યાસ, ચિંતન-મનન કર્યાં. બે વર્ષમાં તો વચનામૃતજી કંઠસ્થ કરી લીધું ! જુઓ દૃઢ નિશ્ચય અને ત્યાગ-વૈરાગ્યભાવથી કેવા કાર્યો સિદ્ધ થઈ શકે છે ! તેઓના રોમરોમમાં અને લોહીના કણકણમાં પરમકૃપાળુદેવ પ્રત્યેની ભક્તિ અને આશ્રયભાવ વણાઈ ગયા હતા. આત્મસાધનાની એવી લગની કે સવારે ચાર વાગ્યે ઉઠીને આરાધના કરતા. તેઓનું જીવન સમગ્ર મુમુક્ષુ સમાજને આત્મલક્ષે આરાધના કરવાની પ્રેરણા આપે છે.

તેઓશ્રી પરમકૃપાળુદેવની વિવિધ સંસ્થાઓમાં પર્યુષણ કરાવવા જતા અને પરમકૃપાળુદેવના વચનામૃતના

રહસ્યોને ખોલતા. શ્રી સમયસાર, શ્રી પ્રવચનસાર, શ્રી નિયમસાર જેવા અનેક સત્શાસ્ત્રોના ગહન અભ્યાસથી તેઓની પ્રજ્ઞા ખીલી હતી અને ત્યાગ-વૈરાગ્યની ભાવનાઓથી તેઓનું હૃદય ભીંજાયું હતું.

૫૧ વર્ષની વયે સંપૂર્ણ નિવૃત્તિ લઈને એકાંત સાધના અર્થે તેઓ તારંગા, ઈડર, જૂનાગઢ જેવા ક્ષેત્રોમાં જતા હતા. જીવન દરમિયાન તેઓશ્રીએ અનેક તીર્થયાત્રાઓ કરી હતી. અનેક સંતો, ધર્માત્માઓ, મુનિ તથા આચાર્ય ભગવંતો સાથેના સત્સમાગમ દ્વારા તેઓએ સત્સંગની ઉપાસના કરી હતી. તેઓનું મૌલિક ચિંતન તત્ત્વલક્ષી, આત્મકેન્દ્રિત અને વચનામૃતીય હતું. માયાળુ સ્વભાવને કારણે મુમુક્ષુઓમાં તેઓની ઘણી ચાહના હતી. 'કામ એક આત્માર્થનું, બીજો નહિ મનરોગ.' - કૃપાળુદેવના આ વાક્યને તેઓએ જીવનમાં ચરિતાર્થ કર્યું હતું. તેઓશ્રીનું જીવન સાદું, સરળ, વાત્સલ્યમય અને વૈરાગ્યથી રંજિત હતું.

વચનામૃતનો અભ્યાસ અને પરમકૃપાળુદેવનો આશય તેઓની ધર્મવાર્તામાં ઝળકતો હતો.

પૂજ્યશ્રી આત્માનંદજી સાથેનો તેઓનો પરિચય છેલ્લા ૩૫ વર્ષથી હતો. પૂજ્યશ્રી સાથે તેઓને સમાગમ કરાવવામાં નિમિત્ત લીંબડીના આદ. મુમુક્ષુ સ્વ. શ્રી વિનુભાઈ ડગલી હતા. તેઓના કુટુંબીજનો અવારનવાર સત્સંગ અર્થે કોબા પધારે છે. પૂજ્યશ્રી આત્માનંદજી તથા આદ. ઉત્તમદાદાના સ્વાધ્યાય અમદાવાદ, કોબા તથા વડવામાં યોજાતા ત્યારે ઉત્તમદાદાના આનંદી સ્વભાવનો સૌને પરિચય થતો. તેઓશ્રીના સ્વાધ્યાયની શૈલી સરળ, વૈરાગ્યપ્રધાન, તળપદી અને લક્ષ્યવેધી હતી. અનેક સત્શાસ્ત્રોના રહસ્યોને તેઓ દૃષ્ટાંતો દ્વારા જ્ઞાન સાથે ગમ્મતની શૈલીમાં સમજાવતા; જેમાં તેઓશ્રીના અનુભવની ઝલક હતી.

છેલ્લા થોડા વર્ષોથી તેઓ ધરમપુર આશ્રમમાં પૂજ્યશ્રી રાકેશભાઈના સાન્નિધ્યમાં રહીને સાધના કરતા હતા તથા સૌને સત્સંગનો લાભ આપતા હતા. તેઓ અવારનવાર કોબા પધારતા અને પૂજ્યશ્રી સાથે હૃદયના ભાવથી ધર્મની સૂક્ષ્મ વિચારણા કરતા તથા સૌને સ્વાધ્યાયનો લાભ આપતા હતા. છેલ્લા થોડા સમયથી તેઓને કોબા આવવાની ખૂબ ભાવના હતી, પણ સ્વાસ્થ્યની પ્રતિકૂળતાને કારણે આવી ન શક્યા. છેલ્લે નાદુરસ્ત તબિયત હોવા છતાં તેઓનો 'વીલપાવર' અને ધર્મભાવના ઉત્કૃષ્ટ હતા.

તેઓના સુપુત્રી સેવાનિષ્ઠ આદ. શ્રી જયશ્રીબેને આ કળિયુગમાં સત્યુગના શ્રવણની જેમ માતા-પિતાની સેવા કરી, માતા-પિતાને ધર્મની પ્રાપ્તિ થાય તે માટે તન-મનથી સર્વ રીતે સહયોગ આપ્યો. તેઓ આજે બાળબ્રહ્મચારી રહીને ધર્મમય જીવન જીવે છે. તેઓશ્રી તથા તેમના પૂજ્ય બા અનુકૂળતાએ સત્સંગ અર્થે કોબા પધારે તેવી કોબા પરિવાર વિનંતી કરે છે.

યોગી સભાગૃહ, દાદર(મુંબઈ)માં યોજાયેલી પ્રાર્થનાસભામાં રાજપરિવારના ટ્રસ્ટીઓ, પ્રતિનિધિઓ તથા મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

આદ. ઉત્તમદાદાનો ઉત્તમ આત્મા આવતા ભવોમાં વિશેષ ધર્મની આરાધના કરીને પરમપદને પ્રાપ્ત કરે તેવી સમસ્ત કોબા પરિવારની પ્રભુને હૃદયપૂર્વકની પ્રાર્થના છે.

(૨) **અમદાવાદ :** આપણી સંસ્થામાં અવારનવાર ધર્મની આરાધના અર્થે પધારતાં **શકુંતલાબેન મહેન્દ્રભાઈ શાહ**નું તા. ૮-૧૦-૨૦૧૫ના રોજ ૬૮ વર્ષની ઉંમરે દેહાવસાન થયું છે.

સદા પ્રસન્નચિત્ત રહેતાં સ્વ. શકુંતલાબેનના ખુમારી, ખમીર અને ખંત પ્રશંસનીય હતા. તેઓની જ્ઞાનપ્રાપ્તિની જિજ્ઞાસા અને સદ્વાચનપ્રેમ અદ્ભુત હતા. કોઈ પણ પરિસ્થિતિનો સહજભાવે સ્વીકાર કરવો, સહનશીલતા કેળવવી એ તેઓનો મુદ્રાલેખ હતો. તેઓ સરળ, નિખાલસ ભદ્ર પરિણામી, મિલનસાર



સ્વભાવના, કુટુંબપ્રેમી, પરોપકારી અને વાત્સલ્યની વીરડી સમાન હતા. સુપાત્રદાનની તેઓની ભાવના સરાહનીય હતી. તેઓ ખૂબ પ્રેમાળ, ઉદાર, સેવાભાવી અને કોઠાસુઝવાળા હતા. ચંદનની જેમ બીજાને માટે ઘસાઈ છૂટવાની તેઓની ભાવના પ્રશંસનીય હતી.ક્ષણભંગુર જીવનની અનિત્યતા સમજીને, અસાધ્ય દર્દમાં પણ શાંતિ-સમાધિ કેમ રાખવી તેનું ઉત્તમ ઉદાહરણ શકુંતલાબેને પૂરું પાડ્યું છે. ધર્મપ્રેમી, સરળ, આનંદી અને ઉત્સાહી એવા શકુંતલાબેને અધ્યાત્મનું જ્ઞાન પ્રાપ્ત કરીને સ્વરૂપમાં રમણતા કરવાની સાચી સમજ પ્રાપ્ત કરી યથાશક્તિ પુરુષાર્થ પણ કર્યો હતો. તેઓએ સંતો-સતીજીઓના સત્સંગનો અને તેઓની વૈયાવચ્ચ (સેવા) કરવાનો અપૂર્વ લાભ લીધો હતો. તેઓની અધ્યાત્મરુચિ અને સત્સંગ પ્રત્યેનો પ્રેમ સરાહનીય હતો. કેન્સર જેવી બીમારીમાં પણ તેઓ સમયને બરબાદ કર્યા વગર ધર્મઆરાધના કરતા રહેતા. તેઓ સ્વયં જાગૃત રહ્યા અને આપણને સૌને પ્રેરણા આપતા ગયા કે દેહ તો છૂટવાનો જ છે, પણ દેહ છૂટે તે પહેલાં દેહભાવ (દેહાધ્યાસ) છોડી દેજો. તેઓ જૈન પાઠશાળા ચલાવતા હતા.તેઓ પરમકૃપાળુદેવના ભક્ત હતા.છેલ્લા ૭ વર્ષથી તેઓએ પોતાનું જીવન વિશેષપણે અધ્યાત્મના માર્ગે ઢાળી દીધું હતું. પ્રમાદનો ત્યાગ કરીને તેઓ કોઈ ને કોઈ ધર્મપ્રવૃત્તિ કરતા રહેતા હતા.તેઓનો અતિથિપ્રેમ પણ પ્રશંસનીય હતો. અસહ્ય વેદનામાં પણ 'હું જ્ઞાયક છું' — આ રટણ તેઓનું ચાલુ રહેતું.

સ્વર્ગસ્થનો આત્મા આગામી ભવોમાં પોતાની અધૂરી સાધનાને પૂર્ણ કરી શાશ્વત સુખને પામે તેવી સમસ્ત કોબા પરિવારની પ્રભુને હૃદયપૂર્વકની પ્રાર્થના છે.

(૩) **અમદાવાદ :** આપણી સંસ્થાના સિનિયર મુમુક્ષુ આદ.શ્રી રસિકભાઈ કે. શાહના ધર્મપત્ની **મંજુલાબેન રસિકલાલ શાહ**નું તા. ૨૭-૧૦-૨૦૧૫ના રોજ દેહાવસાન થયું છે. પ્રભુ તેમના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી કોબા પરિવારની પ્રભુને હૃદયપૂર્વકની પ્રાર્થના છે.

**All subscribers of Divyadhwani are requested to send following information by email or SMS immediately for updating our records:**

1. Full Name. /
2. ID No. (if known)
3. City
4. Mobile No.
5. email id

email to: newsletter@shrimadkoba.org - or by SMS to +919833953337.

While sending the information, please mention subject as **"DD update"**.

**દિવ્યધ્વનિના સભ્યોને નમ્ર વિનંતી કે આપની નીચે પ્રમાણેની વિગત સંસ્થાના રેકોર્ડસ અપડેટ કરવાના હેતુથી ઈ-મેઈલ અથવા SMSથી તુરત મોકલશો.**

**૧. પૂરું નામ :**

**૨. આઈ.ડી. નં.: (જો જાણમાં હોય તો)**

**૩. શહેરનું નામ :**

**૪. મોબાઈલ નંબર :**

**૫. ઈ-મેઈલ :**

email to: **newsletter@shrimadkoba.org** - **અથવા** SMS to +**919833953337**.

**વિગત મોકલતી વખતે Subject તરીકે "DD update" એમ લખવું.**

## દીપાવલી પર્વ નિમિત્તે યોજાયેલ આરાધના શિબિરની વેળાએ



પૂજ્યશ્રી આત્માનંદજી



આદ. બા. બ્ર. શ્રી જિતેન્દ્રભૈયા



આદ. શ્રી સુધીરભાઈ મહેતા



સત્શાસ્ત્રોની સ્થાપના વેળાએ

'જીવનસંધ્યા' વૃદ્ધાશ્રમમાં આપણી સંસ્થા આયોજિત થાઈરોઈડ કેમ્પ (તા. ૧૧-૧૦-૨૦૧૫)



## સંસ્થામાં યોજાયેલ સંસ્કારલક્ષી યુવાશિબિરની તસવીરો (તા.૧૩ થી ૧૫ નવેમ્બર)



પૂજ્યશ્રી આત્માનંદજી



વાનપ્રસ્થ શ્રી દક્ષાબેન



બા. બ્ર. શ્રી સુરેશજી



રમતગમત વેળાએ



'કૌન બનેગા જ્ઞાનપતિ' ક્વીઝ



ઈનામ વિતરણ વેળાએ





ભૂજમાં નેચરોપેથી કેન્દ્રમાં ઉપસ્થિત કોબાના મુમુક્ષુઓ



ઇન્સ્ટિટ્યૂટ ઑફ જૈનોલોજીના ચેરમેન શ્રી નેમુ ચંદરયા કોમફેડના પ્રમુખ એન કોહનને 'અહિંસા એવોર્ડ' એનાયત કરે છે.

Registered under RNI No. : GUJGUJ/2008/25883
Permitted to post at Ahmedabad PSO on 15th of every month under Postal
Regd. No. : GAMC - 309/2015-2017 issued by SSP Ahmedabad valid upto 31-12-2017
Publication Date 15th of every month

## સંસ્થામાં યોજાયેલ ડિસેમ્બરની આધ્યાત્મિક શિબિરની તસવીરો


પૂજ્યશ્રી આત્માનંદજી


પૂ.બા.બ્ર.શ્રી ગોકુળભાઈ


પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ


આદ. શ્રી જય અશોકભાઈ શાહ


યુવાભક્તવૃંદ, કોબા




'ગુરુઉદ્યાન'ના ઉદ્‌ઘાટનની વેળાએ (તા. ૨-૧૨-૨૦૧૫)

### આ અંકના વિશિષ્ટ સહયોગી દાતા

'દિવ્યધ્વનિ' ડિસેમ્બર - ૨૦૧૫ના અંક માટે રૂા. ૧૫,૦૦૦/-નો આર્થિક સહયોગ

૧ સ્વ. માતુશ્રી જયશ્રીબેન અરુણભાઈ બગડિયાની દ્વિતીય પુણ્યતિથિ નિમિત્તે
હસ્તે : આરતી મેહુલ બગડિયા તથા સમગ્ર બગડિયા પરિવાર, ઘાટકોપર, મુંબઈ
તરફથી પ્રાપ્ત થયેલ છે. સંસ્થા તેઓશ્રીના આ 'જ્ઞાનદાન'ની અનુમોદના કરે છે.

'દિવ્યધ્વનિ' ડિસેમ્બર - ૨૦૧૫ના અંક માટે રૂા. ૧૫,૦૦૦/-નો આર્થિક સહયોગ

૨ સ્વ. રમેશચંદ્ર મોદીના સ્મરણાર્થે, હસ્તે સરલાબેન રમેશચંદ્ર મોદી
(૨, પ્રતીક બંગલો, એલ.ડી. એન્જિનીયરીંગ કોલેજ પાછળ, ગોકુલપાર્ક, અમદાવાદ)
તરફથી પ્રાપ્ત થયેલ છે. સંસ્થા તેઓશ્રીના આ 'જ્ઞાનદાન'ની અનુમોદના કરે છે.

Printed & Published by Smt. Dr. Sharmisthaben M. Soneji on Behalf of
Shrimad Rajchandra Adhyatmik Sadhana Kendra, Koba - 382 007.
Dist. Gandhinagar (Gujarat). Printed at Bhagwati Offset, 16/C, Bansidhar Estate,
Bardolpura, Ahmedabad - 380 004. Editor : Shri Mitesh A. Shah